

પેજ-08

સાઈ પલ્લવી મુશ્કેલીમાં ફસાઈ, ભારતીય સેના પરનું નિવેદન વાયરલ, વીડિયો...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

કોહલી તેના કરિયરનો સૌથી ખરાબ શોટ રમીને બોલ્ડ થયો



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 23.00 |
| વડોદરા | 36.00 | 23.00 |
| સુરત | 34.00 | 24.00 |

પેજ 5



32 ટકા વૃદ્ધિ સાથે સોનાના વૈશ્વિક ભાવમાં 2024માં 45 વર્ષ બાદ સૌથી...

27 OCTOBER-2024 SUNDAY

મોલ્દોવાનાં મહિલા રાષ્ટ્રપતિ માઈયાએ પુટિન સામે મોરચો ખોલ્યો



પેજ 10

.....સુવિચાર.....

ઘડિયાળના કાંટાની જેમ ભાગતું જીવન જીવશો, તો સાચી ખુશીનો અનુભવ ક્યારેય નહીં થાય!

વર્ષ-13 । અંક-342 । વિક્રમ સંવત-2079 । આસો વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### મથુરામાં સંઘે કહ્યું- હિંદુઓને તોડવાનું કામ થઈ રહ્યું છે, વક્ફ બોર્ડ-શ્રીકૃષ્ણ જન્મભૂમિની પણ કરી વાત

# બટેંગે તો કટેંગે... યોગીના નિવેદનને RSSનું સમર્થન

(એજન્સી) મથુરા । તા. 26

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, એટલે કે RSSએ સીએમ યોગીના નિવેદન 'બટેંગે તો કટેંગે'નું સમર્થન કર્યું છે. મથુરામાં સરકાર્યવાહ દત્તાત્રેય હોસાબલેએ શનિવારે પ્રેસ-કોન્ફરન્સમાં કહ્યું - જો હિંદુ સમાજ એક નથી રહેતો તો આજકાલની ભાષામાં બટેંગે તો કટેંગે થઈ શકે છે. તેમણે કહ્યું- જો આપણે સમાજમાં ઉચ્ચ અને પછાત, જાતિ અને ભાષા વચ્ચે તફાવત કરીશું તો આપણે નાશ પામીશું, તેથી એકતા જરૂરી છે. હિન્દુ સમાજની એકતા લોકકલ્યાણ માટે છે. તે દરેકને સુખ પ્રદાન કરશે. હિન્દુઓને તોડવાનું કામ થઈ રહ્યું છે, ચેતવું જરૂરી છે. શું સંઘ અને ભાજપ વચ્ચે ટક્કર ચાલી રહી છે? આના પર હોસાબલેએ કહ્યું- અમે એક જાહેર સંગઠન છીએ. અમારો કોઈની સાથે કોઈ વિવાદ નથી. અમે ભાજપ, કોંગ્રેસ, ઉદ્યોગપતિ દરેકને મળીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે સમાજમાં નફરત ન રહે. ઉત્તર પ્રદેશના મથુરામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વાર્ષિક બેઠક દરમિયાન આરએસએસના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલેએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના 'બટેંગે તો કટેંગે' વાળા નિવેદનનું સમર્થન કર્યું. તેમણે કહ્યું કે આપણે આને આચરણમાં લાવવું જોઈએ. આ હિંદુની એકતા અને લોક કલ્યાણ માટે જરૂરી છે.



## હિંદુ સમાજે પોતાનું રક્ષણ કરવું જોઈએ અને સંગઠિત રહેવું જોઈએ : હોસબલે

હોસાબલેએ કહ્યું- ઘણી જગ્યાએથી ધર્મ પરિવર્તનના મામલા આવી રહ્યા છે. દુર્ગા પૂજા અને ગણેશવિસર્જન દરમિયાન પણ હુમલાઓ થયા છે. હિન્દુ સમાજે પોતાની રક્ષા કરવી જોઈએ અને સંગઠિત રહેવું જોઈએ. કેરળના વાયનાડમાં ભૂસ્ખલન થયું. 1000 સ્વયંસેવક સેવા આપવા આવ્યા હતા. હિન્દુ-મુસ્લિમ દરેકને સમાન રીતે મદદ કરવામાં આવી હતી. જ્યારે મુસ્લિમ લોકો મૃત્યુ પામ્યા હતા ત્યારે સ્વયંસેવકોએ તેમની માન્યતા મુજબ તેમના અંતિમસંસ્કાર કર્યા હતા.

### મદદ માટે વિશ્વભરના હિંદુ ભારતની તરફ જુએ છે

દત્તાત્રેય હોસબોલેએ કહ્યું, 'ગયા વર્ષ કરતાં આ વખતે આરએસએસની બ્રાન્ચ વધી છે. સમગ્ર દેશમાં સંઘની 72354 બ્રાન્ચ ચાલી રહી છે. વર્તમાન સમયમાં એકતા જાળવી રાખવાની છે. ઘણા સ્થળે ધર્માંતરણ થઈ રહ્યું છે. ગણેશ પૂજા અને દુર્ગા પૂજાના સમયે હુમલા થયા. આ મામલે પોતાની રક્ષા પણ કરવી જોઈએ અને એકતા પણ જાળવી રાખવી જોઈએ જેનાથી શાંતિ જળવાઈ રહે. ઓટીટીને લઈને કાયદો અને નિયમ આવવા જોઈએ. બાંગ્લાદેશમાં હિંદુ સમાજના લોકો માટે ભારત સરકારે પગલા ઉઠાવ્યા છે.

### આપણે બહેન-દિકરીઓને બચાવવી પડશે

દત્તાત્રેય હોસબોલેએ કહ્યું, 'લવ જેહાદથી સમાજમાં સમસ્યા થઈ રહી છે. યુવતીઓને લવ જેહાદ પ્રત્યે જાગૃત કરો. આપણા સમાજની બહેન-દિકરીઓને બચાવવા આપણું કામ છે. કેરળમાં 200 યુવતીઓને લવ જેહાદથી બચાવવામાં આવ્યા છે.' બાંગ્લાદેશમાં હિંદુ સમાજના લોકો માટે ભારત સરકારે પગલા ઉઠાવ્યા છે. દુનિયામાં ક્યાંય પણ કોઈ પણ હિંદુને તકલીફ છે તો તે મદદ માટે ભારત તરફ જ જુએ છે.'

### મથુરામાં આયોજિત થઈ RSS ની બેઠક

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વાર્ષિક અખિલ ભારતીય કાર્યકારી મંડળની બેઠક આ વખતે મથુરા સ્થિત ગઉ ગ્રામ પરખમના દીનદયાળ ઉપાધ્યાય ગાય વિજ્ઞાન અને સંશોધન કેન્દ્રમાં આયોજિત થઈ. 25 અને 26 ઓક્ટોબરે બોલાવવામાં આવેલી આ બેઠકમાં સંઘના તમામ 46 પ્રાંતોના પ્રાંત અને સહ પ્રાંત સંઘચાલક, કાર્યવાહ તથા પ્રચારકોએ ભાગ લીધો. આ બેઠક ખૂબ જરૂરી છે. થોડા દિવસ પહેલા જ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને આરએસએસ પ્રમુખ મોહન ભાગવતની વચ્ચે ઉત્તર પ્રદેશના મથુરામાં લગભગ અઢી કલાક સુધી મહત્વની બેઠક થઈ હતી.

### PMએ પણ યોગીના નિવેદનનું સમર્થન કર્યું

સીએમ યોગીએ આ વર્ષે 27મી ઓગસ્ટના રોજ આગ્રામાં પહેલીવાર કહ્યું હતું - રાષ્ટ્રથી મોટું કંઈ નથી. રાષ્ટ્ર ત્યારે જ મજબૂત બનશે જ્યારે આપણે એક થઈશું. બાંગ્લાદેશને જુઓ છોને, એવી ભૂલો અહીં ન થવી જોઈએ... બટેંગે તો કટેંગે. સંગઠિત રહીશું તો ઉમદા રહીશું. સુરક્ષિત રહીશું અને સમૃદ્ધિના શિખરે પહોંચીશું. પછી પીએમ મોદીએ 5 ઓક્ટોબરે મહારાષ્ટ્રના થાણે અને વાશિમમાં વિવિધ યોજનાઓનો શિલાન્યાસ કર્યા બાદ આયોજિત જનસભામાં કહ્યું હતું - તેમની વોટ બેંક એક જ રહેશે, પરંતુ બાકીની સરળતાથી વહેંચાઈ જશે.

## ઈઝરાયલની એરસ્ટ્રાઈક વચ્ચે ઈરાનમાં ભારે ગોળીબાર થયો, 10 સૈનિકોના મોત નિપજ્યા

### પોલીસ પેટ્રોલિંગ ટીમ સાથે અથડામણ

(એજન્સી) તેહરાન । તા. 26

ઈઝરાયલે ઈરાન પર કરેલા હવાઈ હુમલા વચ્ચે વધુ એક હુમલાથી ઈરાનની મુશ્કેલીઓ વધી ગઈ છે. આ હુમલો ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતના તફ્તાન વિસ્તારમાં ફાયરિંગની એક ઘટના સામે આવી છે. અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ઈરાનની ફારાજા ફોર્સના 10 સૈનિકો માર્યા ગયા છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર, 'અજાણ્યા તત્વો' દ્વારા ફોર્સ પર હુમલો કરવામાં આવ્યો હતો. જો કે, સરકારી એજન્સીએ



હુમલા અંગે વધુ માહિતી આપી નથી. એક અહેવાલ અનુસાર, સશસ્ત્ર આતંકવાદીઓની પોલીસ પેટ્રોલિંગ ટીમ સાથે અથડામણ થઈ હતી. આ ઘટના બાદ ઈરાનના ગૃહ મંત્રીએ આ મામલાની તપાસ માટે એક ટીમની રચના કરી દીધી છે. જેથી તેના વિવિધ પાસાઓની ઉંડાણપૂર્વક તપાસ કરી શકાય. તફ્તાન શહેર નુક્કાબાદ શહેરની વચ્ચે આવેલું છે.

**હજુ સુધી કોઈપણ સંગઠને જવાબદારી સ્વીકારી નથી :** અત્યાર સુધીમાં અધિકારીઓએ હુમલાને લઈને કોઈપણ શંકાસ્પદ શખસની ધરપકડ કરી નથી. અને આ હુમલાની હજુ સુધી કોઈપણ સંગઠને જવાબદારી સ્વીકારી નથી. શનિવાર રાત્રે ઈઝરાયલે ઈરાનની સૈન્ય મથકો પર હુમલો કર્યો હતો. જેમાં અત્યાર સુધીમાં 2 લોકોના મૃત્યુ થયાની પુષ્ટી કરવામાં આવી છે.

**ઈરાનના સૌથી સંવેદનશીલ વિસ્તારમાં થયો હુમલો :** સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંત ઈરાનના સૌથી સંવેદનશીલ વિસ્તારોમાંનો એક છે. જ્યાં લાંબા સમયથી વંશીય અને રાજકીય હિંસા થઈ રહી છે. આ પ્રદેશમાં બલૂચ અલગતાવાદીઓ અને ધાર્મિક ઉગ્રવાદીઓના સંઘર્ષના અવારનવાર અહેવાલો સામે આવતા હોય છે. જે ઈરાની સરકાર માટે સમસ્યાઓ ઊભી કરે છે.

### તિરુપતિની બે હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

(એજન્સી) હૈદરાબાદ । તા. 26

આંધ્રપ્રદેશના તિરુપતિમાં શનિવારે સવારે 2 હોટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો મેલ મોકલવામાં આવ્યો હતો. ધમકી બાદ રાજ પાર્ક હોટેલ અને પાઈ વાઈસરોય હોટલને ખાલી કરાવવામાં આવી હતી. જો કે, તપાસ બાદ બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડને કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. તેમણે કહ્યું- ઈમેલ ખોટો હતો. અહેવાલ મુજબ ધમકીભર્યા મેલમાં લખવામાં આવ્યું હતું કે ચંદ્રબાબુ નાયડુની કારમાં પણ IED બોમ્બ લગાવવામાં આવ્યો છે. અફઝલ ગુરુ ફરી જીવતો થશે. આ સિવાય મેલમાં તમિલનાડુના DGP, ડેપ્યુટી CM ઉધયનિધિ સ્ટાલિનની પત્ની અને ISIનો ઉલ્લેખ છે. મેલમાં લખવામાં આવ્યું હતું- સલ્ફરથી બનેલો IED બોમ્બ હોટલની પાઈપલાઈનમાં મૂકવામાં આવ્યો છે

## પાકિસ્તાની આતંકીઓ ઘાટીમાં ભય ફેલાવવા માંગે છે : ભારતીય સેના

### હવે કાશ્મીરીઓને નિશાન બનાવી રહ્યા છે, બારામુલ્લામાં શ્રમિકો પર હુમલો તેનો પુરાવો




(એજન્સી) શ્રીનગર । તા. 26

આતંકી હુમલા બાદ બારામુલ્લામાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જવાનોએ આ વિસ્તારમાંથી પસાર થતા તમામ વાહનોની તપાસ કરી હતી. જમ્મુ-કાશ્મીરના બારામુલ્લામાં થયેલા આતંકી હુમલા અંગે સેના તરફથી પહેલીવાર નિવેદન સામે આવ્યું છે. શ્રીનગરમાં તહેનાત સેનાની ટુકડી ચિનાર કોર્પ્સે એક નિવેદન જાહેર કરીને કહ્યું - પાકિસ્તાની આતંકવાદીઓ ઘાટીમાં ભય પેદા કરવા માંગે છે. તેઓ હવે કાશ્મીરીઓને નિશાન બનાવી રહ્યા છે. બારામુલ્લામાં શ્રમિકો પર થયેલો હુમલો તેનો પુરાવો છે.

### સેનાએ કહ્યું- ઘાટીમાં આતંકનું રહસ્ય આતંકવાદીઓની વિચારધારા છે

લેફ્ટનન્ટ કર્નલ એમકે સિંહે કહ્યું- ભારતીય સેના રાઈફલમેન કૈસર અહેમદ શાહ અને રાઈફલમેન જીવન સિંહની બહાદુરીને સલામ કરીએ છીએ. ગોળી વાગવા છતાં બંનેએ આતંકીઓને ભાગવા મજબૂર કર્યા હતા. બંને શહીદ જવાનોની હિંમતને કારણે વધુ નુકસાન થયું ન હતું. બંને સૈનિકોએ કાશ્મીરમાં પાકિસ્તાનના આતંકવાદી એજન્ડા સામે ભારે હિંમત દાખવી હતી. આ હુમલામાં બોનિયારના ઝહૂર અહેમદ મીર અને ઉરીના મુશ્તાક અહેમદ ચૌધરીએ પણ દેશની સેવા કરતી વખતે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. કાશ્મીર સતત શાંતિ અને સ્થિરતા તરફ આગળ વધી રહ્યું છે, પરંતુ પાકિસ્તાની આતંકવાદીઓ ઘાટીમાં આતંક ફેલાવવા માટે જાણી જોઈને કાશ્મીરી સ્થાનિકોને નિશાન બનાવી રહ્યા છે. આતંકવાદીઓની એકમાત્ર વિચારધારા 'ઘાટીમાં આતંકનું શાસન' છે.

## નવી દિલ્હીમાં સ્કૂલની બહાર આતંકી પન્નુએ નારા લખાવ્યા

### પન્નુએ કહ્યું- મોદી હિન્દુ આતંકવાદી છે, પૂર્વ કેનેડિયન ડિપ્લોમેટ પર નિજ્જરની હત્યાના આરોપ લગાવ્યા




(એજન્સી) અમૃતસર । તા. 26

ખાલિસ્તાન સમર્થક સંગઠન શીખ ફોર જસ્ટિસે (SFJ) દિલ્હીની વ્હાઈટ લીફ પબ્લિક સ્કૂલ બહાર વડાપ્રધાન મોદી અને કેનેડાના પૂર્વ હાઈ કમિશનર સંજય વર્મા વિરુદ્ધ નારા લખ્યા છે. આતંકવાદી પન્નુએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે આ નારા મેં લખાવ્યા છે. વીડિયોમાં પન્નુએ પીએમ મોદી અને વર્માને હિન્દુ આતંકવાદી કહ્યા છે. આતંકવાદી પન્નુની આ પ્રતિક્રિયા એક ન્યૂઝ એજન્સીને આપેલા વર્માના ઈન્ટરવ્યુ પછી આવી છે. જેમાં વર્માએ કહ્યું હતું કે કેનેડાએ ભારત સાથે દગો કર્યો છે. કેનેડાના રાજકારણમાં ખાલિસ્તાની આતંકવાદીઓનો દબદબો છે. નિજ્જરની હત્યાના આરોપો પણ રાજકીય પ્રેરિત છે. પન્નુએ વીડિયોમાં વર્માને ચેતવણી પણ આપી છે. જેમાં એવું કહેવાય છે કે તેઓ ખાલિસ્તાન સમર્થકોની નજરમાં છે. વર્માએ કેનેડાની સાર્વભૌમત્વને પડકારી હતી અને વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સામે પ્રચાર કર્યો હતો.

**એર ઈન્ડિયામાં મુસાફરી ન કરવાની ચેતવણી પણ આપી છે :** થોડા દિવસો પહેલા પન્નુએ એર ઈન્ડિયાની ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. આતંકવાદી પન્નુએ વીડિયો જાહેર કર્યો હતો અને 1984ના શીખ રમખાણોનો બદલો લેવાની વાત કરી હતી. તેણે લોકોને એર ઈન્ડિયામાં મુસાફરી ન કરવાની સલાહ આપી હતી.

## મોદી સરકારના મંત્રી ગિરિરાજ સિંહ વિરુદ્ધ FIR દાખલ

(એજન્સી) નવીદિલ્હી । તા. 26

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)એ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપવાના આરોપમાં બિહારની કિશનગંજ કોર્ટમાં FIR દાખલ કરી છે. AIMIMના વકીલનું કહેવું છે કે, ગિરિરાજ સિંહે પોતાના કિશનગંજ પ્રવાસ દરમિયાન ઘણી જાહેર સભાઓમાં એવા નિવેદનો આપ્યા હતા, જેના કારણે સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાઈ શકે છે અને સ્થાનિક લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. ગિરિરાજ સિંહ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ 196, 197, 199 અને 302 હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે.આ સાથે જ વિડિયો પુરાવા પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. આ ફરિયાદ AIMIM નેતા ઈમ્તિયાઝ આલમ તરફથી દાખલ કરવામાં આવી છે. જેમાં ગિરિરાજ સિંહના નિવેદનોને દેશમાં શાંતિ અને સૌહાર્દને નુકસાનક પહોંચાડનારા ગણાવ્યા છે.



### AIMIMએ ગિરિરાજ સિંહ સામે મોરચો ખોલ્યો

ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ગિરિરાજ સિંહે ઈરાદા પૂર્વક આવા ભાષણો આપ્યા હતા જે હિંદુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે તણાવ વધારી શકે છે અને સૌહાર્દને નુકસાન પહોંચાડી શકે છે. વકીલે કહ્યું કે, ગિરિરાજ સિંહના નિવેદનથી અહીંની શાંતિ અને ભાઈચારાને અસર થઈ છે અને તેમણે એક સમુદાયને ભડકાવવાનો પ્રયાસ કર્યો છે.

### ગંભીર આરોપ લગાવ્યા

AIMIMના કાર્યકર્તા અને વકીલ શમ્સ આઝાદે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ વિરુદ્ધ દાખલ ફરિયાદમાં કહ્યું કે, ગિરિરાજ સિંહનું નિવેદન, જેમાં તેમણે મુસ્લિમો પર મંદિર તોડવાનો આરોપ લગાવ્યો હતો, તે એક ભડકાઉ અને રમખાણો ફેલાવનારું નિવેદન છે. શમ્સ આઝાદે દાવો કર્યો કે, આવા નિવેદનથી સમાજમાં ખોટો સંદેશ જશે અને સાંપ્રદાયિક તણાવ વધી શકે છે.

### જાણો સમગ્ર મામલો

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહની 'હિન્દુ સ્વાભિમાન યાત્રા' જે 18 ઓક્ટોબરે ભાગલપુરથી શરૂ થઈ હતી. કટિહાર, પૂર્ણિયા અને અરરિયા થઈને 22 ઓક્ટોબરના રોજ કિશનગંજ પહોંચી હતી. આ દરમિયાન તેમણે જાહેર સભાઓને સંબોધિત કરી અને બાંગ્લાદેશી ઘૂસણખોરી અને અન્ય મુદ્દાઓ પર નિવેદનો આપ્યા હતા.

## બંગાળમાં ચક્રવાત 'દાના'ના કારણે ચારના મોત નિપજ્યા

### ઓડિશામાં 1.75 લાખ એકરમાં પાકને નુકશાન બિહાર-ઝારખંડમાં વરસાદ, પારો ગગડ્યો



(એજન્સી) ભુવનેશ્વર । તા. 26

હવામાન વિભાગ બંગાળની ખાડીમાંથી ઉદભવેલું ચક્રવાત 'દાના' શનિવારની રાત સુધીમાં સંપૂર્ણપણે શાંત થઈ જશે. ચક્રવાત 'દાના'ના કારણે પશ્ચિમ બંગાળના પૂર્વ બર્ધમાન, દક્ષિણ 24 પરગના, કોલકાતા અને હાવડામાં 4 લોકોના મોત થયા છે. ચક્રવાતથી ઓડિશામાં કોઈનું મૃત્યુ થયું નથી, પરંતુ વરસાદ અને વાવાઝોડાને કારણે 1.75 લાખ હેક્ટર વિસ્તારમાં પાકને નુકશાન થયું છે. ઓડિશાના સીએમ મોહન ચરણ માંઝીએ કહ્યું કે વાવાઝોડા પહેલા 8 લાખ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા.

## ફ્લાઈટ્સમાં બોમ્બની ખોટી ધમકીઓને લઈને કેન્દ્ર સરકારે જાહેર કરી એડવાઈઝરી

(એજન્સી) નવીદિલ્હી । તા. 26

ફ્લાઈટ્સને સતત મળી રહેલી બોમ્બની ધમકીને લઈને આઈટી મંત્રાલયે એડવાઈઝરી જાહેર કરી છે. એવી માહિતી હટાવવા અને સુરક્ષા એજન્સીઓને તેમની માહિતી આપવાની જવાબદારી સોશિયલ મીડિયા પ્લેટફૉર્મની હશે. કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ એક્સ, મેટા અને અન્ય પ્લેટફૉર્મ પાસે આને લઈને મદદ માગી છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફૉર્મેશન ટેક્નોલૉજી મંત્રાલયે ઈન્ફૉર્મેશન ટેક્નોલૉજી અધિનિયમ, 2000 અને ઈન્ફૉર્મેશન ટેક્નોલૉજી (મધ્યસ્થ દિશાનિર્દેશ અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમ, 2021 હેઠળ મધ્યસ્થો દ્વારા યોગ્ય પરિશ્રમના પાલન હેઠળ દિશાનિર્દેશ અપાયા છે. આઈટી મંત્રાલયે કહ્યું છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં સોશિયલ મીડિયા મધ્યસ્થો સહિત અલગ અલગ માધ્યમોથી ભારતમાં સંચાલિત અલગ અલગ એરલાઈન્સને ખોટી બોમ્બની ધમકીઓ મળી રહી છે. એરલાઈન્સ, મુસાફરો અને સુરક્ષા એજન્સીઓને આ પ્રકારની ખોટી બોમ્બની ધમકીઓના કારણે મુશ્કેલી વેઠવી પડી રહી છે. તેનાથી એરલાઈન્સનું સામાન્ય સંચાલન ખોરવાય છે.



### તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવી જોઈએ

આઈટી મંત્રાલયે કહ્યું કે, આ સંબંધિત એ ધ્યાન આપવું જોઈએ કે સોશિયલ મીડિયા મધ્યસ્થો સહિત મધ્યસ્થોને ઈન્ફૉર્મેશન ટેક્નોલૉજી અધિનિયમ, 2000 અને ઈન્ફૉર્મેશન ટેક્નોલૉજી નિયમ, 2021 હેઠળ યોગ્ય પરિશ્રમનું દાયિત્વ છે કે તેઓ એવી ખોટી માહિતીઓને તાત્કાલિક હટાવી દે જે જાહેર વ્યવસ્થા અને રાજ્યની સુરક્ષાને અસર કરે છે.

### આઈટી અધિનિયમની કલમ 79નો કર્યો ઉલ્લેખ

આ પ્રકારે યોગ્ય પરિશ્રમ જવાબદારીઓના ભાગરૂપે સોશિયલ મીડિયા મધ્યસ્થો સહિત સંબંધિત મધ્યસ્થોની આ જવાબદારી છે કે તેઓ કોઈ પણ યૂઝર્સને કોઈ પણ ગેરકાયદે અથવા ખોટી માહિતીને હોસ્ટ, પ્રદર્શિત, અપલોડ, સંશોધિત, પ્રકાશિત, પ્રસારિત, સંગ્રહિત, અપડેટ કે શેર કરવાની મંજૂરી ન આપીને આઈટી નિયમ, 2021 હેઠળ તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરે.

# સોમનાથ મંદિરમાં 3D લાઈટ એન્ડ સાઉન્ડ શો

## સોમનાથના પ્રાગટ્યથી શ્રીકૃષ્ણની અંતિમ લીલાઓ સુધીના ગૌરવશાળી ઈતિહાસનું રોચક પ્રસ્તુતિકરણ





(એજન્સી) ગીર સોમનાથ | તા. 26

શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવતા યાત્રિકો માટે 3D લાઈટ એન્ડ સાઉન્ડ શોનો ચોમાસા બાદ આજે શુક્રવાર 25 ઓકટોબરથી પુન: પ્રારંભ થયો છે. પ્રથમ જ દિવસે શોને સમગ્ર રીતે હાઉસફુલ પ્રતિસાદ મળ્યો છે. આ શો પ્રથમ દિવસે જ વૃદ્ધો, યુવાનો અને બાળકોમાં ઉત્સાહ અને ભાવવિભોર પળો નિર્માણ કરવામાં સમર્થ રહ્યો છે.

સોમનાથનો 3D લાઈટ એન્ડ સાઉન્ડ શો યાત્રિકોને શ્રીસોમનાથ તીર્થના ઈતિહાસથી માહિતગાર કરે છે, જે ચંદ્રદેવના તપથી ભગવાન સોમનાથના પ્રાગટ્યથી માંડીને શ્રીકૃષ્ણની અંતિમ લીલાઓ સુધીના પ્રભાસ તીર્થના ગૌરવશાળી કથાનું રોચક પ્રસ્તુતિકરણ છે. આધુનિક ટેકનોલોજીથી સુરચિત આ શો યાત્રિકોને આનંદ અને ધર્મનિષ્ઠાનો અનોખો અનુભવ કરાવે છે.

ચોમાસાના વિરામ બાદ શરૂ કરાયેલા આ શો માટે યાત્રિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શોનો સમય સાંજ આરતી પછી 7:45 અથવા 8:00 વાગ્યાનો હોય છે. શનિવાર, રવિવાર તથા તહેવારોના દિવસોમાં યાત્રિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને બે શો યોજવામાં આવશે. એક ભક્તે ભીના હૈયે અશ્રુ સાથે કહ્યું કે, દર્શન અદભૂત થયા ભગવાન હાજરા હાજૂર હોય તેવો અનુભવ થયો. અમારી ભગવાનને એક જ પ્રાર્થના છે કે બધાની રક્ષા કરો. ખૂબ સુંદર સ્ટેપ બાય સ્ટેપ બધો ઈતિહાસ જણાવવામાં આવ્યો છે. ભગવાન શંકરનું નૃત્ય ખૂબ અદભૂત રીતે રજૂ કરાયું હતું.

વડોદરાથી આવેલા શ્રદ્ધાળુ મહિલાએ જણાવ્યું હતું કે,ચોમાસા પછી આ પહેલો શો હતો. હું મારા માતા-પિતા સાથે આવી છું. ખૂબ સુંદર શો હતો મને અને મારા પરિવારને બહુ જ મજા આવી. આ ઉપરાંત એક શ્રદ્ધાળુ બાએ કહ્યું ખૂબ સુંદર પોગ્રામ હતો. આવો કાર્યક્રમ જીંદગીભર જોયો નથી. હવે જોવા મળશે કે નઈ ખબર નથી. અમારું નસીબ ઉઘડી ગયું કે અમને આટલો સુંદર શો જોવા મળ્યો.

## ન્યૂઝ કોર્નર

### કાર્યવાહી:ધ્રાંગધ્રાનાં નિમકનગરમાં જુગાર રમતા 3 શખસ ઝડપાયા

ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા તાલુકા પોલીસે નિમકનગર ગામે ઝૂડીમાં આવેલી ખુલી જગ્યામાં જુગારની રેડ કરી હતી. જેમાં ગંજીપત્તા વડે હાર જીતનો જુગાર રમતા ત્રણ શખસો રોકડ રકમ 10,800 ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. ધ્રાંગધ્રા નાયબ પોલીસ અધિક્ષક જે.ડી.પુરોહિત અને તાલુકા પીઆઈ ડી.ડી.ચાવડા ,દ્વારા તાલુકા પંથકમાં જુગાર ઉપર અંકુશ રાખવા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ધ્રાંગધ્રા તાલુકા પોલીસના કોન્સ્ટેબલ નરેશભાઈ ભોજીયાને નિમકનગર ગામે ઝૂડીમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. આ જુગાર વાળી જગ્યાએ હેડ કોન્સ્ટેબલ, મનોજભાઈ , વિક્રમભાઈ રબારી, વિભાભાઈ , નરેશભાઈ ભોજિયા સહિત ટીમ સાથે રેડ કરી હતી.

### ડીઈઓના હેડક્વાર્ટર ન છોડવા પરિપત્ર સામે શિક્ષકોનો રોષ

વઢવાણ | સુરેન્દ્રનગર જિલ્લામાં હજારો શિક્ષકની દિવાળી બગડે તેવા ઘાટ સર્જાયો છે. આ મામલે મહાસંઘ શિક્ષક હિત માટે મેદાનમાં આવ્યો છે. આ અંગે આવેદનપત્ર પાઠવ્યું છે સુરેન્દ્રનગર જિલ્લામાં હાલ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં પરીક્ષાની પુર્ણાહુતી બાદ 21 દિવસના દિવાળી વેકેશન પડવાની રાહ જોવાઇ રહી છે. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી સુરેન્દ્રનગર દ્વારા પરિપત્ર જાહેર કરાયો છે.જેમાં જિલ્લની સરકારી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તથા પ્રાથમિક શાળાઓને જણાવવામાં આવ્યુ છે. તા.23-10-24ના રોજ યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં મળેલ સુચના અન્વયે દર્શીત સુચના અન્વયે તમામ વિદ્યાર્થીઓની ઈ-કેવાયસીની અગત્યની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી શાળાઓના તમામ સ્ટાફે દિવાળી વેકેશન દરમ્યાન હેડકવાટર ન છોડવા આદેશ કરવામાં આવ્યો છે.

# મોઢેરામાં પરિક્ષા આપીને ઘરે જઈ રહેલી વિદ્યાર્થિનીઓનો પીછો કરી છેડતી કરી

(એજન્સી) મહેસાણા || તા. 26

બહુચરાજી તાલુકાના મોઢેરા ગામે પરિક્ષા આપીને ઘરે જઈ રહેલી વિદ્યાર્થિનીઓનો બે બાઈક સવારે પીછો કરી બિભત્સ વર્તન અને છેડતી કરી હતી. જે બાદ ઠપકો આપવા જતાં ત્રણ લુખ્ખા તત્ત્વોએ ઠપકો આપનાર અને વચ્ચે છોડાવવા પડેલી બે મહિલાઓને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે મામલે ત્રણ અજાણ્યા શખ્સો સામે મોઢેરા પોલીસ સ્ટેશનમાં પોક્સો એકટ હેઠળ ગુનો નોધાયો છે.



મોઢેરાની શાળામાં અભ્યાસ કરતી ત્રણ દિકરીઓ ગુરૂવારે બપોરે બે વાગે પરિક્ષા આપીને ઘરે જવા નીકળી હતી. ત્યારે રસ્તામાં બાઈક સવાર બે યુવકોએ તેણીનો પીછો કર્યો હતો. રસ્તામાં એકાંત મળતાં આ બે શખ્સોએ આ દિકરીઓ સાથે બિભત્સ વર્તન કરી અશ્લીલ ચેનચાળા કરી છેડતી કરી હતી. આથી ગભરાઈ ગયેલ આ છાત્રાઓએ ઝડપથી ચાલવાનું શરૂ કર્યું હતું. તેમ છતાં આ શખ્સોએ તેમનો પીછો કરવાનું ચાલુ રાખ્યું હતું. સૂર્યમંદીર ત્રણ રસ્તા આવતાં આ છાત્રાઓએ બૂમાબૂમ કરતાં આજુબાજુથી લોકો ભેગા થઈ ગયા હતાં. જેમાં એક છાત્રાના દાદાએ આ બાબતે પૂછપરછ કરતાં આ બે શખ્સો છેક બજારમાંથી પીછો કરતાં આવ્યાં હોવાનું કહેતાં તેમણે આ બે શખ્સોને ઠપકો આપતાં બન્ને એકદમ ઉશ્કેરાઈ ગયા હતાં અને તેમની સામે મારામારી પર ઉતરી આવ્યાં હતાં. આ દરમિયાન અન્ય બે મહિલાઓ દોડી આવી તેમને છોડાવવા વચ્ચે પડતાં તેમની સાથે પણ મારામારી કરી હતી. આ દરમિયાન આ બે શખ્સોનું ઉપરાણુ લઈને છરી લઈને આવેલાં શખ્સે પણ આ ત્રણેય જણા પર હુમલો કર્યો હતો. અમારી સામે આવશો તો તમને બધાને જાનથી મારી નાખીશું.તેવી ધમકી આપી ભાગી ગયા હતાં. આ ઘટના અંગે વિદ્યાર્થિનીના પિતાએ મોઢેરા પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા શખ્સો સામે પોક્સો અને મારામારી અંગે ફરિયાદ નોધાવી છે.

સૂર્યમંદિર ત્રણ રસ્તા પાસે બનેલી આ ઘટનાનો વીડીયો પણ વાઈરલ થયો છે. જેમાં છાત્રાઓની છેડતી કરનાર લુખ્ખા તત્વો છાત્રોની મદદે આવેલી મહિલાઓ સાથે ઝપાઝપી અને મારામારી કરતો હોવાનું તેમજ છાત્રાઓનો બાઈક પર પીછો કરતો હોવાનું જણાય છે.

# સાપુતારાથી મલેગામ માર્ગમાં અકસ્માત

## બાઈકચાલકને બજાવવા જતાં રાજકોટની મશીનરી ભરેલી ટ્રક પલટી; મોટી જાનહાનિ ટળી, ટ્રકમાં ભરેલા સમાનને જંગી નુકસાન





ડાંગ (આહવા) | ડાંગ જિલ્લાના સાપુતારાથી મલેગામને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અકસ્માત સર્જાયો. મહારાષ્ટ્રના મશરૂળથી અમદાવાદ મશીનરનો સમાન ભરી જઈ રહેલો રાજકોટ પાર્સિંગનો ટ્રક GJ-03-BV-6677 પલટી જવા પામ્યો હતો. અચાનક એક સાઈડથી બાઈક અને બીજી સાઈડથી અન્ય એક ટ્રક આવતા બાઈકચાલકને બચાવા જાતા મલેગામના ઉપરના વળાંકમાં ટ્રકચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા માર્ગના સાઈડની દીવાલ સાથે અથડાઈ ટ્રક પલટી મારી ગઈ હતી.

અહીં મોટી ખીણ હોવાથી ટ્રક ખીણમાં ખાબક્તા બચી ગઈ હતી જેથી મોટી દુર્ઘટના ટળી હતી.

બનાવમાં ટ્રકમાં ભરેલા સમાનને મોટા પ્રમાણમાં જંગી નુકસાન થવા પામ્યું છે. જ્યારે ટ્રકચાલક અને ક્લીનરને નાની ઈજાઓ થઈ હતી. સ્થાનિકોએ તાત્કાલિક 108ને જાણ કરતા 108 બનાવના જગ્યાએ પહોંચી ટ્રકચાલક અને કંટક્ટરને સારવાર માટે નજીકના CHC શામગહાન પહોંચાડ્યા હતા. જ્યારે સાપુતારા પોલીસે ઘટનાસ્થળે પહોંચી અક્સ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ગઢડામાં કોપરની ચોરી કરતી ગેંગ સક્રિય થઈ...

બોટાદ | ગઢડા શહેરમાંથી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં એક દિવસમાં બે જગ્યાએથી PGVCLના ટ્રાન્સફોર્મરમાંથી કોપરની અજાણ્યા શખ્સોએ ચોરી કર્યાની ગઢડા પોલીસમાં અરજી.

ગઢડા તાલુકાના અડતાળા ગામ નજીક સીમ વિસ્તારમાં આવેલી PGVCLના ટ્રાન્સફોર્મરમાંથી કોપરની ચોરી થઈ હતી. તેમજ ગઢડા શહેરનાં શીરવાણીયા પ્લોટ વિસ્તારમાં આવેલા ટ્રાન્સફોર્મરમાંથી કોપરની ચોરી કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરીને ફરાર થયા હતા. આમ ગઢડામાં એક દિવસે અલગ અલગ બે જગ્યાએ PGVCLના ટ્રાન્સફોર્મરમાંથી કોપરની ચોરી થઈ હતી. જેથી ગઢડા PGVCLના નાયબ ઈજનેર એન એમ પંડ્યાએ ગઢડા પોલીસમાં અરજી આપતા ગઢડા પોલીસે તપાસ હાથ ધરી.



# ફરિયાદ કરવા ગયેલા યુવકનું પોલીસમથકમાં હાર્ટએટેકથી મોત

(એજન્સી) રાજકોટ | તા. 26

શહેરના બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયેલા યુવકનું પોલીસ સ્ટેશનમાં હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. યુવકને કોઈ અજાણ્યા શખ્સે ફડાકો ઝીંકતા તે શખ્સ સામે ફરિયાદ કરવા ગયો હતો પરંતુ યુવકનું હાર્ટફેઈલ થઈ ગયું હતું.શહેરના ઉપલાકાંઠા વિસ્તારની ન્યૂ જલારામ સોસાયટીમાં રહેતા અલ્પેશભાઈ અરજણભાઈ દામાણી (ઉ.વ.36) ગુરૂવારે રાત્રે પોતાના પિતરાઈ અમિતભાઈ સાથે બી.ડિવિઝન પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને એક શખ્સ સામે ફરિયાદ કરવા વાતચીત કરી રહ્યા હતા ત્યારે અચાનક જ તેમને ગભરામણ થવા લાગી હતી અને બેભાન થઈ જતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. ઘટના અંગે અમિતભાઈએ જણાવ્યું હતું કે, અલ્પેશભાઈ ઘરે જ ઈમિટેશનનું કામ કરતા હતા, અલ્પેશભાઈ તેમના પાલતુ ડોગી અને છ વર્ષની પુત્રીને આંટો મરાવવા ઘર નજીક નીકળ્યા હતા ત્યારે તેમના ઘર પાસે એક શખ્સ બેઠો હતો, અલ્પેશભાઈ તેની પાસેથી પસાર થતાં અહિથી શું નીકળ્યો, ભાગી જા તેમ કહેતા અલ્પેશભાઈએ મારું તો ઘર અહિ છે.

# પ્રવાસીઓની માંગણીને ધ્યાને લઈને SoUADTGA દ્વારા વ્યાપક હિતમાં નિર્ણય; સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના તમામ પ્રકલ્પો ખુલ્લા રહેશે...

(એજન્સી) નર્મદા | તા. 26

વિશ્વભરના પ્રવાસીઓ માટે આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસ માટે પ્રથમ પસંદગીનું સ્થળ બન્યુ છે, SoUADTGAના ચેરમેન મુકેશ પુરી અને મુખ્ય કારોબારી અધિકારી ઉદિત અગ્રવાલ દ્વારા જે-તે સોમવારે તહેવાર હોય તે દિવસે પ્રવાસીઓની માંગણીને ધ્યાને લઈને સોમવારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પ્રકલ્પો પ્રવાસીઓ માટે ખુલ્લા રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તે મુજબ 28 ઓક્ટોમ્બરના રોજ વાઘબારસ પર્વ નિમિત્તે સોમવારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પ્રકલ્પો પ્રવાસીઓ માટે ખુલ્લા રહેશે.

સામાન્ય રીતે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય પ્રવાસીય પ્રકલ્પો પ્રતિ સોમવારે સાપ્તાહિક મરામત કાર્ય માટે બંધ રાખવામાં આવે છે. સોમવારે ઉજવવામાં આવતા તહેવારો નિમિત્તે પ્રવાસીઓ માટે તમામ પ્રક્લ્પો ખુલ્લા રાખવાના નિર્ણયને આ અગાઉ ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો, અને SoUADTGAના આ નિર્ણયને કારણે પ્રવાસીઓને શનિવાર, રવિવાર, સોમવારના મીની વેકેશનનો લાભ મળે છે.

પ્રવાસીઓની લાગણી અને માંગણીને ધ્યાને લઈને વાઘ બારસ પર્વે તમામ પ્રકલ્પો ખુલ્લા રાખવા વ્યાપક હિતમાં નિર્ણય લેવાયો છે. જેથી પ્રવાસીઓને મીની વેકેશનનો લાભ મળી શકે. બુધવારે રજા રાખવામાં આવી હોવાથી પ્રવાસીઓને પોતાના પ્રવાસનું આયોજન ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.



બ્રેકિંગ ન્યૂઝ

## ઠંડીનો પ્રારંભ:માવઠાની વિદાય, વાતાવરણ ચોખ્ખું થતા ઠંડીનો રાઉન્ડ શરૂ

જૂનાગઢ | ચોમાસાની સત્તાવાર વિદાય વચ્ચે આસો મહિનાના પ્રારંભે શિયાળાની ઋતુ શરૂ થવી જોઈએ તેના બદલે માવઠું થતા ખેડૂતો સહિતના લોકો હેરાન પરેશાન થવાની સાથે મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. સાથે સાથે ખેતીનો મગફળી સોયાબીન સહિતનો તૈયાર પાક મહદ અંશે નાશ પામતા ધરતીપુત્રોના મોએ આવેલ કોળિયો ઝૂંટવાઈ જવા પામ્યો છે. છેલ્લા બે દિવસ વાદળીયું વાતાવરણ રહ્યા બાદ ગુરૂવારથી વાતાવરણ ચોખ્ખું રહ્યું હતું. તેની અસર ઋતુ પર થઈ છે. બુધવારે રાત્રિનું તાપમાન 27.4 ડિગ્રી રહ્યા બાદ ગુરુવારની રાત્રીના તાપમાનમાં 2.6 ડિગ્રીનો ધરખમ ઘટાડો થયો હતો.

## ખાંભાનાં વાવડી નજીક યુવકને રસ્તામાં આંતરી લૂંટનો પ્રયાસ

અમરેલી |ખાંભા તાલુકાના પાટીમા રહેતો એક યુવક બાઈક પર રાત્રીના સમયે ભેરાઈથી પાટી જઈ રહ્યો હતો ત્યારે વાવડીથી એક કિમી દુર રસ્તામા ત્રણ શખ્સોએ આંતરી લુંટનો પ્રયાસ કરતા તેણે આ બારામા રાજુલા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. દદુભાઈ બાઘાભાઈ વાઘ (ઉ.વ.43) નામના યુવકે રાજુલા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે અરવિંદભાઈ બાલાભાઈ સાવલીયાની વાડીએ ખેત મજુરી કામ કરતા અમરસીંગ નાનસીંગ ભાભર, રાકેશ ન્યાલસીંગ ભુરીયા અને રેવલસીંગ ભાવસીંગ બીલવાલ નામના શખ્સોએ તેમને રસ્તામા આંતર્યો હતો.

# પેટલાદમાં બનાવટી સર્ટીઓ બનાવી યુવકોને વિદેશ મોકલવાના કૌભાંડમાં એક ઝડપાયો

(એજન્સી) આણંદ | તા. 26

પેટલાદમાં વી હેલ્પ કન્સલ્ટન્સી એન્ડ માઈગ્રેશન સર્વિસ નામની ઓવરસીઝની ઓફિસમાં ચાલતાં બનાવટી માર્કશીટો તથા સર્ટીઓ બનાવી વિદેશ મોકલવાના કૌભાંડમાં વધુ એક આરોપી ઝડપાયો છે. આણંદ એસ.ઓ.જી પોલીસે આ આરોપી પાસેથી રબર સ્ટેમ્પ બનાવવાના 2 મશીન તેમજ રબર સ્ટેમ્પ બનાવવા માટેની રબરની 1 શીટ મળી કુલ રૂપિયા 10 હજારનો મુદ્દામાલ જપ્ત કરી, આગળની તપાસ હાથ ધરી છે.

આણંદ એસ.ઓ.જી પોલીસની ટીમે અઠવાડિયા અગાઉ પેટલાદ શહેરમાં સરદાર પટેલ સુપર માર્કેટમાં પહેલા માળે આવેલ વી હેલ્પ કન્સલ્ટન્સી એન્ડ માઈગ્રેશન સર્વિસ નામની ઓવરસીઝની ઓફિસમાંથી અલગ અલગ સરકારી શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓની 199 બનાવટી માર્કશીટ અને સર્ટીઓ ઉપરાંત 18 રબર સ્ટેમ્પ, ડોક્ટરના લેટર પેડ, સહી સિક્કા વાળા સર્ટી, ત્રણ મોબાઈલ ફોન, કોમ્પ્યુટર તેમજ કલર પ્રિન્ટર મળી રૂપિયા 66 હજારના મુદ્દામાલ સાથે કિરણ ગાડાભાઈ પટેલ (રહે. શેખડી, નવાપુરા ડેરીની સામે, તા.પેટલાદ) ને ઝડપ્યો હતો. તેની સઘન પુછપરછ કરી આગળની તપાસ હાથ ધરી હતી. જેમાં મનુભાઈ ઉર્ફે લાલો ઉર્ફે મુકેશભાઈ સોમાભાઈ કાછીયા (રહે.રૂવાની શેરી, વડકુવા, પેટલાદ, જી. આણંદ) આ કિરણ પટેલને રબર સ્ટેમ્પ બનાવી આપતો હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે ગતરોજ આ મનુભાઈ ઉર્ફે લાલો ઉર્ફે મુકેશભાઈ સોમાભાઈ કાછીયાની અટકાયત કરી, તેની પાસેથી અલગ અલગ સંસ્થા તેમજ યુનીવર્સીટીઓના રબર સ્ટેમ્પ બનાવવા માટે ઉપયોગમા લીધેલ રબર સ્ટેમ્પ બનાવવાના 2 મશીન તેમજ રબર સ્ટેમ્પ બનાવવા માટેની રબરની 1 શીટ મળી કુલ રૂપિયા 10,000 નો મુદ્દામાલ કબ્જે કરી, આગળની તપાસ હાથ ધરી છે.

# ટ્રાફિકની સમસ્યાના કોલ:ફતેગંજ સહિત 10 સ્થળો પર કાયમી ચક્કાજામ, 'અમે ટ્રાફિકમાં ફસાયા છીએ' તેવા રોજના 12 કોલ

(એજન્સી) વડોદરા | તા. 26

રાજ્ય પોલીસે ટ્રાફિકની સમસ્યા નિવારવા હેલ્પલાઈન શરૂ કરી છે. 10 સપ્ટેમ્બરથી 22 ઓક્ટોબર સુધી હેલ્પલાઈન પર રાજ્યમાંથી 1176 કોલ મળ્યા છે. જેમાં ફક્ત વડોદરામાંથી જ મહિને 360થી વધુ ટ્રાફિકની સમસ્યાના કોલ કરાયા છે. શહેરમાં ફતેગંજ સહિત 10 વિસ્તારમાં કાયમી ટ્રાફિકની સમસ્યા રહે છે. જ્યારે 'અમે ટ્રાફિકમાં ફસાયા છીએ' તેવા રોજના 12 કલાકો સ્ટેટ હેલ્પ લાઈનમાં કરાય છે.

ટ્રાફિક પોલીસે શહેરમાં વિવિધ સ્થળે બોર્ડ લગાવ્યાં છે. જેમાં ટ્રાફિકથી હેરાન થઈ રહ્યા હો તો સ્ટેટ ટ્રાફિક બ્રાંચને જાણ કરી સમાધાન મેળવવું તેવો ઉલ્લેખ કરાયો છે. ટ્રાફિક ડીસીપી જ્યોતિ પટેલે કહ્યું કે, 'રોજના સ્ટેટ ટ્રાફિક બ્રાંચથી 12થી 15 લોકોના ટ્રાફિકની સમસ્યાના કોલ મળે છે.' જે મુજબ મહિને 360થી વધુ ટ્રાફિકની સમસ્યાના કોલ ફક્ત વડોદરાના જ મળ્યા છે.

રાજ્યના ક્યાંય પણ અકસ્માતની ઘટના હોય, ટ્રાફિક જામ અને



ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી લોકો ફોન કોલથી હેલ્પલાઈનમાં આપી શકશે. જે માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારની પોલીસને પહોંચાડી સમસ્યાનું નિવારણ લવાશે. વડોદરામાં ટ્રાફિકમાં ફસાયા હોય, સ્પીડ બ્રેકર લગાવવા, ઢોરના ત્રાસ સહિતની ફરિયાદ સ્ટેટ ટ્રાફિકને કરાઈ રહી છે.

ત્યારબાદ પોલીસ સ્થળ પર પહોંચી ટ્રાફિક સમસ્યા દૂર કરે છે. આ સિવાય વડોદરા પાસે દુમાડ ચોકડી, કપુરાઈ, ગોલ્ડન ચોકડી પાસે હાઈવે પર ટ્રાફિક રહે છે. જોકે હવે આ હાઈવે પર ટ્રાફિકે પોલીસે કાયમી પોઈન્ટ મૂકી દીધા છે, છતાં ઘણીવાર ટ્રાફિક જામ થાય છે.

સ્ટેટ ટ્રાફિક બ્રાંચને શહેરમાં ઘણો ઢોરનો ત્રાસ છે, સ્પીડ બ્રેકર લગાવવા, ડિવાઈડર મૂકવા સહિતના કોલ પણ કરાય છે. જોકે સ્ટેટ ટ્રાફિક તેને વડોદરા પોલીસને ટ્રાન્સફર કરી દે છે.

ટ્રાફિકની સમસ્યા અંગે સ્ટેટ ટ્રાફિક બ્રાંચનો સંપર્ક કરી શકાશે. પોલીસ વહેલી તકે ટ્રાફિક ક્લીયર કરાવશે. કેટલાક રિપીટેડ કોલ પણ મળે છે. જોકે સ્ટેટ કંટ્રોલ તરફથી જાણ કરાતાં જ ટ્રાફિક ક્લીયર કરાય છે જામ્બુવા બ્રિજ પર કાયમ ટ્રાફિક જામ રહે છે. આ બ્રિજ પર ટ્રાફિક જામના સૌથી વધુ કોલ મળે છે. વડોદરા ટ્રાફિક પોલીસે જામ્બુવા બ્રિજના લેન વધારવા, તેને પહોળો કરવા એનએચએઆઈને પત્ર લખ્યો છે.

# એક્સ્ટ્રા સંચાલન : સુરત માટે 135, પંચમહાલ જિલ્લા માટે 66 બસ દોડશે

(એજન્સી) ભાવનગર | તા.26

ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા દિવાળીના તહેવારોને અનુલક્ષીને આવતીકાલથી સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ શહેર અને પંચમહાલ જિલ્લા માટે એક્સ્ટ્રા સંચાલનનું આયોજન કરી દેવાયું છે. આ ઉપરાંત કોઈ રૂટ પરની બસ ફૂલ થઈ ગઈ હોય અને મુસાફરોની ડિમાન્ડ હોય તો તે રૂટ પર વધારાની બસ મુકવા અને નવીન એક્સ્ટ્રા રૂટને ઓનલાઈન કરવા માટે વિભાગીય નિયામક તરફથી આદેશ કરાયો છે.ભાવનગર-બોટાદ જિલ્લામાંથી ધંધા-રોજગાર માટે રાજ્યના સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાં વસવાટ કરતા લોકો દિવાળીના તહેવાર કરવા માદરે વતન આવતા હોય છે. તેમજ ભાવનગર અને બોટાદ જિલ્લામાં ખેતમજૂરી સહિતના વ્યવસાય અર્થે આવતા પંચમહાલ જિલ્લાના લોકો પણ દીપોત્સવી પર્વમાં તેમના વતન જતા હોવાથી મુસાફરોની ભારે ધસારો રહે છે. જેથી મહત્તમ પ્રજા ખાનગી વાહનચાલકોની ઉઘાડી લૂંટથી બચી જાહેર પરિવહનનો લાભ લઈ શકે તે માટે જીએસઆરટીસી દ્વારા દિવાળી સ્પેશિયલ બસો દોડાવાનું આયોજન કરાયું છે. જેના અંતર્ગત ભાવનગર વિભાગ દ્વારા પણ દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, ગોધરા, અમદાવાદ, રાજકોટ અને અન્ય સ્થળે જવા માટે મુસાફરોની ગુરૂપ માંગણી મુજબ તેમજ ટ્રાફિકને ધ્યાને લઈ એક્સ્ટ્રા સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે.

## ન્યુઝ ફ્લેશ

### આરએમએસ હોસ્પિ.ના ટ્રસ્ટીની હત્યા કરનાર શખ્સની આખરે ધરપકડ

ભાવનગર : પાંચ દિવસ પૂર્વે બરવાળાના ભીમનાથનાં મૂળ વતની અને અમદાવાદ ખાતે રહેતા અને ધંધૂકા આર એમ એસ હોસ્પિટલના ટ્રસ્ટી ,અમદાવાદના બિલ્ડરની સાથો સાથ પાટીદાર આગેવાન ધરમશીભાઈ મોરડીયા (ઉ.વ.૮૩) ધંધૂકા હોસ્પિટલ ખાતે મિટિંગ પતાવી ભીમનાથ ખાતે આવેલા રહેણાક પર જતા હતા.અને ઘર નજીક પહોંચ્યા ત્યારે ભીમનાથ ગામનો કલ્પેશ મેર નામના શખ્સે ધરમશીભાઈ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાં બાદ હત્યારો કલ્પેશ મેર પોતાના ઘરના ધાબા પર જઈને ઝેરી દવા ગગટાવી લીધી હતી. દરમિયાનમાં પોલીસે ઝડપી હોસ્પિટલે ખસેયો હતો.

### બોટાદ : તૈયાર ખોરાક સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં બે પેઢીને 15-15 હજારનો દંડ

ભાવનગર : બોટાદ જિલ્લા ફૂડ વિભાગ દ્વારા વર્ષ-૨૦૨૨માં શહેરમાંથી અલગ-અલગ બે સ્થળેથી તૈયાર ખોરાકના નમૂના મેળવી લેબ ટેસ્ટીંગ માટે મોકલાયા હતાં જ્યાં આ બન્ને ખોરાક સબ સ્ટાન્ડર્ડ થતાં અને કેસ તાજેતરમાં ચાલી જતા બન્ને પેઢીને ૧૫-૧૫ હજારનો દંડ એજ્યુડીકેટીંગ ઓફિસરે ફટકાર્યો હોવાનું જણાયું છે. મળતી વિગતો મુજબ બોટાદ જિલ્લા ફુડ વિભાગ દ્વારા બોટાદ શહેરમાં આવેલ અરમાન બોમ્બે બિરીયાની તવા ફ્રાય પેઢીમાંથી ગઇ તા.૧૮-૭-૨૨ના રોજ ચિકન દાના તૈયાર ખોરાકનું સેમ્પલ મેળવ્યું હતું. આ ઉપરાંત દાવત બોમ્બે દમ બીરીયાની પેઢીમાંથી ચિકન બીરીયાની તૈયાર ખોરાકનું સેમ્પલ લેવાયું હતું.

### આણંદ જિલ્લામાં 1.27 લાખનો પનીર, મીઠા માવાનો જથ્થો સીઝ

આણંદ : આણંદ જિલ્લાના ફૂડ સેફટી વિભાગ દ્વારા તા. ૨૨મીથી ૨૫મી ઓક્ટોબર સુધી ફૂડ સેફટી પખવાડિયા અંતર્ગત ખાદ્ય પદાર્થોના ચેકિંગ હાથ ધરાયું હતું. ઝૂંબેશ અંતર્ગત રેડ દરમિયાન પનીર અને મીઠામાવાના નમૂના પૃથ્થકરણ માટે લેવાયા હતા. જેમાં પૃથ્થકરણ વખતે શંકાસ્પદ જણાતા રૂા. ૫૨ હજારનો ૧૫૦ કિ.ગ્રા. પનીરનો જથ્થો તથા રૂા. ૭૫ હજારનો મીઠા માવાનો જથ્થો જપ્ત કરાયો હતો.

બોરસદ ખાતેથી અણમોલ રત્ન ઘીનો નમૂનો લઈ બાકી રહેલા રૂ.૧૬ હજાર જેટલી રકમના ૨૮.૫ લિટર ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ખંભાત પ્રાંતના નેજા હેઠળ જુદી જુદી ૮ મીઠાઈની તેમજ બે ફરસાણની દુકાનોમાં નમૂના એકત્ર કરાયા હતા. ઉપરાંત ૭ એફબીઓ પાસે લાયસન્સ- રજીસ્ટ્રેશન બાબતે તપાસ કરીને મીઠાઈ-ફરસાણના ૪ તેમજ મુખવાસના ૩ નમૂના પૃથ્થકરણ માટે મોકલાયા છે.

### મબલખ આવકના કારણે યાર્ડની બાજૂમાં કપાસ સંગ્રહ માટે ખાસ વ્યવસ્થા કરાઈ

# બોટાદ યાર્ડમાં નવા કપાસની 2 દિવસમાં રેકોર્ડબ્રેક 2.50 લાખ મણથી વધુ આવક



(એજન્સી) બોટાદ | તા.26

બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ચાલુ સિઝનમાં નવા કપાસની સરેરાશ દૈનિક ૧.૧૫ લાખ મણ આવકની સામે છેલ્લા બે દિવસમાં અંદાજે ૨.૫૦ લાખ મણ રેકોર્ડબ્રેક આવક નોંધાઈ છે. નવા કપાસની માતબર આવકના પગલે યાર્ડના હોદ્દેદારોએ કપાસ માટે નજીકમાં ખાસ વ્યવસ્થા કરી હતી. બીજી તરફ, મોડી સાંજ સુધી યાર્ડમાં તોલ (વજન)ની કામગીરીનો ધમધમાટ જોવા મળ્યો હતો.

ખુલ્લી હરરાજી, ખરો તોલ અને રોકડ વિનિમયના પગલે ભાવનગર, સુરેન્દ્રનગર, લીમડી, વીછીયા, ગઢડા, અમરેલી, રાજકોટ, જસદણ અને અમદાવાદ જિલ્લાના કેટલાક તાલુકા મથકોમાંથી ખેડૂતો અંદાજે ૧૯૦૦થી વધુ નાના-મોટા વાહનો ભરીને બોટાદ માર્કેટિંગ યાર્ડમાં કપાસ વેચવા આવ્યા છે. જેના કારણે બોટાદના યાર્ડને જોડતાં માર્ગની બન્ને બાજુ વાહનોની લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. હાલ કપાસની સિઝનના કારણે અહીં દૈનિક સરેરાશ ૧.૧૫ લાખ મણ નવા કપાસની આવકન નોધાઈ રહી છે. જેના કારણે સવારથી લઈને મોડી સાંજ સુધી યાર્ડમાં તોલની કામગીરી પુરજોશમાં ધમધમી રહી છે. દરમિયાન ગતરોજ ગુરૂવારે એક જ દિવસમાં યાર્ડમાં ૧.૨૦ લાખ મણથી વધુ નવા કપાસની આવક નોંધાઈ હતી. જે સિઝનની સૌથી વધુ રેકોર્ડબ્રેક આવક હોવાનું યાર્ડના પ્રમુખ મનહરભાઈ માતરિયા અને સેક્રેટરી અનકભાઈ મોભે વિગત આપતાં જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, રોકોર્ડબ્રેક આવકના કારણે યાર્ડમાં વ્હેલી સવારથી જ તોલ(વજન) ની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જે મોડી સાંજ સુધી શરૂ રહી હતી. તો,નવા કપાસની રેકોર્ડબ્રેક આવકે ૨૪ કલાકમાં જ વધુ એક નવો જ વિક્રમ સર્જ્યો હતો અને આજે સાંજ સુધીમાં યાર્ડમાં અંદાજે ૧.૩૦ લાખ મણથી વધુ નવા કપાસની આવક થઈ હોવાનું તેમણે વિગતો આપતાં ઉમેર્યું હતું. નવા કપાસની સતત આવકના કારણે યાર્ડ દ્વારા નજીકના સ્થળે કપાસના સંગ્રહ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું અને હરાજી થતી હોવાનું તેમણે ઉમેર્યું હતું.જયારે, ખુલ્લી હરરાજીના કારણે ખેડૂતોને કપાસના સારા ભાવ મળી રહ્યા હોવાનું અને ગુરૂવારે ઉંચામાં ઉંચી રૂા ૧૬૦૦ ની બોલી બોલાઈ હોવાનું જાણવા મળેલ છે.

## આંબલા ગામે યુવાનની ચકચારી હત્યામાં એક આરોપીને આજીવન, 2 શખ્સને 7 વર્ષની કેદ

ભાવનગર : સિહોર તાલુકાના આંબલા ગામે પ્રેમી યુવતીની અન્ય જગ્યાએ સગાઈ થયાના મામલે ફોન પર થયેલી બોલાચાલી બાદ સમાધાન માટે બે પક્ષના યુવાનો ભેગા થયા હતા. આ સમાધાન બેઠકમાં ઉગ્ર બોલાચાલી થતાં સામ-સામે મારામારી થઈ હતી અને એક યુવાનને ગંભીર ઈજા થતાં તેનું સારવારમાં મૃત્યુ થયું હતું. હત્યાના આ ચકચારી કેસમાં સંડોવાયેલા એક શખ્સને ભાવનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે અન્ય બે આરોપીને સાત વર્ષની કેદ તેમજ સામા પક્ષે એક શખ્સને ત્રણ વર્ષ કેદનો હુકમ કરવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાની મળતી વિગત અનુસાર સિહોરના આંબલા ગામે અશ્વિનભાઈ દિલીપભાઈ વાઘેલા નામના યુવાનને એક યુવતી સાથે પ્રેમસબંધ હોય અને તેની સગાઈ અન્ય સાથે થતાં તે વાતને લઈ અશ્વિનભાઈને કિશન પ્રવીણભાઈ ચૌહાણ અને વિમલ મુકેશભાઈ ચૌહાણ નામના શખ્સો સાથે યુવતી સાથે શું કામ સગાઈ કરી છે ? તેની સાથે મારે લગ્ન કરવાના છે.

### બજારોમાં દિવાળીની રોનક જોવા ભારે ઘસારો

# ભાવનગરની બજારોમાં ધૂમ ઘરાકી નીકળતા વેપારીઓની દિવાળી સુધરી

(એજન્સી) ભાવનગર | તા.26

પ્રકાશના પર્વસમુહ દિપોત્સવીના મહાપર્વ આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે શહેરની મોટા ભાગની બજારોમાં મોડી સાંજ સુધી ધૂમ ખરીદીનો અનેરો પચરંગી માહોલ જામતા વેપારીઓમાં ભારે હર્ષ વ્યાપ્યો છે. ખાનગી અને સરકારી કર્મચારીઓને પગાર અને બોનસની ચૂકવણી થઈ રહી હોય તેઓ પરિવારજનો સાથે ખરીદી અર્થે નિકળતા બજારોમાં ખરીદીના વિશેષ કરંટની સૌ કોઈને અનુભૂતિ થઈ રહી છે.

રોશનીના મહાપર્વ દિવાળીનો તહેવાર ઢુંકડો આવી પહોંચતા ભાવનગર શહેર અને જિલ્લાના વિવિધ તાલુકા મથકોમાં સ્થાનિક તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી છુટક ખરીદી કરવા માટે આવતા મોટા ભાગની બજારો ગ્રાહકોની અવરજવરથી અવિરતપણે ધમધમવા લાગી છે. તેથી શહેરના હાર્દસમા પીરછલ્લા શેરી, વોરાબજાર, એમ.જી. રોડ, નાણાવટી બજાર, દિવાનપરા રોડ, ગોળબજાર, હેરીસ રોડ, આંબાચોક ઉપરાંત કાળાનાળાથી લઈને વાઘાવાડી રોડ પર કાળીયાબીડમાં પાણીની ટાંકી સુધીના વ્યાપારી વિસ્તારોમાં સ્થાનિક તેમજ બહારગામથી ખરીદી અર્થે આવતા ગ્રાહકો દ્વારા બપોરથી મોડી સાંજ સુધી ધૂમ ખરીદી થઈ રહી છે. પ્રારંભે આવા પરિવારો તેમના વાહનો કયા પાર્ક કરવા તેની દ્વિધામાં રહે છે. એમાંય શહેરની પીરછલ્લા શેરી અને વોરાબજારમાં તો દરરોજ બપોરથી મોડી સાંજ સુધી માનવ મહેરામણ ઉમટી પડતો હોય છે. જેથી બજારોમાં ગ્રાહકોની ભારે ચહલ પહલ જોવા મળી રહી છે.સવારના અરસામાં નજીકના ગામડાઓમાંથી અને બપોરથી મોડી સાંજ સુધી મોટા ભાગે શહેરી વિસ્તારોના ગ્રાહકો મહત્તમ સંખ્યામાં દ્રશ્યમાન થાય છે.

જેમ જેમ દિવાળી નજીક આવી રહી છે. તેમ તેમ ખરીદી માટે ઉપરોક્ત બજારોમાં ઘસારો વધતો જશે તેમ જણાઈ રહેલ છે. પ્રારંભિક તબકકામાં ગ્રાહકો દ્વારા રેડીમેડ કપડા, કોસ્મેટીક, ફુટવેર, ચિલ્ડ્રન વેર, ગૃહ સુશોભન, શણગાર તેમજ ઈલેક્ટ્રોનિકસ ઉપકરણો,વાહન, મનોરંજનના સાધનો, મોબાઈલ, રંગોળી, ફટાકડા, મુખવાસ તેમજ ચિરોડી સહિતની ચીજવસ્તુઓની ધૂમ ખરીદી થઈ રહી છે. શહેરની બજારોમાં જ નહી પણ મોટા ભાગના બ્રાન્ડેડ કંપનીઓના શોરૂમ, મોલમાં પણ આખો દિવસ ગ્રાહકોની સારી એવી ભીડ જોવા મળી રહેલ છે. ગોહિલવાડના હોલસેલ અને રિટેઈલ માર્કેટમાં ઘરાકી જણાતા વેપારીવર્ગમાં ભારે ઉત્સાહ વધ્યો છે.



## ગુજરાત સરકારના આ નિર્ણયથી પ્રોપર્ટીના ભાવ ઘટશે

(એજન્સી) ગાંધીનગર | તા.26

રાજ્યના 8 શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રિમિયમમાં રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.નોન ટી.પી. વિસ્તારમાં 40 ટકા કપાતની જમીનના ભરવાના થતા મહેસુલી પ્રિમિયમની રકમમાંથી મુક્તિ મળવાના કારણે બાંધકામ ક્ષેત્રે પ્રોપર્ટીની કિમતોમાં ઘટાડો થશે અને તેનો સીધો લાભ મધ્યમ વર્ગના પરિવારોને મળશે.મુખ્યમંત્રી સમક્ષ એવી વિવિધ રજુઆતો આવી હતી કે રાજ્યમાં આ શહેરી વિકાસ સત્તામંડળોમા સમાવિષ્ટ વિસ્તારો પૈકી નગર રચના યોજના જાહેર ન થઈ હોય એવા નોન ટી.પી.માં સમાવિષ્ટ વિસ્તારોમાં 40 ટકા જમીન કપાત કરીને પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટ ઈશ્યુ કરીને અંતિમ ખંડની ફાળવણી કરવામાં આવે છે. આના પરિણામે કબજેદારને અંતિમ ખંડ તરીકે 60 ટકા અને સંબંધિત સત્તામંડળને 40 ટકા જમીન કપાત પેટે સંપ્રાપ્ત થાય છે.



## તારાપુરમાં 55 વીજ કનેક્શનોમાં ગેરરીતિ પકડાતા 48.55 લાખ દંડ

(એજન્સી) તારાપુર | તા.26

તારાપુર તાલુકાના ગામોમાં શુક્રવારે સવારથી જ એમજીવીસીએલ તંત્રની ૨૯ ટીમો ત્રાટકી હતી. ટીમોએ ૬૫૮ વીજ જોડાણો તપાસતા ૫૫ કનેક્શનોમાં ગેરરીતિ ઝડપાઈ હતી. જેમાં રૂા. ૪૮.૫૫ લાખનો દંડ ફટકારાયો છે. મોરજ ગામમાં ઈન્ડસ્ટ્રીયલ ગેસનું પેકેજિંગ કરતી કંપનીમાં ૪૦ લાખની વીજ ચોરીનો પર્દાફાશ થયો હતો. એમજીવીસીએલ તંત્રએ શુક્રવારે વહેલી સવારે તારાપુર તાલુકામાં ૨૯ ટીમોના ૮૫ જેટલા કર્મચારીઓની ટીમો સાથે દરોડા શરૂ કર્યા હતા. તારાપુર તાલુકાના વરસડા, નભોઈ, રીંઝા મિલરામપુરા, વાંક તળાવ, મોરજ, ખાખસર, કાનાવાડા, ખડા, જાફરગંજ, મોટા કલોદરા, વલ્લી, પાદરા સહિતના ગામોમાં દરોડાની કાર્યવાહી દરમિયાન કુલ ૬૫૮ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૫૫ કનેક્શનોમાં ગેરરીતિ ઝડપાઈ હતી.એમજીવીસીએલ તારાપુરના ડે. એન્જિનિયર હિતેશ મહેશ્વરીએ જણાવ્યું હતું.



## બૈડપ પ્રાથમિક શાળામાં બીજા દિવસે પણ ગ્રામજનોનો હોબાળો

(એજન્સી) નડિયાદ | તા.26

ગળતેશ્વરના બૈડપ ગામની પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોની બદલી કરવાની માંગ સાથે બીજા દિવસે પણ ગ્રામજનોએ હોબાળો મચાવ્યો હતો. શિક્ષકો ભણાવવાના બદલે જમીન અને તમાકુની દલાલીમાં વ્યસ્ત હોવાના આક્ષેપ લગાવ્યા હતા. તેમજ દિવાળી વેકેશન બાદ શરૂ થતાં સત્રમાં નવા શિક્ષકો નહીં આવે તો શાળા નહીં ખોલવાની અને તાળાબંધી કરી ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. બૈડપ ગામની પ્રાથમિક શાળાના આચાર્યએ અન્ય શાળામાં બદલી કરાવી દેતા ગ્રામજનોએ ગુરુવારે શાળાબંધી કરી હતી. બીજા દિવસે શુક્રવારે પણ વાલીઓ સહિત ગ્રામજનોએ શાળામાં જઈ હોબાળો કર્યો હતો. શિક્ષકોના આંતરિક વિખવાદના કારણે શાળામાં અભ્યાસ કરતા ૧૮૫ વિદ્યાર્થીને પોતાનું કે વાલીઓનું નામ લખતા પણ ન આવડતું હોવાનો રોષ વાલીઓએ ઠાલવ્યો હતો. તેમજ શિક્ષકો ભણાવવાના બદલે જમીનોની દલાલી અને તમાકુની દલાલીમાં વ્યસ્ત રહેતા હોવાના આક્ષેપો લગાવ્યા હતા.



## ઠાસરામાં મુંબઈથી આવેલા રેલવે અધિકારીનો ઘેરાવ

(એજન્સી) ઠાસરા | તા.26

ઠાસરા રેલવે સ્ટેશન ખાતે મુબઈથી આવેલા ચીફ રેલવે સેફ્ટી ઓફિસરનો પાંચ સોસાયટીની મહિલાઓ સહિત ૫૦૦થી વધુના ટોળાએ ઘેરાવો કરી રજૂઆત કરી હતી કે, છેલ્લા સાડા ત્રણ મહિનાથી ઠાસરા પાલિકાના વોર્ડ નં.-૬માં આવેલા રેલવે ફાટક નં.-૪૩ને રેલવે સત્તાવાળાઓએ અગાઉ જાણ કર્યા વગર જ બંધ કરી દીધું છે. જેથી લોકોને ભારે હાલાકી પડી રહી છે. આ મામલે સ્થાનિકોએ અધિકારી સમક્ષ વ્યથા રજૂ કરી હતી. જેના પગલે સ્થાનિક અધિકારીઓને મદદરૂપ થવા હૈયાધારણા આપી હતી.

### ફરી ખોખલી ધમકી મળી, પ્રવાસીઓ 2 કલાક રઝળ્યા

# મુંબઈ- કંડલા ફ્લાઈટમાં બોમ્બ હોવાની અફવાથી તંત્રમાં દોડધામ

(એજન્સી) ગાંધીધામ | તા.26

દેશભરમાં છેલ્લા કેટલાક દિવસોથી ડોમેસ્ટિક તથા ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સમાં બોમ્બ મૂકાયાની ખોખલી ધમકીઓ અપાવાનો સિલસિલો ચાલુ છે. તેમાં હવે સ્પાઈસ જેટ એરલાઈન્સના એક્સ એકાઉન્ટમાં મુંબઈ-કંડલા ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પૂર્વ કચ્છ પોલીસ ઉંધા માથે થઈ હતી અને તાબડતોબ કંડલા એરપોર્ટ ખાતે તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે બે કલાક સુધી સઘન તપાસ કર્યા બાદ બોમ્બ ન મળતા વરસામેડી ખાતે આવેલા કંડલા એરપોર્ટમાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. તો બીજી તરફ છેલ્લા દસેક દિવસોથી આપવામાં આવતી ખોખલી ધમકીઓના કારણે એરલાઈન્સ કંપનીઓને કરોડોની ખોટ આવી હોવાનું પણ સામે આવ્યું છે. એરપોર્ટ કંપનીઓને મળી રહેલી બામ્બની ધમકીના પગલે વિમાનનાં ઈમરજન્સી લેન્ડિંગ અને ઉતરાણ પછી આઈસોલેટ કરી ચેકિંગને લીધે વિમાની પ્રવાસીઓના કલાકો વેડફાઈ રહ્યા છે અને સમગ્ર સિવિલ એવિએશન સેક્ટરને કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. તો બીજી તરફ કેન્દ્ર સરકારે ફ્લાઈટમાં બોમ્બના ખોટા કોલ કરવાને કોગ્નિઝેબલ ઓફેન્સમાં સમાવાશે તેમ જણાવ્યું છે. ગુરુવારે ઈન્ડિગો, એર ઈન્ડિયા, વિસ્તારા, સ્પાઈસજેટ, એલાયન્સ એર તથા અકસા એરની વધુ ૮૫ ફ્લાઈટ્સમાં બોમ્બ મૂકાયાની ધમકીઓ મળી હતી. જે દરમિયાન હવે શુક્રવારે બપોરે ૧-૪૫ વાગ્યે અંજાર તાલુકાનાં વરસામેડી કહતે આવેલા કંડલા એરપોર્ટ પર મુંબઈથી આવી રહેલી મુંબઈ-કંડલા ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી હતી.

### તોલકાંટાના સ્ટાફે સમયસર કામગીરી શરૂ ન કરાતા આક્રોશ

# ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં કપાસની હરરાજી મોડી શરૂ થતાં ખેડૂતોનો હોબાળો

(એજન્સી) ભાવનગર | તા.26

ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં શુક્રવારે સવારના અરસામાં સમયસર કપાસની હરરાજી શરૂ કરવામાં વિલંબ થતા બહારગામથી આવેલા ખેડૂતોના ટોળા દ્વારા હોબાળો મચાવતા યાર્ડના ચેરમેન સહિતના પદાધિકારીઓમાં ભારે દોડધામ મચી જવા પામેલ. ભાવનગર શહેરના ચિત્રા માર્કેટીંગ યાર્ડમાં શુક્રવારે રાબેતા મુજબ સવારે ૯-૩૦ કલાકે કપાસની હરરાજી શરૂ થનાર હતી. તે દરમિયાન કાંટા પરનો સ્ટાફ કોઈ અનિવાર્ય સંજોગોવશાત બેથી પાંચેક મિનીટ મોડો આવતા હરરાજીની લાંબી કતારોમાં ખેડૂતોમાં આક્રોશ વ્યાપી જવા પામેલ. સ્ટાફ દ્વારા સમયસર કામગીરી શરૂ કરવામાં ન આવતા નારાજ થયેલા ખેડૂતોના ટોળા આ અંગેની રજુઆત કરવા માટે આક્રોશભેર માર્કેટીંગ યાર્ડની ઓફિસે ધસી ગયા હતા. જ્યાં હાજર યાર્ડના સેક્રેટરી અરવિંદભાઈ ચૌહાણ સહિતના સમક્ષ ઉગ્ર દેખાવો સાથે રજુઆત કરાતા પ્રમુખ અને સેક્રેટરી સહિતના હરરાજી સ્થળે ધસી ગયા હતા. જ્યાં તોલકાંટાની કામગીરીના સમય બાબતે ખેડૂતોમાં ભારે ગણગણાટ થવા લાગ્યો હતો. આ દરમિયાન સમયસર હરરાજી શરૂ કરવાના મામલે નારાજ થયેલા ખેડૂતો અને યાર્ડના સુત્રધારો વચ્ચે શાબ્દીક તકરાર થતા તે દરમિયાન કોઈએ અપશબ્દો બોલતા મામલો ગરમાયો હતો. આખરે મામલો વર્તીને યાર્ડના તમામ સૂત્રધારોએ મધ્યસ્થી બનીને સમયસર હરરાજી શરૂ કરવાની બાહેંધરી આપતા ૨૦ મીનીટ બાદ ખેડૂતોની હરરાજી શાંતિપૂર્ણ રીતે શરૂ થઈ હતી. દરમિયાન આ બાબતે માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી અરવિંદભાઈ ચૌહાણે જણાવ્યુ હતુ કે, હાલ ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં ચોતરફથી કપાસની મબલખ આવક થઈ રહી હોય દૂર દૂરથી અસંખ્ય ખેડૂતો વાહનમાં કપાસ લઈને યાર્ડમાં વેચવા માટે આવ્યા હતા. યાર્ડના કાંટા પરના કર્મચારીઓને સંજોગોવશાત આવવામાં બે પાંચ મિનીટ મોડુ થતા એકબાજુ દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો હોય બહારગામથી આવેલા ખેડૂતો સમયસર કપાસની હરરાજી શરૂ ન કરાતા સ્વાભાવિકપણે નારાજ થયા હતા.જો કે, અંતમાં ખેડૂતોને સમજાવટ બાદ મામલો થાળે પડયો હતો.દર વખતે કપાસ અને ડુંગળીની મબલખ આવક વેળા આવા સામાન્ય શાબ્દીક તકરારના બનાવો બનતા રહે છે તેમ તેઓએ અંતમાં ઉમેર્યુ હતુ.

## આણંદ જિલ્લાના લોકો રાત્રે 10 વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકશે

આણંદ : આણંદ જિલ્લાના લોકો રાતે ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા પોડી શકશે. ફટાકડાની લૂમ, ચાઈનીઝ તુક્કલ રાખી, વેચી કે ફોડી અથવા ઉડાડી નહીં શકાય. જનતાને અગવડ ન પડે માટે ફટાકડા સંદર્ભે વિવિધ મુદ્દાઓ સાથે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. આણંદ જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ન બને અને જનતાની સલામતી માટે આણંદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જેમાં રાતે ૮થી ૧૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. ફટાકડાની લૂમ રાખી, વેચી કે ફોડી શકાશે નહીં. પીઈએસઓ સંસ્થાના અધિકૃત, માન્ય ધ્વનિ સ્તરવાળા યોગ્ય માર્કિંગવાળા ફટાકડા વેચી કે ફોડી શકાશે. હોસ્પિટલ, નર્સિંગહોમ, શૈક્ષણિક સંસ્થા, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત, રાખી કે વેચી નહીં શકાય.ઈ-કોમર્સની કોઈપણ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર કે વેચાણ નહીં કરી શખાય.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

ઘરની સુખ-સુવિધાઓ પર ઘણો ખર્ચ થશે, પરંતુ પરિવારના સભ્યોની ખુશીની સરખામણીમાં આ ખર્ચ નજીવા સાબિત થશે. કોઈપણ સમસ્યાનું સમાધાન પણ મળશે.



**વૃષભ (બ,વ,ઉ)**

કેટલાક અનુભવી લોકોના સંગતમાં તમને સકારાત્મક અનુભવો શીખવા મળશે. જે તમને કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ શોધવામાં મદદ કરશે.




**મિથુન (ક,છ,ઘ)**

તમારો આત્મવિશ્વાસ વધારવા માટે સર્જનાત્મકતા પર પણ ધ્યાન આપો. તમને કોઈ સંબંધીના સ્થાનની મુલાકાત લેવાનું આમંત્રણ પણ મળી શકે છે.



**કર્ક (ડ,હ)**

પરિવારને લગતી લાંબા સમયથી ચાલી રહેલી ચિંતા અને તણાવમાંથી તમને રાહત મળશે. વીમા, રોકાણ વગેરે જેવી આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વ્યસ્તતા રહેશે.



**સિંહ (મ,ટ)**

તમારો દિવસ શાનદાર રહેશે. તમારું વર્તન બીજાને પ્રભાવિત કરશે. ભવિષ્યના કોઈ કામની તૈયારીઓ પણ શરૂ થઈ શકે છે.



**કન્યા (પ,ઠ,ણ)**

આ સમયે ગ્રહોની સ્થિતિ તમારા વ્યક્તિત્વને વધુ પ્રભાવશાળી બનાવી રહી છે. લગ્ન માટે લાયક લોકોને કોઈ સારા સમાચાર મળી શકે છે.




**તુલા (ર,ત)**

તમે તમારી આસપાસના સંજોગોમાં કેટલાક ફેરફારો અનુભવશો, જે ખૂબ સારા રહેશે અને તમે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેશો.




**વૃશ્ચિક (ન,ય)**

બપોરનો સમય ખૂબ જ અનુકૂળ બની રહ્યો છે, તેથી દિવસની શરૂઆતમાં તમારી દિનચર્યાની રૂપરેખા બનાવો. તમારા રાજકીય સંબંધોને વધુ મજબૂત બનાવો.




**ધન (ભ,ધ,ફ)**

આળસ છોડી દો અને તમારી જવાબદારીઓને ગંભીરતાથી નિભાવો. કેટલાક રાજકીય લોકોને મળવાથી તમારી લોકપ્રિયતામાં વધારો થશે.



**મકર (ખ,જ)**

આજે તમને તમારા કોઈપણ ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં સફળતા મળશે. તેથી, તમારી મહેનત ઓછી ન કરો. બાળકોના ભવિષ્યને લઈને એક યોજના બનાવવામાં આવશે.



**કુંભ (ગ,શ,સ)**

નાણાકીય આયોજન સંબંધિત પ્રવૃત્તિઓ પર તમારું વિશેષ ધ્યાન રાખો. કોઈ મહત્વપૂર્ણ અથવા રાજકીય વ્યક્તિ સાથે લાભદાયક મુલાકાત થશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

તમને કેટલાક પ્રભાવશાળી અને અનુભવી લોકોને મળવાની અને ઘણા મહત્વપૂર્ણ વિષયો વિશે જાણકારી મેળવવાની તક મળશે. તમારું કાર્ય સરળતાથી પૂર્ણ થશે.

# 32 ટકા વૃદ્ધિ સાથે સોનાના વૈશ્વિક ભાવમાં 2024માં 45 વર્ષ બાદ સૌથી મોટો વધારો

(એજન્સી) મુંબઈ | તા 26



મધ્ય પૂર્વના દેશોમાં ભૌગોલિકરાજકીય તાણ અને અમેરિકામાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દર વધુ ઘટવાની સંભાવનાને પરિણામે વર્તમાન વર્ષના સોનાના વૈશ્વિક ભાવમાં ૪૫ વર્ષમાં સૌથી ઊંચો વધારો જોવાયો છે. ૨૦૨૪માં સોનાના આંતરરાષ્ટ્રીય ભાવ અત્યારસુધી ૩૨.૫૦ ટકા વધ્યા છે જે ૧૯૭૯ બાદ સૌથી વધુ વધારો છે. ચાંદીમાં પણ ૩૭.૫૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. ઘરઆંગણે એમસીએક્સ પર સોનાના ભાવ ૨૩.૬૦ ટકા અને ચાંદી ૩૨.૯૦ ટકા વધ્યા છે જે ૨૦૨૦ બાદ સૌથી ઊચો વધારો છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધની સ્થિતિ અને ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડા ઉપરાંત ગોલ્ડ ઈટીએફસમાં જંગી ઈન્ફલોસ અને વિશ્વની કેન્દ્રીય બેન્કો દ્વારા ગોલ્ડની સતત ખરીદીને કારણે પણ સોનાના ભાવને ટેકો મળ્યો છે.

ચીનમાં આર્થિક રિકવરીને કારણે ચાંદીની ઔદ્યોગિક માગ વધવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. ૨૦૨૪માં ચીને ગોલ્ડ રિઝર્વમાં ૨૯ ટનનો ઉમેરો કર્યો છે જે ૨૦૨૩ની સરખામણીએ ૧૬ ટકા વધુ છે. અમેરિકન ડોલરમાં નબળાઈ પણ સોનાના ભાવમાં મજબૂતાઈનું કારણ રહ્યું છે. ડોલરની નબળાઈના કિસ્સામાં વૈશ્વિક ફન્ડ હાઉસો સોના જેવી સેફ હેવન એસેટસમાં રોકાણ તરફ વળતા હોય છે. ભારતમાં સોનાની તહેવાર નિમિત્તેની માગ ઊંચી જોવા મળી રહી છે, જેને કારણે પણ ભાવને ટેકો મળતો હોવાનું વિશ્લેષકે ઉમેર્યું હતું. સોનાનો વૈશ્વિક ભાવ હાલમાં પ્રતિ ઔંસ ૨૭૧૮ ડોલર જ્યારે ચાંદી ઔંસ દીઠ ૩૩.૦૯ ડોલર મુકાઈ રહી છે.

# MSME માટે દિવાળી ટાણે ખુશીના સમાચાર, PM મુદ્રા યોજના લોન મર્યાદા બમણી કરાઈ

(એજન્સી) મુંબઈ | તા 26




કેન્દ્ર સરકારે એમએસએમઈ માટે દિવાળી ભેટ આપતી એક જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ મળતી લોનની મર્યાદા વધારી બમણી અર્થાત રૂ. 20 લાખ કરવામાં આવી છે. આ નિર્ણયથી એમએસએમઈને વેગ મળશે અને રોજગારીની તકો પણ વધશે. નાણા મંત્રાલય અનુસાર, આ પગલાંથી એમએસએમઈને બિઝનેસ સ્થાપિત કરવા અને વિસ્તરિત કરવાની તકો મળશે. જેનાથી રોજગારની નવી તકો સર્જાશે અને દેશની અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનશે. જે લોકો પોતાનો નવો બિઝનેસ શરુ કરવા માગે છે, તેઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. તદુપરાંત એમએસએમઈ પોતાના બિઝનેસના વિસ્તરણ માટે પણ મુદ્રા યોજનાનો લાભ લઈ શકે છે. આ સ્કીમ હેઠળ નીચા વ્યાજદરે ઝડપી અને સરળતાથી લોન પ્રદાન થાય છે. જેમાં કોઈ ગેરેંટરની જરૂર પડતી નથી. પ્રધાનમંત્રી મુદ્રા યોજનાની તરુણ કેટેગરી અંતર્ગત એમએસએમઈ રૂ. 20 લાખ સુધીની લોન લેવા સક્ષમ ગણાશે. ક્રેડિટ ગેરેંટી ફંડ ફોર માઈક્રો યુનિટ્સ હેઠળ રૂ. 20 લાખની લોન પર કેન્દ્ર સરકાર પોતે ગેરેંટી કવરેજ આપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 8 એપ્રિલ, 2015ના રોજ એમએસએમઈને રૂ. 10 લાખ સુધીની કોલેટરલ ફ્રી માઈક્રો ક્રેડિટ પ્રદાન કરવાના હેતુ સાથે પ્રધાનમંત્રી મુદ્રા યોજના શરુ કરવામાં આવી હતી. જેમાં પસંદ કરાયેલી બૅન્કો, એનબીએફસી, અને માઈક્રો ફાઈનાન્સ યુનિટ્સ ત્રણ કેટેગરી શિશુ (રૂ. 50000), કિશોર (રૂ. 50000થી 5 લાખ) અને તરુણ (રૂ. 10 લાખ) લોન ગેરંટી-કોલેટરલ વિના ફાળવે છે.

## NEWS BRIEF

### Bank Share: 94ના શેર ખરીદવા ધસારો, આ બેંકના નફામાં આવ્યો 45%નો ઉછાળો

મુંબઈ I આ બેંકે ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ ક્વાર્ટરમાં બેન્કનો નફો 45 ટકા વધીને રૂ. 551 કરોડ થયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં બેંકનો નફો 381 કરોડ રૂપિયા હતો. શેરબજારને આપેલી માહિતીમાં, આ બેંકે કહ્યું કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેની કુલ આવક વધીને 3,420 કરોડ રૂપિયા થઈ ગઈ, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં 2954 કરોડ રૂપિયા હતી. બેન્કની વ્યાજની આવક ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 2,764 કરોડથી વધીને રૂ. 3,124 કરોડ થઈ છે. તમને જણાવી દઈએ કે બેન્કની એસેટ ક્વોલિટી સુધરી છે અને સપ્ટેમ્બર ક્વાર્ટરના અંતે ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) સુધરીને ગ્રોસ ડેટના 3.95 ટકા થઈ ગઈ છે, જ્યારે એક વર્ષ પહેલા તે 5.26 ટકા હતી. એ જ રીતે, નેટ એનપીએ એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં 1.04 ટકાની સરખામણીએ ઘટીને 0.85 ટકા થઈ છે. બેંકનો મૂડી પર્યાપ્તતા ગુણોત્તર (CAR) સપ્ટેમ્બર 2023ના અંતે 14.53 ટકાથી વધીને 14.99 ટકા થયો છે. જમ્મુ અને કાશ્મીર એટલે કે J&K બેંકના શેરની વાત કરીએ તો શુક્રવારે તેની ભારે માંગ હતી. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેર 4.10% વધીને રૂ.97.70 પર બંધ થયો હતો. એક દિવસ પહેલા બેંકનો શેર રૂ. 93.85 પર હતો, જે ટ્રેડિંગ દરમિયાન રૂ. 99.80 પર પહોંચ્યો હતો. 9 ફેબ્રુઆરી, 2024 ના રોજ, શેર રૂ. 152.45 પર ગયો. આ શેરની 52 સપ્તાહની ઊંચી સપાટી છે.

### દિગ્ગજ એરલાઇનને ભારે નુકસાન, શેર વેચીને નીકળી રહ્યા છે રોકાણકારો

મુંબઈ I દેશની સૌથી મોટી એરલાઈન કંપનીએ ચાલુ નાણાકીય વર્ષના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ ક્વાર્ટરમાં એરલાઈન્સને 986.7 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ 188.9 કરોડ રૂપિયાનો નફો કર્યો હતો. કંપનીએ કહ્યું કે ગ્રાઉન્ડેડ પ્લેન અને ઈંધણના ઊંચા ભાવને કારણે તેને નુકસાન થયું છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં એરલાઇનનો ઈંધણ ખર્ચ 12.8 ટકા વધીને રૂ. 6,605 કરોડ થયો છે. ઈન્ડિગોના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) પીટર એલ્બર્સે જણાવ્યું હતું કે એરલાઈન્સ સતત વૃદ્ધિ અને વિસ્તરણ કરતી રહી અને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેની આવક 14.6 ટકા વધીને રૂ. 17,800 કરોડ થઈ. પરંપરાગત રીતે નબળા બીજા ક્વાર્ટરમાં, ગ્રાઉન્ડેડ એરક્રાફ્ટ અને ઈંધણના ખર્ચને લગતા માથાકૂટથી પરિણામો વધુ પ્રભાવિત થયા હતા. અમે એક નવો વળાંક લીધો છે કારણ કે ગ્રાઉન્ડેડ એરક્રાફ્ટની સંખ્યા અને તેનાથી સંબંધિત ખર્ચમાં ઘટાડો થવા લાગ્યો છે. ઈન્ડિગો પાસે કુલ રૂ. 39,341 કરોડની રોકડ હતી, જેમાં રૂ. 24,359 કરોડની મફત રોકડ અને રૂ. 14,982 કરોડની મેનેજ કરેલી રોકડનો સમાવેશ થાય છે.

### 7900 કરોડની TATAની સંપત્તિમાં Titoનો ઉલ્લેખ!

મુંબઈ | ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ રતન ટાટાનું મુંબઈની હોસ્પિટલમાં નિધન થયુ. ત્યારે હવે તેમની સંપત્તિનો માલિક કોણ તેને લઈને સવાલો થઈ રહ્યા હતા. આ અંગે ઘણી ચર્ચાઓ પણ થઈ હતી. ત્યારે હવે આ અંગેની ડિટેઈલ સામે આવી છે. ઑગષ્ટ 2023માં જાહેર થયેલા હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટના અનુસાર રતન ટાટા પાસે ટાટા સન્સમાં 0.83 ટકા ભાગીદારી હતી. જેને કારણે તેમની કુલ સંપત્તિ 7900 કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. જ્યારે અન્ય સંપત્તિઓને ભેગી કરીએ તો તેમની કુલ સંપત્તિ 10 હજાર કરોડ રૂપિયાથી વધારે છે. મળતી માહિતી મુજબ રતન ટાટાના વસિયતમાં પાલતુ શ્વાનના નામનો પણ ઉલ્લેખ કરાયો છે. રિપોર્ટસમાં જણાવ્યા મુજબ રતન ટાટાએ પેટ ડૉગ ટીટીનું નામ પણ સામેલ કર્યુ છે. TOIના અહેવાલ મુજબ, રતન ટાટાએ તેમની વસિયતમાં ઉલ્લેખ કર્યો છે કે તેમના જર્મન શેફર્ડ ટીટોની આજીવન સંભાળ રાખે. રતન ટાટાએ તેમના વસિયતનામામાં, તેમના પ્રિય જર્મન શેફર્ડ, ટીટોની આજીવન સંભાળ સુનિશ્ચિત કરી છે, જે રતન ટાટાની ઊંડી કરુણાને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ અનુસાર ટીટો ટાટાના લાંબા સમયથી શેફ રાજન શોની દેખરેખ હેઠળ રહેશે. તેમના બીજા સહાયક સુબ્બૈયાનો પણ વિલમાં ઉલ્લેખ છે. આ સિવાય શાંતનુ નાયડુનું નામ પણ છે.

# શેરબજારમાં ઉથલપાથલ છતાં ઈક્વિટી ફંડોમાં ઠલવાયેલું રેકોર્ડ નવું રોકાણ

(એજન્સી) નવી દિલ્હી I તા. 26

છેલ્લા કેટલાક સપ્તાહોથી બજારમાં ચાલી રહેલી ઉથલપાથલથી બજાર સાથે સંકળાયેલો વર્ગ પરેશાન જણાય છે. મુખ્ય બેન્ચમાર્ક સૂચકાંકો તેમની ઊંચાઈથી લગભગ ૭ ટકા નીચે આવ્યા પછી પણ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોએ ફંડ સ્કીમ્સમાં નવું રોકાણ જારી રાખ્યું છે. નિફ્ટી અને સેન્સેક્સ લગભગ ૭ મહિના સુધી તેજીથી ચાલી રહ્યા હતા પરંતુ ૨૭ સપ્ટેમ્બરથી તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. હવે બંને સૂચકાંકો ૨૬ સપ્ટેમ્બરના તેમના સર્વકાલીન ઉચ્ચ સ્તરેથી લગભગ ૭ ટકા ઘટયા છે. મુખ્ય ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ કેટેગરીની અસ્કયામતો અંડર મેનેજમેન્ટ (એયુએમ) અને નેટ એસેટ વેલ્યુ (એનએવી)નું વિશ્લેષણ દર્શાવે છે કે એનએવીમાં ઘટાડા છતાં રોકાણકારો આ યોજનાઓમાં નાણાં ઠાલવી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ બોડી એમ્ફીના અંદાજ મુજબ, ૨૬ સપ્ટેમ્બરથી ૨૨ ઓક્ટોબરના સમયગાળામાં લાર્જ કેપ સ્કીમ્સમાં આશરે રૂ. ૨,૬૦૦ કરોડનું ચોખ્ખું રોકાણ કરવામાં આવ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન મિડકેપ અને સ્મોલકેપ સ્કીમ્સમાં આશરે રૂ. ૭,૦૦૦ કરોડના રોકાણની અપેક્ષા છે. તેવી જ રીતે ફ્લેક્સી સ્કીમમાં આશરે રૂ. ૪,૦૦૦ કરોડનું રોકાણ આવ્યું હતું. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા મ્યુચ્યુઅલ ફંડના રોકાણની આગેવાની હેઠળના રેકોર્ડ વેચાણથી બજારના ઘટાડાને સાધારણ કરવામાં મદદ મળી હતી. મ્યુચ્યુઅલ ફંડ્સે આ મહિને (૨૧ ઓક્ટોબર સુધી) આશરે રૂ. ૬૬,૦૦૦ કરોડના શેર ખરીદ્યા છે. તાજેતરના વર્ષોમાં બજારની મંદી દરમિયાન, ફંડ રોકાણકારોએ ઈક્વિટી સ્કીમ્સમાં વધુ રોકાણ કર્યું છે. આ સિવાય સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) દ્વારા પણ રોકાણ વધી રહ્યું છે. વર્તમાન નાણાકીય વર્ષમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રેકોર્ડ રોકાણ જોવા મળી રહ્યું છે. રોકાણકારોએ નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ૬ મહિનામાં ઈક્વિટી સ્કીમ્સમાં ચોખ્ખા રૂ. ૨ લાખ કરોડનું રોકાણ કર્યું છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૧.૮ લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

# માઈક્રોસોફ્ટના CEO સત્ય નડેલાનું વેતન વધ્યું

(એજન્સી) મુંબઈ | તા 26

માઈક્રોસોફ્ટના ભારતીય મૂળના CEO સત્ય નડેલાના વેતનમાં ભારે વધારો થયો છે. વર્ષ-2024માં સત્ય નડેલાને કુલ વેતન ભથ્થું મળીને 79.1 મિલિયન ડોલર એટલે કે, ભારતીય રૂપિયામાં ગણીએ તો અધધ 670 કરોડ રૂપિયા મળશે. જે વર્ષ-2023ની સરખામણીમાં 63 ટકાનો વધારો થયો છે. વર્ષ-2014 પછીથી પ્રથમ પ્રસંગ છે જ્યારે સત્ય નડેલાને 79.1 મિલિયન ડોલર કમ્પન્સેશન આપવામાં આવશે. વર્ષ-2014માં તેઓને માઈક્રોસોફટના સીઈઓ બન્યા પછી 84 મિલિયન ડોલર વેતન તરીકે આપવામાં આવ્યું હતું. માઈક્રોસોફટ કંપનીએ ગત રોજ રેગ્યુલેટરી ફાઈલિંગથી સત્ય નડેલાના વેતનમાં કરેલા વધારાની જાણકારી સામે આવી છે. નડેલાના વેતનનો મોટો હિસ્સો પર્ફોર્મન્સ બેસ્ટ સ્ટોક એવોર્ડ્સનો છે. જેની વેલ્યુ 2024માં 71.2 મિલિયન ડોલર છે. ગત વર્ષે 2023માં તેઓએ પર્ફોમન્સ બેસ્ટ સ્ટોક એવોર્ડ તરીકે 39 મિલિયન ડોલર આપવામાં આવ્યા હતા. અને તેઓને પગાર 48.5 મિલિયન ડોલર રહ્યો હતો. માઈક્રોસોફ્ટના શેરમાં વર્ષ-2024માં 28 ટકાનો વધારો જોવા મળ્યો છે અને ગુરુવાર 24 ઓક્ટોબર, 2024ના રોજ કંપનીનું માર્કેટ કેપ વધીને 3.6 ટ્રિલિયન ડોલર થઈ ગયું છે.

# એસીસીએ નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક માટે ટકાઉ પરિણામો નોંધાવ્યા

(એજન્સી) મુંબઈ | તા 26

અદાણી ગ્રુપની પેટા કંપની ભારતની અગ્રણી તથા વિશ્વસનીય સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની એસીસી લિમિટેડે આજે નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક પરિણામો જાહેર કર્યા છે. જેમાં તેણે વોલ્યૂમ ગ્રોથ, કોસ્ટ ઓપ્ટિમાઈઝેશન, અને ક્ષમતામાં સુધારો જેવા માપદંડોમાં સુધારો નોંધાવ્યો છે.એસીસી લિ.ના ડિરેક્ટર અને સીઈઓ શ્રી અજય કપૂરે જણાવ્યું હતું કે, "Q2માં અમારું પ્રદર્શન સિમેન્ટ ઉદ્યોગમાં અગ્રેસર તરીકેની અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. આ ત્રિમાસિકમાં અમારા નાણાકીય પરિણામો - ઊંચા વોલ્યુમો, ખર્ચ ઑપ્ટિમાઇઝેશન, કાર્યક્ષમતામાં વધારો અને સુધારો અમારા FY'25 અને ત્યારબાદ માટેની અમારી ગ્રોથ વ્યૂહરચનાને વેગવાન બનાવે છે. અમારો ગ્રોથ તમામ બજારોમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા સિમેન્ટ ઉત્પાદનોની મજબૂત માંગ, તેમજ ઑપરેશનને ઑપ્ટિમાઇઝ કરવા અને તમામ ESG પેરામીટર્સ પર લીડ કરવાના અમારા સતત પ્રયાસોને આધારિત છે. ઈનોવેશન, ટકાઉપણું અને ગ્રાહક-કેન્દ્રિત અભિગમ દ્વારા સમર્થિત ઓપરેશનલ એક્સેલન્સ માટેની અમારી ઝુંબેશમાં અમારી લીડરશીપની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. અમે અમારા સ્ટેકહોલ્ડર્સ માટે મજબૂત મૂલ્યો પ્રદાન કરવાનું જારી રાખીશું. અમે અમારા સ્પર્ધાત્મક લાભ મારફત સતત નફાકારકતા જાળવી રાખવાનું લક્ષ્યાંક ધરાવીએ છીએ." જેમાં તેણે વોલ્યૂમ ગ્રોથ, કોસ્ટ ઓપ્ટિમાઈઝેશન, અને ક્ષમતામાં સુધારો જેવા માપદંડોમાં સુધારો નોંધાવ્યો છે.

# સપ્ટેમ્બર ત્રિમાસિકમાં 600 જેટલી કંપનીના પ્રમોટરો દ્વારા તેમના હોલ્ડિંગ્સમાં ઘટાડો કરાયો

(એજન્સી) મુંબઈ | તા 26



સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ભારતીય ઈક્વિટીસના ઊંચા મૂલ્યાંકનોનો રિટેલ રોકાણકારો લાભ લઈ શકયા છે કે કેમ તે એક વિશ્લેષણનો વિષય છે પરંતુ પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય છે, કે કંપનીઓના પ્રમોટરો પોતાના શેરની ઊંચી કિંમતનો જરૂર લાભ મેળવી ગયા છે. સપ્ટેમ્બર ત્રિમાસિક માટે ૩૩૦૦ જેટલી કંપનીઓના ઉપલબ્ધ ડેટા પર નજર નાખતા જણાય છે કે જૂન ત્રિમાસિકની સરખામણીએ અંદાજે ૫૯૫ જેટલી કંપનીના પ્રમોટરોએ પોતાની કંપનીઓમાંથી પોતાના હોલ્ડિંગ્સમાં ઘટાડો કર્યો છે. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૨૦૯ જેટલી કંપનીના પ્રમોટરોએ હોલ્ડિંગ્સમાં વધારો કર્યો છે, જ્યારે ૨૫૦૦ જેટલી કંપનીમાં પ્રમોટરોના હોલ્ડિંગ યથાવત રહ્યા છે. પ્રમોટરો દ્વારા ઈક્વિટી હોલ્ડિંગ્સ ઘટાડવા પાછળ અનેક કારણો હોય છે. વ્યક્તિગત નાણાંકીય સંચાલનથી લઈને વ્યૂહાત્મક વેપાર ચાલ જેવા કારણોસર પ્રમોટરો પોતાની માલિકીના શેરોનું વેચાણ કરતા હોય છે અથવા હાથ બદલો કરતા હોય છે.આ ઉપરાંત કંપની પરના દેવાબોજમાં ઘટાડો કરવા અથવા નવા સાહસ ઊભા કરવા માટે મૂડી ઊભી કરવા પણ આ વેચાણ આવતા હોવાનું જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી બજારમાં વેલ્યુએશન ઊંચા બોલાઈ રહ્યા હતા આવી સ્થિતિમાં પ્રમોટરો માટે પોતાના હિસ્સાનું વેચાણ કરવાનું સરળ રહે છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. ભારતીય બજારમાં એક તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો માલ વેચી રહ્યા છે જ્યારે ઘરેલું સંસ્થાકીય રોકાણકારો ખરીદી રહ્યા છે તેને કારણે પણ પ્રમોટરોને હોલ્ડિંગ્સ વેચવાનું સરળ પડે છે. પ્રમોટરો દ્વારા તેમના હિસ્સાના વેચાણ પાછળના કારણો જાણ્યા વગર વેચાણને પેનિક તરીકે લેવાવું જોઈએ નહી એમ પણ વિશ્લેષકે ઉમેર્યું હતું.

# માલદીવ નહીં હવે આ દેશ ભારતીયોનું ફેમસ ટુરિસ્ટ સ્પોટ બન્યું

(એજન્સી) મુંબઈ | તા 26

દિવાળી આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભારતીયોનું વેકેશન ગાળવા પોતાના મનગમતા સ્થળો પર નીકળી પડતા હોય છે. દિવાળી અગાઉ જે દેશોમાં જવાનું ભારતીયો સૌથી વધુ પસંદ કરે છે તેમાં હવે ટોચ પર માલદીવ નહિ પરંતુ સિંગાપુર આવી ગયું છે. સિંગાપુરમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ ઉછાળો આવ્યો છે. આ કેલેન્ડર વર્ષ-2024ના પહેલા નવ મહિનામાં 13 ટકાનો વધારો થયો છે. હવે આ આ વધારો 898,180 પર પહોંચી ગયો છે. સિંગાપુર સરકારે જાહેર કરેલા આંકડાઓએ એવા સમયે જાહેર કર્યા છે જ્યારે સિંગાપુરમાં વિશ્વ પ્રસિદ્ધ હોટલ અને શોપિંગ ક્ષેત્રમાં યોજાનાર ઉત્સવોની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ઈન્ડોનેશિયા અને ચીન જેવા દેશો પછી સિંગાપુરમાં સૌથી વધુ પ્રવાસીઓ ભારતમાંથી આવે છે. વર્ષ-2023માં 10 લાખથી વધુ ભારતીય પ્રવાસીઓએ સિંગાપોરની મુલાકાત લીધી હતી, મળતી માહિતી અનુસાર, આ વર્ષના પ્રથમ નવ મહિનામાં (જાન્યુઆરીથી સપ્ટેમ્બર) ભારતીય પ્રવાસીઓના આગમનમાં 13 ટકાનો વધારો થયો છે અને આ આંકડો 898,180 પર પહોંચી ગયો છે. દરમિયાન, ઉદ્યોગ નિરીક્ષકોએ તેના આંતરરાષ્ટ્રીય પ્રવાસન બજારને જાળવી રાખવા પર સિંગાપોરના ધ્યાન પર ભાર મૂક્યો હતો. સિંગાપોર વર્ષના અંતની રજાઓ માટે ભારતીય પ્રવાસીઓ માટે મુખ્ય સ્થળ બની ગયું છે. સત્તાવાર માહિતી અનુસાર, ભારત છેલ્લા ત્રણ વર્ષથી માલદીવ માટે સૌથી મોટા પ્રવાસી સ્ત્રોતોમાંનું એક હતું, પરંતુ હવે તેનું રેન્કિંગ છઠ્ઠા સ્થાને આવી ગયું છે. આ વર્ષે ઓગસ્ટ સુધીમાં 77,326 ભારતીય પ્રવાસીઓ માલદીવ આવ્યા હતા, જ્યારે વર્ષ-2023માં આ સંખ્યા 2,09,198 હતી.

# ઈન્ડોનેશિયાએ દેશમાં Apple iPhone 16 પર પ્રતિબંધ મૂક્યો

મુંબઈ I તા. 26




ઈન્ડોનેશિયાએ દેશમાં Apple iPhone 16 પર પ્રતિબંધ મૂક્યો છે. જો કોઈ તેનો ઉપયોગ કરે તો તેને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો છે. એપલે તેના રોકાણના વચનને પૂર્ણ ન કર્યું જેને લઈને ઈન્ડોનેશિયા દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ડોનેશિયાએ દેશમાં Appleના iPhone 16ના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. ઈન્ડોનેશિયાના ઉદ્યોગ મંત્રી અગુસ ગુમીવાંગ કર્તસસ્મિતાએ જાહેરાત કરી હતી કે ઈન્ડોનેશિયામાં વેચાયેલ કોઈપણ આઈફોન 16 ગેરકાયદેસર છે. તેણે ગ્રાહકોને વિદેશમાં iPhone 16 ખરીદવા સામે ચેતવણી પણ આપી હતી. કર્તસસ્મિતાએ કહ્યું કે જો કોઈ વ્યક્તિ ઈન્ડોનેશિયામાં iPhone 16 ચલાવે છે તો તેનો અર્થ એ છે કે ઉપકરણ ગેરકાયદેસર છે. અને કોઈ ઉપયોગ કરતું હોય તો જાણ કરવા જણાવ્યું. કર્તસસ્મિતાએ કહ્યું કે ઈન્ડોનેશિયામાં iPhone 16 માટે કોઈ ઈન્ટરનેશનલ મોબાઈલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી (IMEI) પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું નથી. એપલ દ્વારા ઈન્ડોનેશિયામાં રોકાણનું વચન અધૂરું રહેવાના કારણે આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એવું નોંધવામાં આવ્યું હતું કે ટેક જાયન્ટ એપલે વચન મુજબ 1.71 ટ્રિલિયન રુપિયામાંથી 1.48 ટ્રિલિયન રુપિયા ($95 મિલિયન)નું રોકાણ કર્યું છે, જે 230 બિલિયન રુપિયા ($14.75 મિલિયન) ની અછત છોડીને છે. કર્તાસસ્મિતાએ તેમની ઓફિસમાં જણાવ્યું કે ઉદ્યોગ મંત્રાલય હજુ સુધી iPhone 16 માટે પરમિટ આપવામાં સક્ષમ નથી, કારણ કે હજુ પણ કેટલીક પ્રતિબદ્ધતાઓ છે જે Appleને પૂરી કરવાની છે. આ મહિનાની શરૂઆતમાં, મંત્રીએ જાહેરાત કરી હતી કે Appleનો iPhone 16 હજુ ઈન્ડોનેશિયામાં વેચી શકાશે નહીં. કારણ કે TKDN પ્રમાણપત્ર હજુ સુધી મંજૂર કરવામાં આવ્યું નથી, Apple તરફથી વધુ રોકાણની રાહ જોવાઈ રહી છે. TKDN પ્રમાણપત્ર માટે કંપનીઓને ઈન્ડોનેશિયામાં તેમના ઉત્પાદનો વેચવા માટે 40 ટકા સ્થાનિક સામગ્રીની આવશ્યકતાઓને પૂર્ણ કરવાની આવશ્યકતા છે. આ પ્રમાણપત્ર દેશમાં Apple એકેડમી તરીકે ઓળખાતી સંશોધન અને વિકાસ સુવિધાઓ સ્થાપિત કરવાની Appleની યોજના સાથે સીધી રીતે જોડાયેલું છે. એપ્રિલમાં એપલના સીઈઓ ટિમ કૂકની જકાર્તાની મુલાકાત છતાં આ જાહેરાત કરવામાં આવી છે.

# 1 કરોડથી વધુ બોનસ શેરની મળી મંજૂરી, શેરમાં લાગી અપર સર્કિટ

(એજન્સી) નવી દિલ્હી I તા. 25

સ્મોલ કેપ સ્ટોકના આ શેરમાં આજે એટલે કે 25 ઓક્ટોબરના રોજ અપર સર્કિટ લાગી છે. અપર સર્કિટ લાગ્યા બાદ કંપનીના શેર બીએસઈમાં 80.90 રૂપિયાના સ્તરે પહોંચી ગયા હતા. આ કંપનીની 52 સપ્તાહની ઊંચી સપાટી છે. તમને જણાવી દઈએ કે, આજે એટલે કે 25 ઓક્ટોબરના રોજ શેર વધવા પાછળનું કારણ બોનસ શેરની ફાળવણી માટે બોર્ડની મંજૂરી છે. સ્ટોક એક્સચેન્જોને આપવામાં આવેલી માહિતીમાં કંપનીએ કહ્યું છે કે બોર્ડે 24 ઓક્ટોબર, 2024ના રોજ 1,00,02,204 શેરની ફાળવણીને મંજૂરી આપી છે. ગ્રોવી ઈન્ડિયાએ રોકાણકારો માટે એક શેર પર 3 શેરના બોનસની જાહેરાત કરી છે. કંપનીએ આ બોનસ શેર માટેની રેકોર્ડ તારીખ 23 ઓક્ટોબર 2024 નક્કી કરી હતી. તમને જણાવી દઈએ કે, BSE ડેટા અનુસાર, કંપનીએ પ્રથમ વખત બોનસ શેરની જાહેરાત કરી હતી. કંપનીએ અગાઉ 23 સપ્ટેમ્બરે એક્સ-ડિવિડન્ડ સ્ટોક તરીકે ટ્રેડિંગ કર્યું હતું. ત્યારે કંપનીએ 0.10 રૂપિયાનું ડિવિડન્ડ આપ્યું હતું. અગાઉ, કંપનીએ 2023 માં રોકાણકારોને ડિવિડન્ડ પણ આપ્યું હતું.

# FPIનું 25 દિવસમાં જ રૂ. 1 લાખ કરોડનું વિક્રમી વેચાણ

મુંબઈ I તા. 26

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ (એફપીઆઈઝ) ભારતને અલવિદા કહીને પલાયન થવાનું ચાલુ રાખીને શેરોમાં ઓકટોબર મહિનાના ૨૫ દિવસમાં જ રૂ.૧,૦૦,૨૫૩ કરોડનું જંગી વિક્રમી વેચાણ કર્યું છે. આ મુજબ ઓકટોબર મહિનામાં વિદેશી ફંડોએ અત્યાર સુધીમાં માત્ર ૨૫ દિવસમાં જ ૧૦ અબજ ડોલરથી વધુ મૂડી ઘરભેગી કરી છે. આ સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડોમેસ્ટિક ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટરો (ડીઆઈઆઈઝ) દ્વારા આ ૨૫ ટ્રેડીંગ દિવસમાં રૂ.૯૬૭૮૮ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરવામાં આવી છે. પરંતુ શેરોમાં સતત ધોવાણ થતું જોવાયું છે. વિદેશી રોકાણકારોએ ભારત પર જાણે કે ભરોસો ગુમાવ્યો હોય એમ સતત વેચવાલી કરી રહ્યા છે. ભારતીય શેર બજારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી શેરોમાં ઐતિહાસિક અવિરત તેજી જોવાઈ વર્ષ ૨૦૨૪માં જ સેન્સેક્સ ૨૭, સપ્ટેમ્બર ૨૦૨૪ના ૮૫૯૭૮.૨૫ની સર્વોચ્ચ વિક્રમી ટોચ બનાવી હતી. આ સાથે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૨૬૨૭૭.૩૫ની વિક્રમી ટોચ બનાવી હતી. શેરોમાં લાંબા સમયથી રેકોર્ડ તેજી જોવાયા બાદ ઘણા શેરોમાં વેલ્યુએશન કંપનીની કામગીરી અને ફંડામેન્ટલ કરતાં વધુ ખર્ચાળ બનતું જોવાયું છે. સેબી અને બજારના એનાલિસ્ટો, નિષ્ણાંતોએ છેલ્લા કેટલાક સમયથી સ્મોલ, મિડ કેપ શેરોમાં વેલ્યુએશન કંપનીઓના ફંડામેન્ટલ સાથે બંધબેસતું નહીં હોવાનું જણાવીને રોકાણકારોને ચેતવવાનું શરૂ કરી દીધું હતું. આ સાથે ફંડોએ પણ પોતાના રોકાણ પોર્ટફોલિયોને હળવો કરવાનું શરૂ કરી દીધું છે. ફોરેન ફંડોની શેરોમાં સતત વેચવાલી સામે મ્યુચ્યુઅલ ફંડો હજું શેરોમાં ઊંચા ભાવે રિટેલ રોકાણકારોની સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (એસઆઈપીઝ) થકી દર મહિને રૂ.૨૧,૦૦૦ કરોડ જેટલા આવતાં રોકાણ થકી ખરીદી કરતાં રહ્યા છે. પરંતુ બજારમાં શેરોમાં સતત ધોવાણ થઈ રહ્યા સાથે સેન્સેક્સ, નિફ્ટી, સ્મોલ કેપ, મિડ કેપ ઈન્ડેક્સ તૂટતાં જોવાઈ રહ્યા છે. ઈઝરાયેલ-હમાસ-હિઝબુલ્લા વચ્ચે યુદ્ધ સાથે ઈરાન સાથે ઘર્ષણને લઈ જીઓપોલિટીકલ ટેન્શન તેમ જ ચાઈના તેના અર્થતંત્રને ઉગારવા મેગા સ્ટીમ્યુલસ-રાહત પેકેજ જાહેર કરતાં વિદેશી ફંડો ભારતમાંથી રોકાણ વેચીને ચાઈનામાં રોકાણ તરફ વળી રહ્યાના સંકેતે પણ ભારતીય શેર બજારોમાં શેરોના ભાવો તૂટતાં જોવાઈ રહ્યા છે.

૨૫ ટ્રેડીંગ દિવસોમાં સેન્સેક્સ પણ ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૪ના ૮૪૨૯૯.૭૮ના લેવલથી ૪૮૯૭.૨૯ પોઈન્ટ એટલે કે ૫.૮૧ ટકા ઘટીને ૭૯૪૦૨.૨૯ના લેવલે આવી ગયો છે. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ પણ જે ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૪ના ૨૫૮૧૦.૮૫ના લેવલથી ૧૬૩૦.૦૫ પોઈન્ટ એટલે કે ૬.૩૨ ટકા તૂટીને ૨૪૧૮૦.૮૦ના લેવલે આવી ગયા છે. જ્યારે રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન પણ આ ૨૫ દિવસમાં રૂ.૪૭૧.૩૫ લાખ કરોડથી રૂ.૩૪.૩૭ લાખ કરોડ ધોવાઈ જઈને રૂ.૪૩૬.૩૭ લાખ કરોડ રહી ગયું છે.

# બ્રિસ્ક વોક શું છે ?

## દરરોજ 2 KMના ચાલવાથી શરીરમાં શું ફેરફાર થાય છે?



આજકાલ સ્વસ્થ રહેવું કોઈ પડકારથી ઓછું નથી. ખોરાકમાં ભેળસેળ, ઝેરી હવા અને વ્યસ્ત જીવનશૈલી એ અન્ય કારણો છે જે આપણા શરીરને નાની ઉંમરમાં જ રોગોનું ઘર બનાવે છે. જો કે, આ વાતાવરણમાં પણ વ્યક્તિ સ્વસ્થ રહી શકે છે. આ માટે રોજ વોક કરવું જરૂરી છે. આવો તમને જણાવીએ કે દરરોજ માત્ર 2 કિલોમીટર ચાલવાથી શરીરને શું ફાયદો થાય છે. ભારતમાં હૃદયરોગના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. લોકોને નાની ઉંમરમાં હાર્ટ એટેક આવતા હોય છે. હવે પ્રશ્ન એ છે કે આનું મુખ્ય કારણ શું છે? વ્યસ્ત જીવનશૈલી અને ખાણીપીણીની ખરાબ આદતો નાની ઉંમરમાં ગંભીર રોગોનો ભોગ બનવાના મુખ્ય કારણો છે. વધુ પડતો તળેલો ખોરાક ખાવો, કસરત ન કરવી અને ધૂમ્રપાન જેવી ખરાબ ટેવો શરીરને રોગોનું ઘર બનાવી રહી છે. લીલા શાકભાજી કે ફળોનું સેવન કરીને અને થોડો સમય શારીરિક પ્રવૃત્તિ કરીને સ્વસ્થ જીવન જીવી શકાય છે. દિલ્હી-એનસીઆર સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં ખરાબ હવાનું સ્તર વધ્યું હોવા છતાં નિષ્ણાતો હજુ પણ થોડો સમય ચાલવાની સલાહ આપે છે. અહીં આપણે બ્રિસ્ક વોક વિશે વાત કરવાના છીએ. જો તમે રોજ માત્ર 2 કિલોમીટર ચાલશો તો તેનાથી શરીરને બમણો ફાયદો થશે. હાર્ટના દર્દીઓ નિષ્ણાતોની સલાહ પર આ પ્રકારનું વોક કરી શકે છે. આવો તમને જણાવીએ કે દરરોજ 2 કિલોમીટર ચાલવાથી શરીરને શું ફાયદો થાય છે.

### ઝડપી ચાલવું શું છે? What is Brisk walk ?

આ પ્રકારના વોકમાં આપણે સામાન્ય વોક કરતા થોડું ઝડપથી ચાલવું પડે છે. ધ્યાન રાખો કે આમાં એકદમ દોડવું નહીં. આમાં, એક સામાન્ય વ્યક્તિ એક કલાકમાં 3 માઇલ ચાલે છે અથવા આપણે દર મિનિટે 100 પગલાં ભરવા પડે છે. આ સમય દરમિયાન આપણા હૃદયના ધબકારા 110 થી 120 ધબકારા પ્રતિ મિનિટ થઈ જાય છે. દિલ્હીની સફદરજંગ હોસ્પિટલના ડો. જુગલ કિશોર શર્મા કહે છે કે વધતા પ્રદૂષણ વચ્ચે આપણે સાંજે ચાલવું જોઈએ કારણ કે સવારે એક્સપોઝર વધુ હોય છે.

**હૃદય અને ફેફસાંને ફાયદો કરે છે |** જો તમે દરરોજ બ્રિસ્ક વોક કરો છો, તો માત્ર 2 કિલોમીટર ચાલવું એ હૃદય અને ફેફસા બંનેના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આમ કરવાથી આપણો સ્ટેમિના પણ વધે છે. તેથી, આપણે દરરોજ ઓછામાં ઓછું 2 કિલોમીટરની આ પદયાત્રા કરવી જોઈએ. હાર્ટ પેશન્ટે આ પ્રકારનું વોકિંગ રૂટીન હેલ્થ એક્સપર્ટની સલાહ પર જ શરૂ કરવું જોઈએ.

**આ બાબતો ધ્યાનમાં રાખો |** ચાલવાનું શરૂ કરતા પહેલા જાણી લો કે તમે જે ફૂટવેર પહેર્યા છે તે આરામદાયક છે કે નહીં. કારણ કે સ્ટાઈલ ખાતર ચાલવા માટે કોઈપણ જૂતા પહેરવાથી ફાયદાને બદલે નુકસાન થાય છે. ખોટા ફૂટવેરને કારણે દિવસભર થાક અથવા પગમાં દુખાવો થઈ શકે છે. હવામાં પ્રદૂષણ વધ્યું છે, તેથી શ્વસન સંબંધી સમસ્યાઓથી બચવા માટે સલામતીની કાળજી લેવી જરૂરી છે. જો તમે બહાર જાઓ છો, તો માસ્ક પહેરવાનું ભૂલશો નહીં. આ સિવાય વધુ સમય સુધી ચાલશો નહીં કારણ કે હૃદય સંબંધિત સમસ્યાઓ સ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. કેટલાક લોકો, લાભ મેળવવા માટે, ચાલવાથી શરીર પર વધારાનું દબાણ લાવે છે. નિષ્ણાતો કહે છે કે હંમેશા તમારા શરીરને સાંભળો. તમારા શરીરને સતર્ક રાખો અને જ્યારે પણ તેને આરામની જરૂર હોય ત્યારે તેને આરામ આપો.

**બ્લડ પ્રેશર નિયમન |** આ કસરત કરવાથી આપણું બ્લડપ્રેશર પણ નિયંત્રણમાં રહે છે. વાસ્તવમાં, આ યોગ્ય રક્ત પરિભ્રમણમાં મદદ કરે છે અથવા તેને સુધારે છે. ઝડપી ચાલવાની દિનચર્યા સાથે, આપણે હૃદય રોગના જોખમને ઘટાડી શકીએ છીએ.

**સાંધા માટે લાભો |** આજકાલ લોકો નાની ઉંમરમાં જ સાંધાના દુખાવા જેવી ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. યુરિક એસિડ વધવાથી અથવા સંધિવા સહિત અન્ય સમસ્યાઓને કારણે આવું થઈ શકે છે. આનાથી રાહત મેળવવા માટે, વ્યક્તિએ દરરોજ ઝડપી અથવા સામાન્ય ચાલવું જોઈએ. હેલ્થ એક્સપર્ટના મતે આનાથી સાંધામાં લવચીકતા આવે છે.

**વજન નિયંત્રણનો ફાયદો |** જો તમે અઠવાડિયામાં 5 વખત 30 મિનિટ ઝડપી વૉકિંગ કરો છો, તો તે વજન નિયંત્રણ અથવા વજન ઘટાડવા જેવા ફાયદા પ્રદાન કરે છે. ચાલવાથી વધારાની કેલરી બર્ન થાય છે. તેથી, તમે આ પ્રકારના વૉકિંગથી વજન ઘટાડવા અથવા વજન વ્યવસ્થાપન જેવા ફાયદા મેળવી શકો છો.

# અંજીર કે ખજૂર, દૂધમાં શું મેળવીને ખાવાથી વધુ ફાયદો વધારે થાય છે?


શિયાળાની ઋતુ લગભગ આપણી પાસે છે. આ ઋતુમાં લોકો પોતાના ખાનપાનનું ખૂબ ધ્યાન રાખે છે. શિયાળામાં મોટાભાગના લોકો ડ્રાયફ્રૂટ્સ ખાવાનું પસંદ કરે છે. આ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે અને શરીરને અંદરથી ગરમ રાખવાનું કામ કરે છે. સૂકા ફળો એન્ટી-ઓક્સિડન્ટસ. પ્રોટીન. વિટામિન્સ અને ચરબી જેવા ઘણા પોષક તત્વોના પાવરહાઉસ છે. તે શરીરને પૂરતું પોષણ આપવાની સાથે તેને એનર્જીથી પણ ભરપૂર રાખે છે. દિલ્હીની ધર્મશિલા નારાયણ હોસ્પિટલના મુખ્ય આહાર નિષ્ણાત પાયલ શર્મા કહે છે કે કેટલાક લોકોને દૂધ સાથે ડ્રાયફ્રૂટ્સ ખાવાનું પસંદ છે. મોટાભાગના લોકો અંજીર અને ખજૂરને દૂધમાં ઉકાળીને પીવે છે. જો કે, મોટાભાગના લોકો મૂંઝવણમાં રહે છે કે આ બંને વચ્ચે સૌથી શક્તિશાળી સંયોજન કયું છે? ચાલો નિષ્ણાતો પાસેથી જાણવાનો પ્રયાસ કરીએ. ડાયટિશિયન પાયલ શર્મા કહે છે કે અંજીર અને ખજૂર બંને સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક ફળ છે. જો આને દૂધમાં ભેળવીને ખાવામાં આવે તો તેના ફાયદાઓ વધી જાય છે.



અંજીરમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે.
તેમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ્સ શરીરને એનર્જી આપે છે અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. બીજી તરફ, ખજૂરમાં કુદરતી ખાંડ હોય છે, જે તાજગી અને ઊર્જાનો સ્ત્રોત છે. જ્યારે તમે અંજીર અથવા ખજૂરને દૂધમાં ભેળવીને પીવો છો, તો તે એક પૌષ્ટિક પીણું બની જાય છે. તે હાડકાં માટે ફાયદાકારક છે, કારણ કે દૂધમાં કેલ્શિયમ હોય છે અને અંજીરમાં મેગ્નેશિયમ હોય છે. તે ત્વચા માટે પણ ફાયદાકારક છે, જે તમને ગ્લો આપે છે. અંજીર અથવા ખજૂર મિક્ષ કરીને દૂધ પીવાથી તમારો થાક દૂર થશે. આ તમને દિવસભર ઉર્જાવાન રાખે છે. જો તમે વજન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છો, તો તમે અંજીર અને ખજૂરનું દૂધ પી શકો છો. તેનાથી પેટ લાંબા સમય સુધી ભરેલું રહેશે. આ તમને અતિશય આહારની સમસ્યાથી બચાવશે, આવી સ્થિતિમાં, અંજીર અને ખજૂર બંને સાથે દૂધ પીવું એકદમ સ્વાસ્થ્યપ્રદ છે. આ પીવાથી તમે સ્વસ્થ રહેશો.

# આધ્યાત્મિક સ્વસ્થતા

શરીર રોગનું ઘર છે. જીવનના અંત સુધી આપણે અનેક રોગના ભોગ બનીએ છીએ. પરિણામે આજે રોગ, પીડા, ડૉક્ટર, નિદાન અને દવા અનિવાર્ય બન્યાં છે. તંદુરસ્તીને આવશ્યક સમજી માનવ વર્ષોથી ચિકિત્સા પદ્ધતિમાં ઉત્તરોત્તર સુધારો કરતો આવ્યો છે. આની સાથે જ સ્વસ્થ્ય અને તંદુરસ્ત જીવન જીવવા માટે પોતાની જીવનશૈલી પણ સારી રીતે કેળવતો જાય છે. નિયમિત યોગા, કસરત, વોકિંગ, જોગિંગ દ્વારા પોતાનું જીવન સ્વસ્થ બનાવવા માટે પ્રયત્નશીલ રહે છે. આ બધું કરવા છતાં શું અંતે માનવ સંપૂર્ણ સ્વસ્થ છે?





ડૉ. જોન બોરીસેન્કો જણાવે છે કે, શ્રેષ્ઠ જીવન જીવવા માટે દરેક વ્યક્તિએ શરીર-મન-આત્માના ત્રણેય સ્તરોની પૂરેપૂરી સંભાળ રાખવી જોઈએ. મન અને આત્માનું પ્રેરકબળ છે આધ્યાત્મિકતા.

અનેક વૈજ્ઞાનિક પુરાવાઓએ સાબિત કર્યું છે કે, જે વ્યક્તિ ભગવાનમાં શ્રદ્ધા રાખે છે, તેનું માનસિક સ્વાસ્થ્ય સારું હોય છે. ભગવાનમાં અતૂટ શ્રદ્ધા પ્રતિકૂળ સંજોગોમાં પણ સ્થિરતા અર્પે છે અને જો માનવી માનસિક રીતે સ્વસ્થ હોય તો વિપરિત પરિસ્થિતિમાં પણ સકારાત્મકતાના બળે હળવાશ અનુભવે છે.

થોડાં વર્ષો પહેલાં રાજકોટના એક નર્સિંગ હોમમાં એક પ્રસુતાએ દીકરાને જન્મ આપ્યો. પરિવારમાં નવા સભ્યનું આગમન થયું એટલે બધાને ખૂબ આનંદ થયો. પણ અચાનક ડોક્ટરે વાત કરતાં કહ્યું, આ બાળકને હોઠ, નાક, તાળવું કે આંખો કંઈ જ નથી. આવાં બાળક ને જીવતો રાખતા,આખો પરિવાર દુ:ખી થશે એનાં કરતાં જો પરિવારનાં સભ્યોની સંમતિ હોય તો તેને ઈન્જેકશન દ્વારા શાંત કરી દઈએ. પરિવારના સભ્યો ઊંડા ઉતરી ગયા . ત્યાં બાળકના દાદાએ પરિવારના બધા સભ્યોને ભેગા કરીને કહ્યું, 'જુઓ, આવડી મોટી દુનિયામાં આવો છોકરો ભગવાને બીજા કોઈને ત્યાં મોકલવાને બદલે આપણે ત્યાં જ કેમ મોકલ્યો? ભગવાનને આપણા પર કેટલો મોટો વિશ્વાસ હશે કે,હું આ છોકરાને જે ઘરે મોકલું છું ત્યાં બધા એને સાચવશે. પ્રેમથી એને લાડ લડાવશે અને એની અપૂર્ણતાને પૂર્ણ કરવા પ્રયાસ કરશે. ભગવાને આપણા પરિવાર પર મૂકેલા વિશ્વાસને આપણે તૂટવા નથી દેવો. આપણે બધા સભ્યો એની થોડી-થોડી જવાબદારી વહેંચી લઈએ અને એને મોટો કરીએ. પરિવારના બધા સભ્યો થોડો-થોડો સમય આ બાળક માટે કાઢે અને આપણે એને પગભર કરીએ.'

પરિવારના વડીલની વાત બધાએ આદરપૂર્વક સ્વીકારી.સમયાંતર આ છોકરા પર એક પછી એક 8થી વધુ ઓપરેશન થયાં. બાળકના દાદાએ એને પગભર કરવા માટે શાળામાં દાખલ કરવાનો વિચાર કર્યો. શરૂઆતમાં તો કોઈ શાળા એને સ્વીકારવા તૈયાર ન થઈ. પછી એક શાળામાં એને એડમિશન મળ્યું અને આ છોકરો ભણવામાં બીજા બાળકો કરતાં ધીમે-ધીમે આગળ નીકળી ગયો અને શાળામાં પ્રથમ નંબર લાવતો થયો. ત્યારપછી તો દાદાજીએ બાળકને બ્રેઈલ લિપિ, કમ્પ્યૂટર શીખવાડ્યાં અને છોકરો બધાંમાં પાવરધો થયો.

રાજકોટના રહેવાસી આ છોકરાનું નામ છે ઉત્તમ મારુ, અને ભગવાનમાં આસ્થા રાખી એને આરીતે તૈયાર કરનાર દાદાજીનું નામ છે કુંવરજીભાઈ મારુ. ઉત્તમ હવે સેલિબ્રિટી બની ગયો છે. આ છોકરાને 150થી વધુ ગીતો યાદ છે અનેક શ્લોક મોઢે છે. દુનિયા અને ભારતના સામાન્ય જ્ઞાનની અદભુત સમજ ધરાવે છે. શ્રીમદ ભગવદગીતાના તમામ અઠાર અધ્યાયના કુલ 700 શ્લોક એણે કંઠસ્થ કરીને મધુર અવાજે ગાયા છે. ગાયન,

તબલા અને હાર્મોનિયમમાં વિશારદ છે. 11 ઉપનિષદ, નારદનું ભક્તિસૂત્ર, પતંજલિનું યોગસૂત્ર અને પાણિનીનાં અષ્ટાધ્યાયનાં 4 હજાર સૂત્રો એને કંઠસ્થ છે. ઉત્તમ મારુને ભારત સરકારે બાળકો માટેના સર્વોચ્ચ એવોર્ડ 'બાલશ્રી'થી સન્માનિત કર્યો છે. જન્મતાની સાથે જ જેને શાંત કરવાના વિકલ્પ મળ્યા હતા,તે આજે પોતાની અદભુત કળાથી દુનિયાને શાંત કરી રહ્યો છે જેનું પ્રેરકબળ રહ્યું આધ્યાત્મિકતા. તેના દાદા આધ્યાત્મિક સ્વસ્થતા ધરાવતા હતા તો એક જીવ ને સકારાત્મકતા નાં બળે ઉગારી લીધો.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે મૂળ તો શરીર અને અધ્યાત્મનો સંબંધ અનાદિનો છે. આપણાં શાસ્ત્રોમાં મનુષ્યની તમામ ઇંદ્રિયો અને અંગોમાં દેવોનો વાસ છે એવાં વર્ણનો આવે છે. આ વર્ણનો અનુસાર કાનના દિશા, ત્વચાના પવન, ચક્ષુના સૂર્ય, જીભના પ્રચેતા, વાક્ના અશ્વિનીકુમાર, વાણીના અગ્નિ, પગના વિષ્ણુ, હાથના ઈંદ્ર, ગુદાના મિત્ર, ઉપસ્થના પ્રજાપતિ, બુદ્ધિના બ્રહ્મા, મનના ચંદ્રમા, ચિત્તના અચ્યુત, અહંકારના રુદ્ર વગેરે દેવ છે. આ બધા દેવોનું પોષક તત્ત્વ છે ભગવાન. જેટલા આપણે વધુ મંદિરમાં જઈએ કે ભગવાન સંબંધી કર્મ કરીએ, તેટલું આ દેવોને પોષણ મળે છે. દેવોને પોષણ મળતાં શરીર પણ પોષાય છે અને સ્વસ્થ રહે છે.

-રાધિકા શુક્લા

# સંતાન પ્રાપ્તિ માટે દંપતીઓ પુણ્ય કર્મ ચૂકવીને ઋણ ઉધારમાં લેતા પણ ખચકાતા નથી

## અબજોપતિ આગળ રૂપિયાના ભંડાર સાથે નોકર ચાકર બધું જ હોવા છતાંય એ એના સુખ ને સમજવું અઘરું છે.મોટાભાગના અબજોપતિઓના મુખ પર ખુશીનું કુત્રિમ આવરણ લાગેલું હોય છે, સૃષ્ટી નો મધ્યમ વર્ગીય મનુષ્ય કદાચ એની લાઇફમાં ખુશ હોઇ શકે એને ખબર હોય છે "થોડા હે થોડે કી જરૂરત હૈ

જે કર જુલાવે પારણુ..

એક વાર વિદ્વાનો ની સભામાં ચર્ચા થઈ કે દુનિયા નું મોટા માં મોટું સુખ ક્યું? અને દુ:ખ ક્યું? આ વિષય પર દિવસો મહિનાઓ વર્ષો વિતી ગયા છતાંય વિદ્વાનો ચોક્કસ નિષ્કર્ષ પર પોહચી શકતા નહતા.ત્રણ ગ્રુપ ના અલગ અલગ મત મતાંતર હતા એક ગ્રુપ નું માનવું હતું કે દુનિયા માં મોટા માં મોટું દુ:ખ ગરીબ હોવું એ છે મનુષ્ય આગળ રૂપિયા નથી તો એનું મૂલ્ય ગમે તેટલો વિદ્વાન કેમ ના હોય? શૂન્ય છે. એ અન્ય પ્રત્યે પોતાની હદય ની લાગણીઓ અને શરીરનો પરસેવો પડતો હોવા છતાંય એની કિંમત નથી હોતી. સુખ ની વ્યાખ્યા અમુક ટોપિક થી કરવી શક્ય નથી સુખ એ મનુષ્ય અંદર થી ઉદ્દભવતો આનંદ નો અવિરત પ્રવાહ છે. અબજોપતિ આગળ રૂપિયાના ભંડાર સાથે નોકર ચાકર બધું જ હોવા છતાંય એ એના સુખ ને સમજવું અઘરું છે. મોટાભાગના અબજોપતિઓના મુખ પર ખુશીનું કુત્રિમ આવરણ લાગેલું હોય છે. સૃષ્ટી નો મધ્યમ વર્ગીય મનુષ્ય કદાચ એની લાઈફમાં ખુશ હોઈ શકે એને ખબર હોય છે "થોડા હે થોડે કી જરૂરત હૈ".બીજા ગ્રુપ નું માનવું હતું કે સુખ દુ:ખ બન્ને સરખા પુત્ર પ્રાપ્તિ સમયે પરિવાર ની ખુશીઓ આસમાને હોય છે,પુત્ર જન્મની ખુશીમાં હદથી વધારે ખર્ચ થઈ જતાં હોય છે. પરિવાર માં પુત્ર જન્મ એ સુખ છે. પુત્ર બાળપણ બાદ યુવાની મા પગ મૂકતાં એ માબાપ ને સુખ આપવા ને બદલે દર્દ પીડા આપે ત્યારે પુત્ર સુખ એ દુ:ખ મા ફેરવાઈ જતા હોય છે.

ત્રીજા ગ્રુપ નું માનવું સમજવું એ હતું કે સુખ દુ:ખ ની વ્યાખ્યા "સ્ત્રી ના માતૃત્વ થી" કરી શકાય.કદાચ આ દુનિયા માં ધન દોલત સંપતિ કરતા પણ મોટા માં મોટું દુ:ખ નિસંતાન દંપતીઓ નું છે. સંતાન ને જન્મ આપતા થતી અસહ્ય પીડા કરતા વધારે પીડા અન્ય નથી..આમ છતાંય પ્રત્યેક સ્ત્રીની માતૃત્વ ધારણ કરવાની ઝંખના એટલી હદે હોય છે કે લગ્ન બાદ "માં"બનવાનું મનગમતું સ્વપ્નું જોયા કરતી હોય છે.લગન બાદ અમુક વર્ષે માતૃત્વ ધારણ કરી શકતી નથી ત્યારે એની પીડા વર્ણવી ખૂબ અઘરી છે.

નિસંતાન માતાઓ ને સમાજ પણ શાંતિ થી ક્યાં જીવવા દેતો હોય છે? આ સ્ટેજ એ નિસંતાન સ્ત્રીઓ અનેક માનસિક રોગ નો શિકાર થઈ જતી હોય છે. માતૃત્વ ધારણ કરવાની પ્રબળ ઈચ્છાઓના લીધે માતૃત્વ ધારણ કરવું મુશ્કેલ બને છે ત્યારે એ દિન પ્રતિદિન ડીપ્રેસ થઈ જતાં એનું જીવન બેહાલ બની જતુ હોય છે. સુખ ની વ્યાખ્યા પણ નિસંતાન દંપતીઓને માટે ધન દોલત કરતા બાળક ની પ્રાપ્તિ હોય છે.આ દુનિયા માં પ્રત્યેક મનુષ્ય એ ખુદનું સુખ ભૌતિક ચીજ વસ્તુઓ એટલે સમૃદ્ધિ સંપતિ સમજો. નિસંતાન દંપતીઓનું સુખ સંતાન પ્રાપ્તિ અને દુ:ખ સંતાન નથી. ત્રણેય ગ્રુપ ના વિદ્વાનો ની ચર્ચા ના અંતે સહમતી સાથે તારણ નીકળ્યું કે મનુષ્ય નું સુખ દુ:ખ એ સંતાન સંબંધી વધારે હોય છે.



સુખની વ્યાખ્યા
- રુપાલી દવે

વર્તમાન સમયમાં વિજ્ઞાન ની અતિ ફાસ્ટ પ્રગતિ ના લીધે નિસંતાન દંપતીઓ પણ બાળક ની પ્રાપ્તિ કરી શકે છે. આઈ વી એફ ટેસ્ટ ટ્યુબ બેબી,સરોગટ મધર વગેરે વગેરે વિજ્ઞાન એ કરેલ શોધ માં માણસ ને ભગવાનના ચમત્કાર નો અનુભવ થાય છે.

હિન્દુ ધર્મના ધાર્મિક ગ્રંથો માં યશોદા જી ના પ્રથમ પુત્ર બલરામજી નો જન્મ રોહિણી ના કૂખે થયો હતો પ્રશ્ન થાય કે આવું કેમ? જન્મ રોહિણી જી એ આપ્યો ને પુત્ર યશોદાજી ના કહેવાયા.એ સમય માં પણ સરોગેટ મધર પ્રેગ્નન્સી શક્ય હશે ત્યારે તો શક્ય બન્યું છે. મહાભારત અનુસાર ૧૦૦ કૌરવો ને માતા ગાંધારી એ જન્મ નહતો આપ્યો.૧૦૦ કૌરવોનો જન્મ ૧૦૦ માટી ના ઘડા માં થયો હતો.કદાચ એ યુગ મા પણ આઈ.વી એફ એટલે ટેસ્ટ ટ્યુબ બેબી જેવી પદ્ધતિ હશે. ભગવાન શ્રી કૃષ્ણ એ પુત્ર દેવકી જી ના હતા પરંતુ ઓળખાયા યશોદા નંદન, બાળ કૃષ્ણ ને સુતિકા ગૃહ માં યશોદાજી એ બન્ને હાથ માં લઈને છાતી સરસા ચાંપ્યા ત્યારથી ભગવાન એની પાલક માતા ના હદય માં સમાઈ ગયા હતા એટલે પાલક માતા હોવા છતાંય યશોદા ના લાલ કહેવાયા. હાલ માં મૃત્યુ પામેલા દેશના દયાળુ સેવાભાવી ઉદ્યોગપતિ રતન ટાટા પણ અનાથ જનમ્યા હતા પરંતુ એના પાલક પિતા નવલ ટાટા એ એને ગોદ લીધા બાદ ક્યારેય અનાથ રાખ્યા નહતા.રતન ટાટા એ ટાટા પરિવાર નો કોહિનૂર હીરો બની ને દેશ દુનિયામાં "ટાટા ગૃપ" નું નામ રોશન કર્યું છે. રતન ટાટા એ દેખાડા ઓથી દૂર તદન સાદગી પૂર્ણ નિસ્વાર્થ સેવાનો ભેખ ધારણ કર્યો હતો. આ દેશના પનોતા પુત્ર એ ખુદને અનાથ સમજતા બાળકો ને સમજાવ્યું કે "માનો તો અનાથ છો ના સમજો તો ખુદમાં અનાથ શબ્દ સાથે જીવો છો"

નિસંતાન દંપતીઓ બાળકો ને એડોપ્ટ લીધા બાદ એની કાળજી ખુદ કરતા પણ વધારે રાખતા હોય છે.

પ્રગતિના રસ્તા પર બાળક ને લઈ સંસ્કાર અને સભ્યતાનું સિંચન કરીને પરિવાર નું લાડલું સભ્ય બનાવે છે.સંતાન પ્રાપ્તિ માટે દંપતીઓ પુણ્ય કર્મ ચૂકવી ને ઋણ ઉધાર માં લેતા પણ ખચકાતા નથી. કેમ? નિસંતાન માતા પિતા ના ઘરમાં કિલકારી કરી ને દોડા દોડ કરતું બાળક કોનું? મારું કે અન્ય નું એવું નથી હોતું એના માટે બાળક એનો લાડલો કે લાડલી હોય છે.બાળક ની આંખ માં પણ માબાપ સામુ નજર કરતા જ આનંદ નો ઉત્સવ હોય છે. આ આનંદ નો ઉત્સવ નિહાળી ને જ નિસંતાન દંપતીઓ બાળક ને સમજણ આવતા છૂપાવે છે કે એ અનાથ આશ્રમ નું ત્યજેલું બાળક નથી પ્રેમથી જતન થયેલું ખુદનું બાળક છે. આવું કેમ? પોતાનું બાળક પોતાનાથી દૂર થઈ જશે તો એનો ભય નિસંતાન દંપતીઓ ને સતાવતો હોય છે.

આવ્યો ત્યારે ખબર નહતી કોણ પિતા હશે??


જન્મ થયો ત્યારે સમજણ નહતી માં એટલે શું?



જ્યારે લાવારિસ હાલત માં ઝાડી ઝાંખરામાં સતત રડતા નવજાત બાળક પર માંસાહાર પ્રાણીઓ નજર પડે એ પહેલા પોલીસ દ્વારા રેસ્કયું થઈને અનાથ આશ્રમ માં રાખવા મા આવે છે.આવા બિન વારસી અનાથ બાળકો પગભર થાય ત્યાં સુધીની એની સંપૂર્ણ જવાબદારીઓ સરકાર લેતી હોય છે. સરકાર દ્વારા નિસંતાન દંપતીઓ માટે અનાથ બાળકો ના એડોશન ની વ્યવસ્થા પણ હોય છે. દર વર્ષે ૧૦૦ માંથી ઓછી સંખ્યા માં બાળકો એડોપ્ટ થતાં હોય છે છતાંય ભાગ્યશાળી બાળકો એડોપ્ટ થતાં હોય છે આવા ભાગ્યશાળી અનાથ બાળકો ની લાઈફ સરળ સુખ સગવડતા ભરી ખુશ હોય છે. જ્યારે અન્ય અનાથ બાળકો નું જીવન હાડમારી ભર્યું અને મજબૂર હોય છે.

વાસ્તવિકતા તો એ છે કે ભાગ્ય શાળી અડોપ્ટ થયેલ બાળકો એ એના માતા પિતા નો ઉપકાર મૃત્યુ પર્યંત પણ ભૂલવો જોઈએ નહિ. એના દિલ માં એના માતપિતા નું સ્થાન ભગવાન કરતા પણ ઊંચું હોવું જોઈએ.

ઘણી વખત અનાથ બાળકો ને યુવાન થતાં અન્ય સગા સબંધીઓ દ્વારા ખબર પડે કે એ એના માતાપિતા નું એડોપ્ટ બાળક છે ત્યારે એ એના પાલક માતા પિતા થી પોતાનો નાતો છોડી ને દુર થઈ જતાં હોય છે ત્યારે એ પાલક માતા પિતા ની આંખો માંથી દર્દ માં નીકળતા આંસુઓનું સમાધાન ભગવાન માટે પણ આપવું અશક્ય છે.કારણ કે એના આંસુઓ માટે એ ખુદ જવાબદાર હોય છે એટલે..



# અપારશક્તિ ખુરાનાને પિતાએ ધોઈ નાખ્યો હતો

## ક્રિકેટ કોચનો અનાદર કર્યો હતો; એક્ટરે કહ્યું- હવે હું કોઈ શિક્ષકનું અપમાન નથી કરતો

(એજન્સી) મુંબઈ | તા.26


એક્ટર બનતા પહેલા અપારશક્તિ ખુરાના ભારતીય ટીમમાં સ્ટાર ક્રિકેટર બનવા માંગતો હતો. તેણે કહ્યું કે એક દિવસ ક્રિકેટ એકેડમીમાં પ્રેક્ટિસ સેશન પછી તેના પિતા તેને બેટથી માર્યા બાદ ઘરે લઈ ગયા. તેનું કારણ એ હતું કે તેણે પોતાના કોચનો અનાદર કર્યો હતો. શુભંકર મિશ્રાને આપેલા એક ઈન્ટરવ્યુમાં અપારશક્તિએ કહ્યું કે જ્યારે તેના કોચે તેને ટીમ માટે કેટલાક વરિષ્ઠ ખેલાડીઓની ભરતી કરવાનું કહ્યું ત્યારે તે પોતાની કેપ્ટનશિપને લઈને અસુરક્ષિત બની ગયો. પછી તેણે આ વાત સામેની ટીમના ખેલાડીને કહી. અપારશક્તિને લાગ્યું કે બીજી ટીમ વાંધો ઉઠાવશે. જો કે આવું બન્યું ન હતું. બંને ટીમના કોચ મિત્રો પણ હોઈ શકે છે તે સમજવા માટે તે ખૂબ ભોળો હતો.

અપારની ભૂલની જાણ થતાં પિતા ગુસ્સે થયા હતા. જ્યારે અપારશક્તિ બીજા દિવસે એકેડમી પહોંચ્યો ત્યારે તેને ખબર પડી કે તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. દરમિયાન તેના પિતા એકેડમીમાં આવ્યા. તે કોચને મળ્યો. જ્યારે પિતાને ખબર પડી કે તેમનો પુત્ર ટીમમાં સામેલ નથી તો તેણે કોચને આનું કારણ પૂછ્યું. ત્યારબાદ કોચે તેમને કહ્યું કે અપારશક્તિએ ટીમના ગુપ્ત આયોજનને અન્ય ટીમો સાથે શેર કર્યું હતું.

આ સાંભળીને અપારશક્તિના પિતા ગુસ્સે થઈ ગયા. તે અપારને એકેડમીમાંથી તેના ઘરે લઈ ગયો અને તેને બેટથી માર્યો. આ અંગે તેણે કહ્યું, 'તમે માનશો નહીં કે અમારું ઘર એકેડેમીથી એક કિલોમીટર દૂર હતું, તેઓએ મને બધી રીતે માર્યો.

મને ખબર નથી કે આજે લોકો તેની સાથે સહમત થશે કે નહીં. પિતાએ કહ્યું હતું કે જેઓ તેમના ગુરુ, બ્રહ્મા વિષ્ણુ મહેશ (હિંદુ દેવતાઓ)નું અપમાન કરે છે, તે બધા આ પૃથ્વી પર એકઠા થાય છે, તેઓ તમને ભારતીય રાષ્ટ્રીય ટીમમાં સામેલ કરવામાં મદદ કરી શકતા નથી, કારણ કે તમે તમારા ગુરુનું અપમાન કર્યું છે.'

હવે અપારશક્તિ દરેક શિક્ષકને માન આપે છે અપારશક્તિએ આગળ કહ્યું, 'આ ઘટના પછી મેં ક્યારેય કોઈ શિક્ષકનું અપમાન કર્યું નથી. આજે પણ જો મારાથી નાની વ્યક્તિ મને ટ્રેઈન કરવા માટે જીમમાં આવે છે તો હું તેને સર કહીને બોલાવું છું અને ક્યારેય એવું નથી થતું કે હું તેમનો અનાદર કરું.



# અલ્લુ - પવન કલ્યાણ વચ્ચે ઝઘડો ચાલે છે?

## ચૂંટણીમાં ભત્રીજાએ કાકાને સમર્થન નહોતું આપ્યું, સંબંધો પર ફિલ્મ પ્રોડ્યૂસરે આપ્યો અભિપ્રાય


(એજન્સી) મુંબઈ | તા.26


ચાહકો 'પુષ્પા 2: ધ રૂલ'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ 05 ડિસેમ્બરે થિયેટર્સમાં રિલીઝ થઈ રહી છે. દરમિયાન, તાજેતરની ઈવેન્ટ દરમિયાન, પ્રોડ્યુસર્સે એક મોટું રહસ્ય જાહેર કર્યું છે. આ ઈવેન્ટ દરમિયાન મેકર્સે અલ્લુ અર્જુન અને પવન કલ્યાણ વચ્ચેની લડાઈ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે. કેમ કે, ઘણા સમયથી અફવાઓ ચાલી રહી છે કે અલ્લુ અર્જુન અને પવન કલ્યાણ વચ્ચે લડાઈ ચાલી રહી છે. ચાલો જાણીએ કે મેકર્સે આ અંગે શું કહ્યું છે.

નોંધનીય છે કે, 2024 માં યોજાયેલી ચૂંટણી દરમિયાન અલ્લુ અર્જુને YSRC પાર્ટીના ધારાસભ્ય અને તેની મિત્ર શિલ્પા રવિચંદ્ર કિશોર રેડ્ડીને સમર્થન આપ્યું હતું, ત્યારબાદ એવી અફવાઓ હતી કે અલ્લુ અર્જુન તેના કાકા પવન કલ્યાણને છોડી દેશે અને તેઓ તેમના મિત્રને સમર્થન આપી રહ્યા છે, જે પછી તેમના વચ્ચે સંબંધો બગડ્યા હોવાની અફવા ઉડી હતી.

તાજેતરમાં હૈદરાબાદમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, 'પુષ્પા 2: ધ રૂલ'ના નિર્માતા નવીન યેર્નેની અને યાલામંચીલી રવિશંકરે અફવાઓ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે.

આ દરમિયાન નવીન યરનેનીએ કહ્યું - ચૂંટણી દરમિયાન કેટલીક ઘટનાઓ બની, પરંતુ મને ખાતરી છે કે તેના તમામ ચાહકો આ ફિલ્મ જોવાનું પસંદ કરશે. તે બધા પરિવારો





એકબીજા સાથે સારા છે. રવિશંકરે કહ્યું કે અલ્લુ અર્જુન અને પરિવારના બાકીના સભ્યો વચ્ચે કોઈ મતભેદ નથી, તેમના સંબંધો સારા છે. રવિશંકરે એ પણ જણાવ્યું કે તેમણે ચૂંટણી દરમિયાન જ તેમના મિત્રને સમર્થન આપ્યું હતું. નવીન યરનેનીએ કહ્યું કે નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણે 'કલ્કિ' દરમિયાન પણ તેમનો ઘણો સાથ આપ્યો હતો અને તેમને આશા છે કે પવન કલ્યાણ આ વખતે પણ તેમનો સાથ આપશે.

# Googleએ બોલિવુડ પર રાજ કરનારા સિંગરનું બનાવ્યુ ડૂડલ

(એજન્સી) મુંબઈ | તા.26

ગૂગલે આજે સ્વર્ગસ્થ ગાયક કૃષ્ણકુમાર કુન્નાથ એટલે કે કે.કે. નું ડૂડલ બનાવ્યું છે. 1996માં આ દિવસે કેકેએ ડેબ્યૂ કર્યું હતું. તેણે 'છોડ આયે હમ' દ્વારા 'માચીસ' દ્વારા બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. કેકેએ આ ગીત હરિહરન, સુરેશ વાડકર અને વિનોદ સહગલ સાથે ગાયું હતું. આજે આ ફિલ્મને 28 વર્ષ પૂરા થયા છે. ગુલઝાર દ્વારા નિર્દેશિત 'માચીસ'માં તબ્બુ અને ચંદ્રચુડ સિંહે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ હિટ રહી હતી. તેનું ગીત 'છોડ આયે હમ' આજે પણ સુપરહિટ ગીત છે. આ ગીત માટે કેકેની પ્રશંસા કરવામાં આવી હતી. આ પછી તેણે ક્યારેય પાછું વળીને જોયું નથી. તેણે ઘણી ફિલ્મોમાં ગીતો ગાયા. તેણે લાઈવ કોન્સર્ટ અને ઈવેન્ટ્સ દ્વારા ઘણી લોકપ્રિયતા મેળવી. કેકેનો જન્મ 23 ઓગસ્ટ 1968ના રોજ દિલ્હીમાં થયો હતો. તેમણે દિલ્હી યુનિવર્સિટીની કિરોરી માલ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. સંગીતની દુનિયામાં પ્રવેશતા પહેલા તેણે માર્કેટિંગમાં કામ કર્યું હતું. 1994 માં, તેમણે લોકપ્રિય ભારતીય કલાકારોને ડેમો ટેપ રજૂ કરી અને વ્યવસાયિક જિંગલ્સ ગાવાનું શરૂ કર્યું. કેકેએ 1999માં ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ'ના ગીત 'તડપ તડપ' સાથે હિન્દી સિનેમામાં બેકગ્રાઉન્ડ સિંગર તરીકે ડેબ્યૂ કર્યું હતું. કેકેએ તેનું પહેલું આલ્બમ 'પાલ' પણ 1999માં જ બહાર પાડ્યું હતું. આ આલ્બમનું દરેક ગીત ખૂબ હિટ રહ્યું અને તેને લાઈમલાઈટમાં લાવી દીધું. કેકેએ 11 ભાષાઓમાં 3,500 જિંગલ્સ ગાયા છે. કેકે અઢી દાયકાની કારકિર્દી દરમિયાન હિન્દીમાં 500 થી વધુ ગીતો અને તેલુગુ, બંગાળી, કન્નડ અને મલયાલમમાં 200 થી વધુ ગીતો ગાયા.

# આયુષમાનની હોરર ફિલ્મમાં વિલન તરીકે નવાઝુદ્દિન...



મુંબઈ : આયુષમાન ખુરાના તથા રશ્મિકા મંદાનાની આગામી હોરર ફિલ્મમાં નવાઝુદ્દિન સિદ્દિકી વિલનની ભૂમિકામાં જોવા મળશે.

'થામ્બા' ટાઈટલ ધરાવતી ફિલ્મમાં સિદ્દિકીના પાત્રને બહુ જ સનકી અને હિંસક બતાવાશે તેનું કનેક્શન પ્રાચીન વિજયનગર એમ્પાયર સાથે હશે. તે બદલો લેવા માટે વર્તમાનમાં ફરી પરત ફરે છે અને બે મુખ્ય પાત્રો પર અંકુશ જમાવે છે તેવી વાર્તા હશે તેમ કહેવાય છે.

આ હોરર-કોમેડી ફિલ્મનું નિર્માણ નવેમ્બરના અંતમાં અથવા તો ડિસેમ્બરની શરૂઆતમાં થવાની શક્યતા છે. આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાનાની જોડી પહેલીવાર સાથે દેખાશે.

# એક સમએ કપિલને ખાવાના ફાંફા પડી ગયા હતા

## ફિલ્મ પ્રોડક્શનના ચક્કરમાં કપિલનું બેંક બેલેન્સ ઝીરો થઇ ગયું અને ડિપ્રેશનમાં જતો રહ્યો



(એજન્સી) મુંબઈ | તા.26

કપિલ શર્માએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે જ્યારે તેણે ફિલ્મ પ્રોડક્શનમાં પ્રવેશ કર્યો ત્યારે તે નાદાર થઈ ગયો હતો. જેના કારણે તે ડિપ્રેશનનો શિકાર પણ બન્યો હતો. 'ફીલ ઈટ ઈન યોર સોલ' પોડકાસ્ટમાં કપિલે જણાવ્યું કે તેણે કેવી રીતે ફિલ્મો બનાવવાનું નક્કી કર્યું? જ્યારે તેણે બે ફિલ્મો કરી ત્યારે તેનું બેંક બેલેન્સ એકદમ ઝીરો થઈ ગયું હતું.

તેણે કહ્યું, 'હું પાગલ હતો. મેં બે ફિલ્મો કરી હતી. ખરેખર, શું થયું કે મારી પાસે ઘણા પૈસા હતા. મેં વિચાર્યું કે પૈસા વ્યક્તિને નિર્માતા બનાવે છે. પરંતુ માત્ર પૈસા જ કોઈને નિર્માતા નથી બનાવી શકતા.

કપિલનું બેંક બેલેન્સ ઝીરો થઈ ગયું હતું. કપિલે આગળ કહ્યું, 'નિર્માતાઓની વિચારસરણી અલગ હોય છે. નિર્માતા બનવા માટે અલગ તાલીમ છે. મેં ઘણા પૈસા વેડફ્યા અને મારું બેંક બેલેન્સ શૂન્ય થઈ ગયું.

જ્યારે તે ડિપ્રેશનમાં હતો ત્યારે તેની પત્નીએ તેને મદદ કરી હતી. કપિલે કહ્યું કે તે ડિપ્રેશનમાં ગયો હતો. ત્યારબાદ તેની પત્ની ગિન્નીએ આ ખરાબ સમયમાંથી બહાર કાઢ્યો. કપિલે 2017 અને 2018માં બે ફિલ્મો 'ફિરંગી' અને 'સન ઓફ મનજીત સિંહ' બનાવી હતી. બંને ફિલ્મોને દર્શકો અને વિવેચકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. આ બે ફિલ્મો કર્યા પછી કપિલ નાદાર થઈ ગયો.

કપિલ 1200 રૂપિયા લઈને મુંબઈ પહોંચ્યો હતો કપિલે એ પણ જણાવ્યું કે તે માત્ર 1200 રૂપિયા લઈને મુંબઈ આવ્યો હતો. એક દિવસ તેની પાસે ખાવા માટે કંઈ નહોતું. આ દિવસ મુશ્કેલીઓથી ભરેલો હતો. કપિલના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આ દિવસોમાં તે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા' શોની બીજી સીઝન હોસ્ટ કરી રહ્યો છે. આ શો નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થાય છે.

# 'કુછ કુછ હોતા હૈ' ફિલ્મ જોવા માંગતો હતો વરુણ ધવન

## પિતા ડેવિડ ભડક્યા અને કહ્યું, 'તને અહીં રસ્તામાં જ ઉતારી દઈશ', ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' એ જ દિવસે રિલીઝ થઈ હતી




(એજન્સી) મુંબઈ | તા.26

વરુણ ધવને તાજેતરમાં તેના પિતા ડેવિડ ધવનની ફિલ્મ 'બડે મિયાં ઔર છોટે મિયાં'ની રિલીઝ વિશે વાત કરી હતી. તેણે કહ્યું, 'બડે મિયાં અને છોટે મિયાં વચ્ચેની ટક્કર કરન જોહરની ફિલ્મ 'કુછ કુછ હોતા'થી થઈ હતી. મને યાદ છે કે મેં કરનની ફિલ્મ જોવાની મારી ઈચ્છા વ્યક્ત કરી હતી, જેનાથી મારા પિતા ખૂબ ગુસ્સે થયા હતા. તેમણે મને કહ્યું કે હું તમને અહીં લંડનના રસ્તાઓ પર છોડી દઈશ.

ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરતા વરુણ ધવને કહ્યું, 'બડે મિયાં છોટે મિયાં'નું પ્રીમિયર લંડનમાં થયું હતું. મને ખબર નથી કે તેઓએ ત્યાં આવું કેમ કર્યું અને નિર્માતાઓએ અમને એક લિમોઝીન (એક મોટી અને વૈભવી કાર) આપી જેમાં ગોવિંદા અને અમિતાભ બચ્ચનના ચહેરા હતા. અમે એ લિમોઝીનમાં લંડનની શેરીઓમાંથી પસાર થઈ રહ્યા હતા. પરંતુ હું 'કુછ કુછ હોતા હૈ' ફિલ્મ જોવા માંગતો હતો. તે સમયે હું કરનને ઓળખતો પણ નહોતો.

વરુણે કહ્યું, 'મને કુછ કુછ હોતા હૈ' ખૂબ જ શાનદાર ફિલ્મ લાગી. મેં મારા પિતાને કહ્યું કે મારે આ ફિલ્મ જોવી છે, તો તેમણે મને કહ્યું કે, હું તને અહીં લંડનના રસ્તાઓ પર છોડી દઈશ. મને યાદ છે કે તેને કહ્યું હતું કે તમે બાળકો સાથે આવું વર્તન કરી શકતા નથી. દેખીતી રીતે 'કુછ કુછ હોતા હૈ'ને ભારે લોકપ્રિયતા મળી. છેવટે, કરન જોહરે જ મને લોન્ચ કર્યો હતો. 1998માં બે મોટી ફિલ્મોની ટક્કર થઈ હતી વર્ષ 1998માં બોક્સ ઓફિસ પર બે મોટી ફિલ્મો વચ્ચે ટક્કર થઈ હતી. આ બંને ફિલ્મો 16 ઓક્ટોબર, 1998ના રોજ રિલીઝ થઈ હતી. 'બડે મિયાં છોટે મિયાં'માં અમિતાભ બચ્ચન અને ગોવિંદા મુખ્ય ભૂમિકામાં હતા. તે જ સમયે, કરન જોહરની ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ'માં શાહરૂખ ખાન, 'કાજોલ, રાની મુખર્જી અને ફરીદા જલાલ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા.

વરુણે 2012માં એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી વરુણ ધવને 2012માં કરન જોહરની ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર'થી એક્ટર તરીકે પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તે જ વર્ષે, તેનું નામ ફિલ્મફેર બેસ્ટ મેલ ડેબ્યુ એવોર્ડ્સ માટે પણ નોમિનેટ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મોમાં વરુણ જોવા મળશે વરુણ ધવનની જાસૂસી એક્શન-થ્રિલર વેબ સિરીઝ 'સિટાડેલ: હની બન્ની' સાઉથ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ સાથે 7 નવેમ્બરના રોજ OTT પર રિલીઝ થશે. આ પછી વરુણ ધવન બીજી એક્શન ફિલ્મ બેબી જ્હોનમાં જોવા મળશે.



# સાઈ પલ્લવી મુશ્કેલીમાં ફસાઈ

## ભારતીય સેના પરનું નિવેદન વાયરલ, વીડિયો જોઈ લોકો ગુસ્સે થયા



(એજન્સી) મુંબઈ | તા.26

અભિનેત્રી સાઈ પલ્લવીના ચાહકો તેને ફિલ્મ 'થંડેલ'માં જોવાની રાહ જોઈ રહ્યા છે. સાઈને ફરી એકવાર સ્ક્રીન પર જોવા માટે ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે. જોકે, સાઈનો એક જૂનો વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં સાઈને યુઝર્સની આકરી ટીકાનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આ વીડિયોમાં અભિનેત્રી કહે છે કે ભારતીય સેનાને પાકિસ્તાનમાં 'આતંકવાદી જૂથ' માનવામાં આવે છે. ચાલો જાણીએ અભિનેત્રીએ બીજું શું કહ્યું.

સાઈ ટ્રોલ થઈ અભિનેત્રી સાઈ પલ્લવીને તેનો એક જૂનો વીડિયો ઓનલાઈન સામે આવ્યા બાદ ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો જેમાં તેણે કહ્યું હતું કે ભારતીય સેનાને પાકિસ્તાનમાં 'આતંકવાદી જૂથ' ગણવામાં આવે છે. તેણે કહ્યું, 'પાકિસ્તાનના લોકો માને છે કે અમારી સેના એક આતંકવાદી જૂથ છે. પરંતુ અમારા માટે, તે એ જ છે. પરિપ્રેક્ષ્ય બદલાય છે. હું હિંસા સમજી શકતી નથી.'

આ નિવેદનને લઈને ટીકા થઈ હતી સાઈ પલ્લવીનો વાયરલ વીડિયો જાન્યુઆરી 2022માં લેવાયેલા ઈન્ટરવ્યૂનો છે. ક્લિપમાં તે કહેતા સાંભળી શકાય છે, 'પાકિસ્તાનના લોકો માને છે કે અમારી સેના એક આતંકવાદી જૂથ છે. પરંતુ અમારા માટે, તે સેના છે.' ભારતીય સેનાને પાકિસ્તાનમાં પણ 'આતંકવાદી જૂથ' ગણવામાં આવે છે. નેટિઝન્સને તેનું નિવેદન પસંદ ન આવ્યું અને તેઓએ અભિનેત્રી પર દેશની સશસ્ત્ર દળોનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો.

કમેન્ટ સેક્શનમાં અભિનેત્રીને આ પ્રશ્ન પૂછ્યા વીડિયો સામે આવતાની સાથે જ નેટીઝન્સે કોમેન્ટ સેક્શનમાં પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો અને તેના માટે તેની ટીકા કરી. એક યુઝરે લખ્યું, 'શું ભારતે ક્યારેય અન્ય દેશોના પ્રદેશોમાં ઘૂસણખોરી કરી છે, જેના કારણે તે દેશને આતંકવાદી ગણવામાં આવે છે? અન્ય એક યુઝરે પૂછ્યું, શું ભારત હંમેશા પાકિસ્તાન અને ચીનથી પોતાના પ્રદેશોને બચાવવાનું લક્ષ્ય નથી રાખતું? તો પછી શા માટે ભારતીય સૈનિકોને આતંકવાદી ગણવામાં આવે છે?

સાઈ પલ્લવીનું વર્કફ્રન્ટ વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, સાઈ પલ્લવી નિતેશ તિવારીની 'રામાયણ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. આ ફિલ્મમાં તે સીતાનું પાત્ર ભજવતી જોવા મળશે. KGF સ્ટાર યશ રાવણનું પાત્ર ભજવશે અને અહેવાલોનું માનીએ તો સની દેઓલ ભગવાન હનુમાનની ભૂમિકા ભજવશે.

# કોહલી તેના કરિયરનો સૌથી ખરાબ શોટ રમીને બોલ્ડ થયો



(એજન્સી) પૂર્ણે તા 26

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચની ટેસ્ટ સિરીઝની બીજી મેચ પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ (MCA) માં રમાઈ રહી છે. આ મેચમાં ન્યૂઝીલેન્ડે પહેલી ઈનિંગમાં 259 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતીય ટીમે ખરાબ બેટિંગ કરી અને ટીમ 156 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ. ભારતીય ટીમની સૌથી મોટી આશા સ્ટાર બેટર અને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી પર હતી, પરંતુ તેણે નિરાશ કર્યા.

વિરાટ કોહલી 9 બોલનો સામનો કરતાં માત્ર એક રન બનાવી શક્યો હતો. ઈનિંગની 24મી ઓવરમાં કિંગ કોહલીને લેફ્ટ આર્મ સ્પિનર મિચેલ સેન્ટનર બોલ્ડ કર્યો હતો. કોહલી મિડલ સ્ટમ્પની તરફ સ્લાઈડ થતો લો ફૂલટૉસ બોલ ખોટી લાઈન પર રમ્યો. આવી સ્થિતિમાં તે બોલને રમવામાં થાપ ખાઈ ગયો અને બોલ્ડ થયો. કોહલી જે રીતે આઉટ થયો એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ હતો. ખુદ કોહલીએ પણ કલ્પના નહીં કરી હોય કે તે આ રીતે આઉટ થશે. કોહલી થોડી સેકન્ડો માટે પિચ પર નાખુશ થઈને ઊભો રહ્યો અને પછી પેવેલિયન તરફ ચાલ્યો ગયો. સંજય માંજરેકર કહ્યું- તેણે તેની કારકિર્દીનો સૌથી ખરાબ શોટ રમ્યો અને આઉટ થયો કોમેન્ટેટર સંજય માંજરેકરે વિરાટ કોહલીના આ રીતે આઉટ થવાને સૌથી દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું છે. માંજરેકરે લખ્યું, 'હે ભગવાન! વિરાટ પોતે જાણતો હશે કે તેણે તેની કારકિર્દીનો સૌથી ખરાબ શોટ રમ્યો અને આઉટ થયો. તે તેના માટે દુઃખદ છે, કારણ કે તે હંમેશાંની જેમ નક્કર અને સારા ઈરાદા સાથે આવે છે. 2021 ટેસ્ટમાં સ્પિનર્સ સામે ખરાબ રેકોર્ડ જો જોવામાં આવે તો વર્ષ 2021થી ટેસ્ટ ક્રિકેટમાં સ્પિન બોલરો સામે વિરાટ કોહલીનો રેકોર્ડ કંઈ ખાસ રહ્યો નથી. વર્ષ 2021-24 દરમિયાન કોહલી અત્યારસુધી ટેસ્ટ ક્રિકેટમાં 21 વખત સ્પિન બોલરોનો શિકાર બન્યો છે. આ સમયગાળા દરમિયાન તે 10 વખત ડાબા હાથના સ્પિનરથી બોલ્ડ થયો હતો. આ જ ગ્રાઉન્ડ પર પોતાની બેસ્ટ ઈનિંગ રમી હતી પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમમાં વિરાટ કોહલીનો રેકોર્ડ શાનદાર રહ્યો છે, પરંતુ આ વખતે તે નિષ્ફળ રહ્યો છે. કોહલીએ આ મેદાન પર ત્રણેય ફોર્મેટ સહિત કુલ 13 મેચ રમી છે, જેમાં તેણે 72.16ની સરેરાશથી 866 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ચાર સદી ફટકારી હતી. જો જોવામાં આવે તો વિરાટ કોહલીએ પુણેમાં કુલ 3 ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેણે 89.33ની એવરેજથી 268 રન બનાવ્યા છે. વિરાટ કોહલીનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ સ્કોર અણનમ 254 રન છે, જે તેણે 2019માં સાઉથ આફ્રિકા સામે આ જ મેદાન પર બનાવ્યો હતો. આ મેદાન પર કોઈપણ બેટર્સનો આ સર્વશ્રેષ્ઠ સ્કોર છે.

# ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત

## અભિમન્યુ, હર્ષિત અને નીતિશને તક; સાઉથ આફ્રિકા સામે T20 ટીમની પણ જાહેરાત

(એજન્સી)નવી દિલ્હી તા 26




ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર ગાવસ્કર સિરીઝ માટે શુક્રવારે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય ટીમ આવતા મહિને ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાની છે, જ્યાં ટીમ પાંચ મેચની ટેસ્ટ સિરીઝ રમશે. ભારતે બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ સિરીઝ માટે 18 સભ્યોની ટીમમાં અભિમન્યુ ઈશ્વરન, હર્ષિત રાણા અને નીતિશ કુમાર રેડ્ડીની પસંદગી કરી છે. પીઠની સમસ્યાને કારણે કુલદીપ યાદવ ટીમનો ભાગ નથી. ફાસ્ટ બોલર મોહમ્મદ શમી હજુ સંપૂર્ણ રીતે ફિટ નથી. 22 નવેમ્બરથી પર્થમાં પ્રથમ મેચ ટીમ ઈન્ડિયા 3 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ રમવા જઈ રહી છે. પ્રથમ મેચ 22 નવેમ્બરથી પર્થમાં અને બીજી મેચ 6 ડિસેમ્બરથી એડિલેડમાં રમાશે. ટીમ ઈન્ડિયા 2014 બાદ ઓસ્ટ્રેલિયા સામે કોઈ ટેસ્ટ સિરીઝ હારી નથી.

**ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ભારતની ટીમ:** રોહિત શર્મા (કેપ્ટન), જસપ્રીત બુમરાહ (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, અભિમન્યુ ઈશ્વરન, શુભમન ગિલ, વિરાટ કોહલી, કેએલ રાહુલ, રિષભ પંત (વિકેટકીપર), સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિચંદ્રન અશ્વિન, રવીન્દ્ર જાડેજા. મોહમ્મદ સિરાજ, આકાશ દીપ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, નીતિશ કુમાર રેડ્ડી અને વોશિંગ્ટન સુંદર.

**સાઉથ આફ્રિકા સામે 4 T20 મેચ માટે ભારતની ટીમ :** સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), રિંકુ સિંહ, તિલક વર્મા, જીતેશ શર્મા (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, રમણદીપ સિંહ, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, વિજયકુમાર વૈશાક, અર્શદીપ સિંહ, આવેશ ખાન અને યશ દયાલ.

# ન્યુઝીલેન્ડના ખેલાડીએ સ્પિનને લઈને ટીમ ઈન્ડિયાની મજાક ઉડાવી

(એજન્સી) પૂર્ણે તા 26



સચિનનો યુગ પૂરો' ટીમ ઈન્ડિયાના બેટ્સમેનો ન્યુઝીલેન્ડના સ્પિનરો સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. પરિણામ એ આવ્યું કે આખી ટીમ 156 રનમાં સમેટાઈ ગઈ. પ્રથમ મેચમાં તેણે સ્વિંગ બોલિંગનો ભોગ લીધો હતો. ભારતીય ટીમની આ હાલત જોઈને ન્યુઝીલેન્ડના બે દિગ્ગજ ખેલાડીઓએ આખી ટીમની મજાક ઉડાવી હતી. ટીમ ઈન્ડિયાએ પુણે ટેસ્ટમાં સ્પિન વિકેટ લઈને શ્રેણીમાં વાપસી કરવાનું વિચાર્યું હતું. પરંતુ રમતના બીજા દિવસે જ્યારે આખી ટીમ માત્ર 156 રનમાં જ પડી ભાંગી ત્યારે કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરની યોજનાઓ બરબાદ થઈ ગઈ હતી. વિરાટ કોહલી અને શુભમન ગિલ જેવા બેટ્સમેનો ન્યુઝીલેન્ડના સ્પિનરો સામે પોતાની જ જાળમાં ફસાઈ ગયા હોય તેવું લાગી રહ્યું હતું. આના પર ન્યુઝીલેન્ડના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર અને કોમેન્ટેટર સિમોન ડોલે ઝાટકણી કાઢી અને જાહેરમાં તેનું અપમાન કર્યું.સિમોન ડોલે પુણેમાં ન્યુઝીલેન્ડ સામે ટીમ ઈન્ડિયાના અભિગમની આકરી ટીકા કરી હતી. 7 વિકેટ લેનાર મિશેલ સેન્ટનરને ઘૂંટણિયે પડેલા ભારતીય બેટ્સમેનોને જોઈને તેણે કહ્યું કે, 'એ ગેરસમજ છે કે તે સ્પિનનો સારો ખેલાડી છે. સચિન તેંડુલકર, સૌરવ ગાંગુલી કે રાહુલ દ્રવિડનો યુગ ગયો. હવે ભારતીય ટીમના ખેલાડીઓ પણ અન્ય દેશોના બેટ્સમેનો જેવા છે. સારા સ્પિનરો આવતાની સાથે જ તેમને સમસ્યા થવા લાગે છે. IPLમાં પણ આવું જ જોવા મળ્યું હતું. બોલ સ્પિન થવા લાગ્યો કે તરત જ બેટ્સમેનો ફરિયાદ કરવા લાગ્યા.'

# ભારત-પાકિસ્તાન વચ્ચે નહીં થાય ફાઈનલ, ચાહકોને લાગ્યો મોટો ઝટકો

(એજન્સી) દુબઈ તા 26

ઈમર્જિંગ એશિયા કપ હવે અંતિમ તબક્કામાં છે. તેની પ્રથમ સેમીફાઈનલ મેચ શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે રમાઈ છે. જેમાં શ્રીલંકાની ટીમે જીત મેળવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. આ સાથે જ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધુ એક ટક્કરની શક્યતા પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. શ્રીલંકાની ટીમે ઈમર્જિંગ એશિયા કપની સેમીફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ચાહકોને ચોંકાવી દીધા છે. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને 135 રન બનાવ્યા હતા, જેનો પીછો શ્રીલંકાએ માત્ર 16.3 ઓવરમાં કરી લીધો હતો. ફાઈનલમાં પહોંચવાની આ જીતથી જ્યાં શ્રીલંકાના ચાહકો ખુશ છે તો ભારત અને પાકિસ્તાનના ચાહકો ચોંકી ગયા છે. શ્રીલંકાએ 136 રનનો ટાર્ગેટ આસાનીથી ચેઝ કર્યો પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાને ચોથી ઓવરમાં જ 24ના સ્કોર પર પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી કેપ્ટન હરિસ છઠ્ઠી ઓવરમાં 43ના સ્કોર પર આઉટ થયો હતો. પછી વિકેટ પાડવાનો સિલસિલો ચાલુ રહ્યો. પાકિસ્તાની બેટ્સમેનો આઉટ થતા રહ્યા અને મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહ્યા. શ્રીલંકાએ 136 રનના લક્ષ્યનો સરળતાથી પીછો કર્યો હતો. લાહિરુ ઉડાનાએ 20 બોલમાં 43 રનની શાનદાર ઈનિંગ રમી હતી. જ્યારે અહાન વિક્રમસિંઘે 46 બોલમાં 52 રન બનાવ્યા હતા. છેલ્લી મેચમાં 5 વિકેટ લેનાર પાકિસ્તાની બોલર શાહનવાઝ દહાની પણ શ્રીલંકાના બેટ્સમેનોને કંઈ કરી શક્યો નહીં. પાકિસ્તાને 6 બોલરોનો ઉપયોગ કર્યો, જેમાંથી માત્ર 2 જ વિકેટ લઈ શક્યા. દુષણ હેમંત મેચનો હીરો રહ્યો શ્રીલંકાના લેગ સ્પિનર દુષણ હેમંતા સેમીફાઈનલ મેચનો હીરો રહ્યો હતો.



## પાકિસ્તાન ઈમર્જિંગ એશિયા કપમાંથી બહાર ફેંકાયું

વાસ્તવમાં, બંને દેશના ખેલાડીઓ અને ફેન્સને આશા હતી કે ગ્રૂપ સ્ટેજ પછી, ભારત-પાકિસ્તાન ફાઈનલમાં ફરી એક વખત ટકરાશે. પરંતુ શ્રીલંકાએ પાકિસ્તાનને હરાવી ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધું હતું. તમને જણાવી દઈએ કે બીજી સેમીફાઈનલ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે છે. આ મેચની વિજેતા ટીમ હવે 27મી ઓક્ટોબરે યોજાનારી ફાઈનલમાં શ્રીલંકા સામે ટકરાશે.

# 52 રન પર 2 વિકેટ હતી, આખી ટીમ 53 રનમાં થઈ ઓલઆઉટ

(એજન્સી) ઓસ્ટ્રેલિયન તા 26



તમે ક્રિકેટમાં કેટલીક ટીમની ઈનિંગને સસ્તામાં સમાપ્ત થતી જોઈ હશે. પરંતુ, ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલા વન ડે કપમાં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા અને તાસ્માનિયા વચ્ચેની મેચમાં જે થયું તે કદાચ પહેલા ક્યારેય ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં જોવા નહીં મળ્યું હોય.

52 રન પર 2 વિકેટ હતી, અચાનક આખી ટીમ 53 રનમાં થઈ ઓલઆઉટ, 8 બેટ્સમેનો સાથે આ શું થયું? ઓસ્ટ્રેલિયન ડોમેસ્ટિક ક્રિકેટમાં તાસ્માનિયા અને પશ્ચિમ ઓસ્ટ્રેલિયા વચ્ચે એક ODI મેચ રમાઈ રહી હતી. આ મેચમાં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાની ટીમ 2 વિકેટે 52 રન બનાવવા છતાં 53 રનથી વધુનો સ્કોર બનાવી શકી નહીં. LIVE મેચમાં તેના 8 બેટ્સમેન સાથે શું થયું? પશ્ચિમ ઓસ્ટ્રેલિયા 52/2 થી 53/10 તાસ્માનિયા સામેની મેચમાં પ્રથમ બેટિંગ કરવા આવેલી વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાની ટીમે 2 વિકેટ ગુમાવીને સ્કોર બોર્ડમાં 52 રન ઉમેર્યા હતા. ત્યારબાદ જે બન્યું તે આ પહેલા ક્રિકેટમાં ભાગ્યે જ કોઈ ટીમ સાથે બન્યું હશે. તમે 2 વિકેટે 52 રન પર રમતી ટીમ પાસેથી પડકારજનક સ્કોરની અપેક્ષા રાખો છો. પરંતુ, વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના 8 બેટ્સમેન સાથે જે થયું તે પછી, તેમની ઈનિંગ માત્ર 53 રન પર સમાપ્ત થઈ ગઈ. મતલબ કે પછીના 8 બેટ્સમેન સ્કોર બોર્ડમાં 1 થી વધુ રન ઉમેરી શક્યા જ નહીં. 8 બેટ્સમેન સાથે મેચમાં શું થયું? હવે સવાલ એ છે કે બાકીના 8 બેટ્સમેનોનું શું થયું કે વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાનો સ્કોર 53 રન પર અટકી ગયો. તો થયું એવું કે બાકીના 8 બેટ્સમેનમાંથી માત્ર એક જ એવો હતો જે 1 રન બનાવી શક્યો. જ્યારે બાકીના 7 બેટ્સમેનોની હાલત એટલી ખરાબ હતી કે તેઓ ખાતું પણ ખોલાવી શક્યા ન હતા.

# લગ્ન , કરિયર, કે પછી કેપ્ટનશીપ, હાર્દિક કોના વિશે કરવા જઈ રહ્યો છે મોટી જાહેરાત કરશે



(એજન્સી) મુંબઈ તા 26

ક્રિકેટર હાર્દિક પંડ્યા અને તેની પૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક જ્યારથી અલગ થયા છે. ત્યારથી બંન્ને કોઈના કોઈ કારણોસર ચર્ચામાં રહે છે. હાલમાં હાર્દિક પંડ્યા તેની સોશિયલ મીડિયા સ્ટોરીને લઈ ચર્ચામાં આવ્યો છે. હાર્દિક પંડ્યાએ સોશિયલ મીડિયા પર સ્ટોરી મુકી ચાહકોને એક હિન્ટ આપી છે. હાર્દિક પંડ્યા મોટી જાહેરાત કરવા જઈ રહ્યો છે. ત્યારે ચાહકો પણ જાણવા માંગે છે કે, આ જાહેરાત કઈ વાતને લઈ હશે.ચાહકો કહી રહ્યા છે કે, લગ્ન , કરિયર , કે પછી કેપ્ટનશીપ હાર્દિક પંડ્યા શેના વિશે જાહેરાત કરશે. હાર્દિક પંડ્યાએ પોતના સોશિયલ મીડિયા પર સ્ટોરીમાં કહ્યું કે, તે એક મોટી જાહેરાત કરવા જઈ રહ્યા છે.તમને જણાવી દઈએ કે, હાર્દિક પંડ્યા હાલ ટીમ ઈન્ડિયાથી દુર છે અને બેટિંગની પ્રેક્ટિસ કરી રહ્યો છે. હાર્દિક પંડ્યાએ છેલ્લી ટી20 મેચ બાંગ્લાદેશ સામે રમી હતી.હાર્દિક પંડ્યા હવે સાઉથ આફ્રિકા વિરુદ્ધ નવેમ્બર મહિનામાં વ્હાઈટ બોલની સીરિઝ રમતો જોવા મળી શકે છે. ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા ક્રિકેટની સાથે સાથે પર્સનલ લાઈફને લીને પણ ચર્ચામાં રહે છે. ભારતીય ટીમનો સ્ટાર ક્રિકેટર હાર્દિક પંડ્યા હાલમાં તો ક્રિકેટથી દુર છે. બાંગ્લાદેશ વિરુદ્ધ ટી20 સીરિઝ બાદ સાઉથ આફ્રિકા વિરુદ્ધ ટી20 રમતો જોવા મળી શકે છે. થોડા સમય પહેલા હાર્દિકે તેના દિકરા સાથેનો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો.

# ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની મેચ 3-3થી ડ્રો




સુલ્તાન જોહોર કપ હોકી ન્યૂઝીલેન્ડ સામે સુલ્તાન જોહોર કપમાં શુક્રવારે રમાયેલી રાઉન્ડ રોબિન લીગ મુકાબલામાં ભારતે શાનદાર પ્રદર્શન કરીને મેચ 3-3ના સ્કોરથી ડ્રો કરી હતી. ગુરજોતસિંહે છઠ્ઠી, રોહિતે 17મી તથા પ્રિયબ્રતે 60મી મિનિટે ભારત માટે ગોલ કર્યા હતા.

બીજી તરફ ન્યૂઝીલેન્ડ માટે ડ્રેગ ફ્લિકર જોન્ટી એલ્મેસે 17મી, 32મી તથા 45મી મિનિટે ગોલ કરીને હેટ્રિક નોંધાવી હતી. ભારત પોઈન્ટ ટેબલમાં 10 પોઈન્ટ સાથે મોખરાના સ્થાને છે. ફાઈનલમાં કઈ ટીમો સ્થાન મેળવશે તેનો નિર્ણય બ્રિટન વિ. જાપાન અને ઓસ્ટ્રેલિયા વિ. મલેશિયા વચ્ચેની મેચની વિજેતા ટીમોના આધારે થશે. ભારતે મેચની આક્રમક શરૂઆત કરી હતી.

# સાજિદ ખાનને લોહી નીકળ્યુ તો પણ ન છોડ્યુ મેદાન

(એજન્સી) પેશાવર તા 26



પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ રાવલપિંડીમાં રમાઈ રહી છે. આ મેચ દરમિયાન એક આશ્ચર્યજનક ઘટના બની. પાકિસ્તાને પ્રથમ દાવમાં ઓલઆઉટ થતાં સુધીમાં 344 રન બનાવ્યા હતા. આ દરમિયાન સાજિદ ખાને 48 રનની ઈનિંગ રમી હતી. સાજિદ ઈનિંગ દરમિયાન ખરાબ રીતે ઘાયલ થયો હતો. પરંતુ તેમ છતાં તેણે મેદાન છોડ્યું ન હતું. ઈજાના કારણે સાજીદને લોહી નીકળવા લાગ્યું હતું.

સાજિદ પાકિસ્તાન તરફથી 10માં નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. આ દરમિયાન તે 92મી ઓવરના ચોથા બોલ પર ઈજાગ્રસ્ત થયો હતો. ઈંગ્લેન્ડ તરફથી રેહાન અહેમદ બોલિંગ કરી રહ્યો હતો. તેનો બોલ સાજિદના હેલ્મેટમાંથી પસાર થઈને તેની ચિન પર વાગ્યો. જેના કારણે લોહી વહેવા લાગ્યું. જોકે તેમ છતાં તેણે મેદાન છોડ્યું ન હતું. સાજીદની હાલત જોઈને ફિઝિયો મેદાનમાં આવ્યો. તેણે પ્રાથમિક સારવાર આપી. સાજિદે તેની જર્સી બદલી અને ફરી રમવા લાગ્યો.

સાજિદે રાવલપિંડી ટેસ્ટમાં પાકિસ્તાન માટે શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ દરમિયાન 6 વિકેટ ઝડપી હતી. સાજિદે 29.2 ઓવરમાં 128 રન આપ્યા હતા. આ પછી સાજિદે બેટિંગમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તેણે 48 બોલનો સામનો કર્યો અને 48 રન બનાવ્યા. સજીતે 2 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. પાકિસ્તાને પ્રથમ દાવમાં 344 રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે બીજી ઈનિંગમાં 3 વિકેટ ગુમાવીને 24 રન બનાવી લીધા છે.

# CSK આ ખેલાડીને કરશે રિટેન, હરભજને શું કરી ભવિષ્યવાણી?

(એજન્સી)ચેન્નાઈ તા 26



મેગા ઓક્શન પહેલા હરભજન સિંહે એક મોટી ભવિષ્યવાણી કરી છે. ભજ્જીએ એવા ખેલાડીઓના નામ જાહેર કર્યા છે જેમને ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમ રિટેન કરી શકે છે. તમને જણાવી દઈએ કે તમામ ટીમોએ 31 ઓક્ટોબર સુધીમાં BCCIને રિટેન કરાયેલા ખેલાડીઓની યાદી સબમિટ કરવાની રહેશે. ગત સિઝનમાં CSKનું પ્રદર્શન મિશ્ર રહ્યું હતું અને ટીમે 14માંથી 7 મેચ જીતી હતી, જ્યારે ટીમને એટલી જ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે રુતુરાજ ગાયકવાડની કપ્તાનીમાં ટીમને પ્લેઓફની ટિકિટ મળી શકી નથી. હરભજન સિંહના મતે ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમ એમએસ ધોની, રવિન્દ્ર જાડેજા, રુતુરાજ ગાયકવાડ અને રચિન રવિન્દ્રને રિટેન કરી શકે છે. ભજ્જીએ કહ્યું કે સીએસકે પણ શ્રીલંકાના ફાસ્ટ બોલર મથિશા પથિરાનાને રિટેન કરવા જઈ શકે છે. સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાત કરતા હરભજને કહ્યું, "મને ખાતરી નથી કે ધોની રમશે કે નહીં, પરંતુ જો તે ઉપલબ્ધ હશે તો તે ચોક્કસપણે ટીમની પ્રથમ પસંદગી હશે. આ સાથે ટીમની બીજી પસંદગી રવીન્દ્ર જાડેજા હશે અને ત્યારપછી રચીન રવિન્દ્ર હશે. સુકાનીપદની વાત કરીએ તો, ટીમ રુતુરાજ ગાયકવાડને કોઈપણ ભોગે જાળવી રાખશે. IPL 2024માં ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમ પ્લેઓફની ટિકિટ મેળવવામાં નિષ્ફળ રહી હતી. ટીમે ગત સિઝનમાં રમાયેલી 14માંથી 7 મેચમાં જીતનો સ્વાદ ચાખ્યો હતો જ્યારે સાત મેચમાં ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

# રિષભ પંત છેતરાઈ ગયો, ન્યુઝીલેન્ડ સામે તેની હોંશિયારી કામ નહીં આવી

(એજન્સી) પૂર્ણે તા 26



પુણે ટેસ્ટ મેચના પહેલા દિવસે વોશિંગ્ટન સુંદરે ટીમ ઈન્ડિયા માટે પોતાની ઘાતક સ્પિનની જાળમાં ન્યુઝીલેન્ડના બેટ્સમેનોને ફસાવ્યા હતા. તેણે આ ઈનિંગમાં સૌથી વધુ 7 વિકેટ ઝડપી હતી, પરંતુ આ દરમિયાન રિષભ પંતની સલાહને અનુસરવી તેના માટે મોંઘી સાબિત થઈ હતી કારણ કે કિવી બેટ્સમેન તેની યોજના સમજી ગયા હતા.

IND vs NZ : રિષભ પંત છેતરાઈ ગયો, ન્યુઝીલેન્ડ સામે તેની હોંશિયારી કામ નહીં આવી, જુઓ વીડિયો પુણે ટેસ્ટમાં ન્યુઝીલેન્ડની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનું પસંદ કર્યું અને વિચાર્યું કે તેઓ મોટો સ્કોર બનાવશે, પરંતુ તેઓ છેતરાઈ ગયા, કારણ કે આખી ટીમ માત્ર 259 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. આ બધાની વચ્ચે ટીમ ઈન્ડિયાનો સ્ટાર વિકેટકીપર રિષભ પંત છેતરાઈ ગયો, કારણ કે તેની યુક્તિ ન્યુઝીલેન્ડના ખેલાડી એજાઝ પટેલ સામે નિષ્ફળ ગઈ હતી. મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ગુરુવાર 24 ઓક્ટોબરથી શરૂ થયેલી ટેસ્ટ શ્રેણીની બીજી મેચના પહેલા દિવસે ઘણી એક્શન જોવા મળી હતી. ન્યુઝીલેન્ડની ટીમે પ્રથમ બેટિંગ કરી અને સારી શરૂઆત હોવા છતાં આખી ટીમ 259 રનમાં સમેટાઈ ગઈ. ટીમ ઈન્ડિયા વતી વોશિંગ્ટન સુંદરે કીવી ટીમની આ સ્થિતિ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે 59 રન આપીને સૌથી વધુ 7 વિકેટ લીધી હતી. રવિચંદ્રન અશ્વિને બેંગલુરુ ટેસ્ટની નિષ્ફળતાને પાછળ છોડીને 3 વિકેટ પણ પોતાના નામે કરી હતી. પંતની હોંશિયારી કામ ન આવી ન્યુઝીલેન્ડ ઓલઆઉટ થાય તે પહેલા જ કંઈક એવું થયું જેણે રિષભ પંતને આશ્ચર્યચકિત કરી દીધું. જ્યારે ન્યુઝીલેન્ડે 8 વિકેટ ગુમાવી દીધી હતી, ત્યારે એજાઝ પટેલ મિશેલ સેન્ટનર સાથે ક્રિઝ પર બેટિંગ કરવા આવ્યો હતો. એજાઝ કોઈ સમસ્યા વિના સુંદરનો સામનો કરી રહ્યો હતો.

# શારાપોવા-બ્રાયન બંધુ ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ થયો

(એજન્સી) ન્યૂપાર્ટ તા 26



ગ્લેમરસ ટેનિસ ખેલાડીઓમાંની એક અને પાંચ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલી રશિયાની મારિયા શારાપોવા અને મેન્સ ડબલ્સમાં બોબ અને માઈક બ્રાયન બંધુઓનો ટેનિસ હોલ ઓફ ફેમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બ્રાયન બંધુઓએ એક જોડી તરીકે વિક્રમી 16 ગ્રાન્ડસ્લેમ પોતાના નામે કર્યા છે. ન્યૂપોર્ટ, રોડ આઈલેન્ડ ખાતે 2025ના હોમ ઓફ ફેમની જાહેરાત કરવામાં આવી હતી. શારાપોવા પોતાની કારકિર્દી દરમિયાન ચાર મેજર ગ્રાન્ડસ્લેમમાંથી પ્રત્યેકમાં એક-એક વખત ચેમ્પિયન બની છે અને તે ટેનિસ ઈતિહાસમાં કરિયર ગ્રાન્ડસ્લેમ પૂરો કરનાર 10 મહિલા ખેલાડીઓમાં સામેલ છે. તે પ્રથમ સ્થાને પહોંચનાર રશિયાની પ્રથમ મહિલા ખેલાડી પણ હતી. 2020માં તેણે 32 વર્ષની વયે પ્રોફેશનલ ટેનિસને અલવિદા કરી દીધી હતી. 15 વર્ષ સુધી પોતાના ગ્લેમર માટે ચર્ચાનું કેન્દ્ર બનેલી શારાપોવાએ 15 મહિના ડોપિંગના કારણે પ્રતિબંધનો સામનો પણ કર્યો હતો અને ડાબા ખભામાં ઘણી સર્જરી પણ કરાવી હતી. શારાપોવાએ પ્રાઈઝ મની કરતાં જાહેરખબરો દ્વારા અઢળક કમાણી કરી હતી. તેણે 2012ની ઓલિમ્પિકની વિમેન્સ સિંગલ્સમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો. 2016માં ઓસ્ટ્રેલિયન ઓપન પહેલાં શારાપોવા ડોપિંગમાં ફસાઈ હતી.

## 100 ફાઈટર પ્લેન, મિસાઈલ ફેક્ટરીઓ ફૂંકી...:2000 કિમી દૂરથી 20 ઠેકાણા નષ્ટ કર્યા

# ઈઝરાયલનાં બોમ્બ ધડાકાઓથી ઈરાનનાં સૈન્ય મથકો ધણધણી ઉઠ્યાં

તેહરાન/તેલ અવીવ તા 26

ઈરાનના હુમલાના જવાબમાં ઈઝરાયલે 25 દિવસ બાદ જવાબી કાર્યવાહી કરી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર ઈઝરાયલે 3 કલાકમાં 20 ઈરાનના ટાર્ગેટ પર હુમલો કર્યો. હુમલો સવારે 2:15 વાગ્યે (ઈઝરાયલ સમય મુજબ) શરૂ થયો હતો. 5 વાગ્યા સુધી હુમલા ચાલુ રહ્યા. જેમાં મિસાઈલ ફેક્ટરીઓ અને સૈન્ય મથકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે ઈરાન પર 2.30 (સ્થાનિક સમય) પર હુમલાની જાણકારી આપી હતી. (IDF પ્રવક્તા ડેનિયલ હગારીએ જણાવ્યું હતું કે ઈઝરાયલ 1 ઓક્ટોબરના હુમલાના જવાબમાં ઈરાન પર હુમલો કરી રહ્યું છે. હગારીએ કહ્યું કે ઈરાન અને મધ્ય પૂર્વમાં તેના સહયોગી 7 ઓક્ટોબર, 2023થી ઈઝરાયલ પર 7 મોરચે હુમલો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ઈઝરાયલને પણ જવાબ આપવાનો અધિકાર છે. અમે ઈઝરાયલ અને અમારા લોકોના રક્ષણ માટે જે જરૂરી હશે તે કરીશું. ઈરાની મીડિયાના અહેવાલ મુજબ આ હુમલા તેહરાનના ઈમામ ખોમેની ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે થયા હતા. એર સ્ટ્રાઈક બાદ અમેરિકાએ ઈઝરાયલનું સમર્થન કર્યું છે અને કહ્યું છે કે આ ઈરાનના હુમલાનો જવાબ છે.ઈઝરાયલના પીએમઓએ ઈરાન પરના હુમલા માટે યુદ્ધ કેબિનેટને સર્વસંમતિથી મંજૂરી આપી હતી. સીએનએન અનુસાર, આ મતદાન હુમલા પહેલા એક ફોન કોલ પર થયું હતું. હુમલા પહેલા જણાવ્યું કે તેમનો દેશ ઈરાન વિરુદ્ધ ઈઝરાયલના હુમલામાં સામેલ નથી. વ્હાઈટ હાઉસ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઈઝરાયલ સ્વ-બચાવના જવાબમાં આ હુમલાઓ કરી રહ્યું છે.



### હુમલા માટે 100થી વધુ ફાઈટર પ્લેનનો પણ ઉપયોગ થયો

ઈઝરાયલે તે ઈરાની ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે જ્યાંથી ઈરાન ઈઝરાયલ પર હુમલો કરી રહ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે આ હુમલાઓ પાછળ ઈઝરાયલનો હેતુ ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમને નષ્ટ કરવાનો છે. તે જ સમયે, IDF એ તેમના જાહેર નિવેદનમાં કહ્યું છે કે આવા હુમલા ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઈરાન પર હુમલો કરવા માટે ઈઝરાયલે 100થી વધુ ફાઈટર પ્લેનનો પણ ઉપયોગ કર્યો છે. ઈઝરાયલે તે ઈરાની ઠેકાણાઓને પણ નિશાન બનાવ્યા છે જ્યાં ઈરાન તેમની મિસાઈલો રાખે છે. પ્રારંભિક માહિતી મુજબ ઈઝરાયલ મોટા હુમલાની તૈયારી કરી રહ્યું છે. શનિવારે થયેલા હુમલામાં ઈઝરાયલે તેહરાન પર પણ બોમ્બમારો કર્યો હતો.

**ઈઝરાયલે કહ્યું- હુમલા બાદ ફાઈટર જેટ સુરક્ષિત પરત ફર્યા :** IDFએ જણાવ્યું હતું કે આ હુમલો ફાઈટર જેટ અને સ્પાઈ વિમાનોની મદદથી 1,600 કિમી દૂર કરવામાં આવ્યો હતો. આ હુમલાઓ અનેક તબક્કામાં થયા હતા. હુમલા બાદ તેમના વિમાન સુરક્ષિત રીતે પરત ફર્યા હતા. આ ઓપરેશનને 'ડે ઓફ રેગ્રેટ' નામ આપવામાં આવ્યું હતું.

### ઈરાનના વળતા હુમલાની આશા ઓછી છે

ઈરાને ઈઝરાયલને ચેતવણી આપી હતી કે 1 ઓક્ટોબરે થયેલા હુમલા બાદ બદલો ન લે. ઈરાને કહ્યું હતું કે જો ઈઝરાયલ આવું કરશે તો તેઓ જવાબ આપશે. જોકે ઈઝરાયલે ખૂબ જ નાના પાયા પર હુમલો કર્યો છે. NYTના રિપોર્ટ અનુસાર, ઈઝરાયલના હુમલા બાદ ઈરાનના વળતા હુમલાની અપેક્ષાઓ ઘણી ઓછી છે.

### ઈરાને ઈઝરાયલ હુમલાની પુષ્ટિ કરી, કહ્યું- થોડું નુકસાન

ઈરાને ઈઝરાયલ હુમલાની પુષ્ટિ કરી છે. ઈરાની એર ડિફેન્સે કહ્યું કે ઈઝરાયલે કેટલીક જગ્યાઓ પર હુમલા કર્યા હતા જેના કારણે થોડું નુકસાન થયું હતું. આ હુમલા તેહરાન, ખુઝેસ્તાન અને ઈલામ શહેરો પર કરવામાં આવ્યા હતા.

### ઈઝરાયલ અને ઈરાકે પણ એરસ્પેસ બંધ કરી દીધી છે

અલજઝીરાના જણાવ્યા પ્રમાણે ઈઝરાયલ અને ઈરાકે પોતાની એરસ્પેસ બંધ કરી દીધી છે. ઈઝરાયલના અધિકારીઓએ જણાવ્યું કે ઈઝરાયલનું એરસ્પેસ ભારતીય સમય અનુસાર સવારે 11 વાગ્યા સુધી બંધ રહેશે. તે જ સમયે, ઈરાકી અધિકારીઓએ માહિતી આપી છે કે એરસ્પેસ ભારતીય સમય અનુસાર બપોરે 1:30 વાગ્યા સુધી બંધ રહેશે. IDFએ કહ્યું કે હુમલા ઈરાનના સૈન્ય થાણા, હવાઈ સંરક્ષણ સ્થળો અને બેલિસ્ટિક મિસાઈલ સાઈટ પર કરવામાં આવ્યા હતા.

### તેહરાન નજીકના સૈન્ય મથક પર ઈઝરાયલનો હુમલો

ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે તેહરાનના પશ્ચિમી અને દક્ષિણી વિસ્તારોમાં અનેક સૈન્ય લક્ષ્યાંકો પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં કેટલું નુકસાન થયું તેની માહિતી ઉપલબ્ધ નથી. તે જ સમયે, ઈરાનના સરકારી ટીવીએ અહેવાલ આપ્યો છે કે તેહરાનના ઈમામ ખોમેની ઈન્ટરનેશનલ એરપોર્ટ અને મેહરાબાદ એરપોર્ટ પર સ્થિતિ સામાન્ય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ટ્રમ્પ અશ્વેત યુવાનોના રોલમૉડલ બન્યા

ન્યૂયૉર્કના હારલેમમાં અશ્વેતોની સંખ્યા વધુ છે. સવારનો સમય છે. હું ન્યૂયૉર્કના બ્રુકલિનમાં એક ઓપનઍર કૉફી શોપમાં છું. અમેરિકા 5 નવેમ્બરે રાષ્ટ્રપતિ ચૂંટશે. રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટ કમલા હેરિસ વચ્ચે સ્પર્ધા છે. કૉફી શોપમાં બેઠેલા યુવાનોએ ચૂંટણીની ચર્ચા શરૂ કરી.

ટ્રમ્પ સમર્થક આ ગ્રૂપની વાતોથી એવું ચિત્ર ઉપસ્યું કે ન્યૂયૉર્કમાં રિપબ્લિકન વર્ચસ્ વધારી રહી છે. 4 વર્ષ પહેલાં એવું નહોતું. ડેમોક્રેટિક ઉમેદવાર કમલાને ય સમર્થન છે પણ બાજી તો ટ્રમ્પ જ મારશે એવું લાગે છે. અશ્વેત-શ્વેતો અને માઈગ્રન્ટ જૂથોની મોટી સંખ્યા ધરાવતા ન્યૂયૉર્કમાં અમેરિકામાં ચૂંટણીઓની નાડ પારખવાનો પ્રયાસ કરી શકાય છે. આ વખતે સૌથી મોટું પરિવર્તન અશ્વેત યુવાનોમાં જોવા મળ્યું છે. અશ્વેત બહુમતીવાળા વિસ્તારોમાં આશ્ચર્યજનક રીતે યુવાનોમાં ટ્રમ્પ રોલમૉડેલ તરીકે છવાઈ રહ્યા છે. સાથે જ ટ્રમ્પ તેમને નોકરી આપશે તેવી આશા પણ છે. હારલેમ... અશ્વેત મહિલાઓમાં પ્રથમ પસંદગી કમલા હેરિસ બપોરે હું ન્યૂયૉર્કના અશ્વેતોના વિસ્તાર હારલેમ પહોંચ્યો. એક સ્ટોરમાં વિદ્યાર્થી કેરને કહ્યું રાષ્ટ્રપતિ તરીકે કમલા અમેરિકાને નવી ઊંચાઈએ લઈ જશે. સ્ટોરનાં માલિક નેન્સી પણ કમલાનાં સમર્થક છે.

### ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડામાં જોબ કરવી હવે અઘરી

કેનેડાના PM જસ્ટિન ટ્રૂડોએ 2025થી વિદેશી અસ્થાયી કર્મચારીઓની ભરત માટે નિયમ કડક કરી દીધા છે. તેમણે તેને 'કેનેડા ફર્સ્ટ'નું નામ આપ્યું છે. ટ્રૂડોએ ગુરુવારે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે કંપનીઓને નોકરીમાં હવે કેનેડાઈ નાગરિકતાને પ્રાથમિકતા આપવી પડશે. કેનેડાની કંપનીઓએ હવે વિદેશી અસ્થાયી કર્મચારીઓને નોકરી પર રાખતા પહેલાં એ જણાવવું પડશે કે તેમને કેનેડાનો યોગ્ય નાગરિક મળ્યા નથી. ટ્રૂડોએ કહ્યું કે આ નિર્ણય 'અસ્થાયી' છે અને કેનેડાની વસ્તીમાં થઈ રહેલા વધારાને રોકવા માટે લેવામાં આવ્યો છે. રિપોર્ટ્સ પ્રમાણે ટ્રૂડો સરકારના આ નિર્ણયથી પ્રવાસીઓ અને યુવાઓની વચ્ચે બેરોજગારી વધી શકે છે. ભારતીય વિદ્યાર્થી શોપિંગ મોલ, ફૂડ સ્ટોર અને રેસ્ટોરાંમાં કામ કરી રહ્યા છે. કેનેડામાં 2023માં ભારતીય અસ્થાયી વર્કરોની સંખ્યા સૌથી વધારે હતી. કુલ 1.83 લાખ અસ્થાયી કર્મચારીઓમાંથી 27 હજાર ભારતીય હતા. કોરોના મહામારી બાદ અર્થવ્યવસ્થાને સુધારવા માટે નિયમો બદલાયા ટ્રૂડો સરકારે 2022માં કોરોના મહામારી બાદ મજૂરોની અછતને કારણે નવા નિયમો બનાવ્યા હતા. પછી તેને ટેમ્પરરી ફોરેન એમ્પ્લોયી પ્રોગ્રામ નામ આપવામાં આવ્યું. જેમાં કેનેડિયન સિવાયના લોકોને રોજગાર સંબંધિત પ્રતિબંધોમાંથી રાહત આપવામાં આવી હતી. આ સિવાય તેમનો પગાર પણ વધારવામાં આવ્યો હતો.

### જર્મન ચાન્સેલરની ભારત મુલાકાત, ચીનનો વિકલ્પ શોધવાના પ્રયાસ

ભારત અને જર્મની વચ્ચેના રાજદ્વારી સંબંધો લગભગ 7 દાયકા જૂના છે. બીજા વિશ્વયુદ્ધ પછી જર્મની સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરનાર ભારત પ્રથમ દેશોમાંનો એક હતો. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની ભારત મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે.જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ ભારતની મુલાકાતે છે, તેઓ 7મી 'ઈન્ટર-ગવર્નમેન્ટલ કન્સલ્ટેશન્સ'માં ભાગ લેવા ગઈકાલ ગુરુવારે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. છેલ્લા બે વર્ષમાં સ્કોલ્ઝની આ ત્રીજીવારની ભારત મુલાકાત છે. એવું માનવામાં આવે છે કે, જર્મની ચીન પર તેની નિર્ભરતા ઘટાડવા માટે ભારતને મજબૂત વિકલ્પ તરીકે જોઈ રહ્યું છે. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ ગયા વર્ષે બે વખત ભારત આવ્યા હતા, ફેબ્રુઆરી 2023માં તેઓ ભારતની દ્વિપક્ષીય મુલાકાતે હતા અને સપ્ટેમ્બરમાં તેમણે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી G20 કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.

### માલદીવ નહીં હવે આ દેશ ભારતીયોનું ફેમસ ટુરિસ્ટ સ્પોટ બન્યું

દિવાળી આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભારતીયોનું વેકેશન ગાળવા પોતાના મનગમતા સ્થળો પર નીકળી પડતા હોય છે. દિવાળી અગાઉ જે દેશોમાં જવાનું ભારતીયો સૌથી વધુ પસંદ કરે છે તેમાં હવે ટોચ પર માલદીવ નહિ પરંતુ સિંગાપુર આવી ગયું છે. સિંગાપુરમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ ઉછાળો આવ્યો છે. આ કેલેન્ડર વર્ષ-2024ના પહેલા નવ મહિનામાં 13 ટકાનો વધારો થયો છે. હવે આ આ વધારો 898,180 પર પહોંચી ગયો છે. સિંગાપુર સરકારે જાહેર કરેલા આંકડાઓએ એવા સમયે જાહેર કર્યા છે જ્યારે સિંગાપુરમાં વિશ્વ પ્રસિદ્ધ હોટલ અને શોપિંગ ક્ષેત્રમાં યોજાનાર ઉત્સવોની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ઈન્ડોનેશિયા અને ચીન જેવા દેશો પછી સિંગાપુરમાં સૌથી વધુ પ્રવાસીઓ ભારતમાંથી આવે છે. વર્ષ-2023માં 10 લાખથી વધુ ભારતીય પ્રવાસીઓએ સિંગાપોરની મુલાકાત લીધી હતી, મળતી માહિતી અનુસાર, આ વર્ષના પ્રથમ નવ મહિનામાં (જાન્યુઆરીથી સપ્ટેમ્બર) ભારતીય પ્રવાસીઓના આગમનમાં 13 ટકાનો વધારો થયો.

# મોલ્દોવાનાં મહિલા રાષ્ટ્રપતિ માઈયાએ પુટિન સામે મોરચો ખોલ્યો

(એજન્સી) ચિસીનાઉ તા 26

મોલ્દોવા પૂર્વી યુરોપનો નાનકડો દેશ છે . તેની વસ્તી 25 લાખથી પણ ઓછી છે. હાલ આ દેશ એક ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. 2020થી દેશની કમાન સંભાળી રહેલી 52 વર્ષીય મહિલા રાષ્ટ્રપતિ માઈયા સંદુએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન વિરુદ્ધ ખુલ્લેઆમ મોરચો સંભાળ્યો છે. 1200 કિમીની સીમા યુક્રેન સાથે વહેંચતા આ દેશમાં હાલમાં જ 20 ઓક્ટોબરે યુરોપીય સંઘ (ઈયુ)માં સામેલ થવાના મુદ્દે જનમત સંગ્રહ થયો, જેમાં સંદુએ ખુલ્લેઆમ ઈયુના સભ્યપદનું સમર્થન કર્યું.

પરિણામે, 50.38% લોકોએ ઈયુમાં સામેલ થવાના પક્ષમાં મત આપ્યો, જ્યારે 49.62% તેની વિરુદ્ધમાં રહ્યા. માઈયાની આ જીત ન માત્ર પુટિન સામે ઊભા રહેવાની તેની હિંમત દર્શાવે છે, પણ હવે તે રાષ્ટ્રપતિ ચૂંટણીના છેલ્લા તબક્કામાં તેના પ્રતિદ્વંદ્વી, રશિયા સમર્થક જનરલ એલેક્ઝાન્ડર સ્ટોઈયાનોગ્લોને હરાવવાની તૈયારીમાં વ્યસ્ત છે. પુટિન વિરુદ્ધ ખુલ્લેઆમ ઝંડો ઉઠાવના પર તેના દરેક બાજુ વખાણ થઈ રહ્યાં છે.



સતત વધી રહ્યું સંદુનું સમર્થન: જનમત સંગ્રહમાં સમર્થન વચ્ચે માઈયાની લોકપ્રિયતા વધી છે. આ જીતથી તે એક સુધારક તરીકે તેની પ્રતિષ્ઠાને વધુ મજબૂત કરશે. તે રશિયાસમર્થિત નેતા વિરુદ્ધ લડનારાં સાહસિક નેતા તરીકે સ્થાપિત થશે. તેમની જીતથી મોલ્દોવના ઈયુના સભ્ય બનવાનો રસ્તો પણ સાફ થશે જે પુટિન માટે ઊંડો ઘા હશે.પણ હવે તે રાષ્ટ્રપતિ ચૂંટણીના છેલ્લા તબક્કામાં તેના પ્રતિદ્વંદ્વી, રશિયા સમર્થક જનરલ એલેક્ઝાન્ડર સ્ટોઈયાનોગ્લોને હરાવવાની તૈયારીમાં વ્યસ્ત છે. પુટિન વિરુદ્ધ ખુલ્લેઆમ ઝંડો ઉઠાવના પર તેના દરેક બાજુ વખાણ થઈ રહ્યાં છે.

વિશ્વબેન્કમાં કામ કરી ચૂકેલાં માઈયા મુક્કેબાજ પણ રહેલાં: માઈયા એક પ્રોફેશનલ મુક્કેબાજ છે. તેણીએ હાર્વર્ડ કેનેડી સ્કૂલમાંથી સ્નાતક કરેલું છે. ત્યાર બાદ બે વર્ષ માટે વિશ્વબેન્કમાં જોડાયાં હતાં. 2012માં મોલ્દોવા આવી અને દેશનાં શિક્ષણમંત્રી બન્યાં. જે બાદ તેણીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું. તેણીએ હાઈસ્કૂલ, સ્નાતક પરીક્ષાઓમાં નકલ પર પ્રતિબંધ મૂક્યો.

સ્થિતિ એવી થઈ કે સ્નાતક પરીક્ષા ઉત્તીર્ણ કરનારા વિદ્યાર્થીઓનો દર 95%થી ઘટીને 59% થયો. પહેલા તબક્કામાં માઈયાને 42%, પુટિન સમર્થકને 26% મત મળ્યા રેફરેન્ડમના વોટિંગ સાથે જ રાષ્ટ્રપતિ ચૂંટણીના પહેલા તબક્કા રન ઓફ માટે પણ વોટિંગ થયું. જેમાં માઈયા માટે 42% લોકોએ મતદાન કર્યું. જ્યારે તેના પ્રતિદ્વંદ્વી અને પુટિનના સમર્થક જનરલ એલેક્ઝાન્ડર સ્ટોયાનોગ્લોને 26% વોટ મળ્યા. હવે 3 નવેમ્બરે છેલ્લા તબક્કા માટે મતદાન થશે. મતદાતાઓનો ઝુકાવ માઈયા તરફ જ રહેશે.

# ટ્રમ્પે કહ્યું- જિનપિંગ કમલા સાથે બાળકની જેમ વ્યવહાર કરશે



(એજન્સી) વૉશિંગ્ટન તા 26

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું કે જો કમલા હેરિસ રાષ્ટ્રપતિ બનશે તો ચીનના રાષ્ટ્રપતિ તેમની સાથે બાળકની જેમ વ્યવહાર કરશે. ન્યૂઝ એજન્સી એપી અનુસાર ટ્રમ્પે આ નિવેદન પોડકાસ્ટમાં આપ્યું છે. આમાં હોસ્ટે ટ્રમ્પને પૂછ્યું હતું કે, જો કોઈ રીતે કમલા જીતી જાય તો જિનપિંગ તેમની સાથે કેવી રીતે વ્યવહાર કરશે? તેના પર ટ્રમ્પે કહ્યું- એક બાળકની જેમ. તેઓ તેમની પાસેથી બધું છીનવી લેશે. કમલાને ખબર નહીં પડે કે શું થઈ રહ્યું છે.

ટ્રમ્પે કહ્યું કે જિનપિંગ અને કમલાની સ્પર્ધા એક શિખાઉ સામે ચેસ ગ્રાન્ડ માસ્ટર જેવી હશે. ટ્રમ્પ પહેલા પણ ઘણી વખત કમલા હેરિસ પર આવી ટિપ્પણી કરી ચૂક્યા છે, તેઓ હેરિસને 'આળસુ', 'મૂર્ખ' અને 'વ્યસની' કહી ચૂક્યા છે. ટ્રમ્પનું કહેવું છે કે આવકવેરા નાબૂદ કરીને ટેરિફ સિસ્ટમ શરૂ કરી શકાય છે. ટ્રમ્પનું કહેવું છે કે આવકવેરા નાબૂદ કરીને ટેરિફ સિસ્ટમ શરૂ કરી શકાય છે. ટ્રમ્પે આગળ કહ્યું- ત્યારે પણ ટેરિફ પ્રચલિત હતા. પરંતુ આવકવેરો ન હતો. આપણા દેશમાં એવા લોકો છે જેઓ મરી રહ્યા છે અને ટેક્સ ભરવા માટે મજબૂર છે.

ટ્રમ્પે જોકે આ કેવી રીતે કામ કરશે તે સમજાવ્યું ન હતું. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું નથી કે શું તેઓ કોર્પોરેટ આવકવેરો નાબૂદ કરવા માગે છે કે માત્ર વ્યક્તિગત આવકવેરો નાબૂદ કરવા માગે છે. \

ટ્રમ્પ ઈન્કમ ટેક્સ નાબૂદ કરીને ટેરિફ સિસ્ટમ લાવવા માગે છે

જોકે, ટ્રમ્પે કહ્યું હતું કે ટેરિફ રેટ વધારવાથી અને ઈન્કમ ટેક્સ દૂર કરવાથી અમેરિકાની ટેક્સ સિસ્ટમ બદલાઈ જશે. દેશ મજબૂત બનશે. તેમણે કહ્યું કે માત્ર અમીર લોકો જ આવકવેરો ચૂકવે છે, પરંતુ ટેરિફ સિસ્ટમમાં દરેકનો સમાવેશ થાય છે.

આર્થિક નિષ્ણાતોના મતે, ટેરિફ કપડાં અને કરિયાણા જેવી મૂળભૂત ચીજવસ્તુઓના ભાવમાં વધારો કરે છે. આ ગરીબ અમેરિકનો માટે વધુ સમસ્યાઓનું કારણ બને છે કારણ કે તેઓ તેમની આવકનો મોટો હિસ્સો મૂળભૂત બાબતો પર ખર્ચ કરે છે.

### બરાક ઓબામા કમલા હેરિસને સમર્થન આપવા જ્યોર્જિયા આવ્યા

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીને હવે માત્ર 11 દિવસ બાકી છે. રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારો ટ્રમ્પ અને કમલા હેરિસ રેલીઓ યોજીને દેશભરમાં ફરે છે. દરમિયાન, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ જ્યોર્જિયામાં કમલા હેરિસ સાથે પ્રચાર કરતી રેલીને સંબોધિત કરી હતી.

# ઝેલેન્સકીનો દાવો- રશિયા ઉત્તર કોરિયાના સૈનિકોને યુદ્ધમાં ઉતારશે

(એજન્સી) કીવા તા 26

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ શુક્રવારે દાવો કર્યો હતો કે રશિયા હવે ઉત્તર કોરિયાના સૈનિકોને યુદ્ધમાં ઉતારવાની તૈયારી કરી રહ્યું છે. આ સૈનિકોને આ સપ્તાહે તૈનાત કરવામાં આવશે. બીજી તરફ પશ્ચિમી દેશોએ કહ્યું છે કે આ પગલાથી યુદ્ધ થશે અને તેની અસર અન્ય પ્રદેશોમાં ખાસ કરીને ઈન્ડો-પેસિફિકમાં પડશે. ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેનની ગુપ્તચર એજન્સીઓ દ્વારા એકત્ર કરવામાં આવેલી માહિતી અનુસાર ઉત્તર કોરિયાના સૈનિકોને રવિવાર અને સોમવાર વચ્ચે યુદ્ધમાં મોકલવામાં આવશે. યુક્રેનની ગુપ્તચર એજન્સીએ દાવો કર્યો છે કે ઉત્તર કોરિયાએ રશિયામાં 12 હજાર સૈનિકો મોકલ્યા છે. જેમાં 500 અધિકારીઓ અને 3 જનરલનો સમાવેશ થાય છે. આ પહેલા બુધવારે અમેરિકાએ દાવો કર્યો હતો કે 3 હજાર ઉત્તર કોરિયાના સૈનિકો રશિયામાં પહેલાથી જ તૈનાત છે. દાવા મુજબ, આ સૈનિકોને રશિયાના પૂર્વ ભાગમાં



આવેલા સૈન્ય મથકો પર તાલીમ આપવામાં આવી છે. દક્ષિણ કોરિયાએ કહ્યું- ઉત્તર કોરિયાએ ગયા અઠવાડિયે 1500 સૈનિકો મોકલ્યા હતા ગયા અઠવાડિયે, 18 ઓક્ટોબરે દક્ષિણ કોરિયાએ પણ દાવો કર્યો હતો કે ઉત્તર કોરિયાએ યુક્રેન યુદ્ધમાં રશિયાની મદદ માટે સૈનિકો મોકલ્યા હતા. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સી નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસ (NIS)એ એક નિવેદન જારી કરીને આ જાણકારી આપી છે. એજન્સીએ પોતાના નિવેદનમાં કહ્યું કે, 8થી 13 ઓક્ટોબરની વચ્ચે 1,500 ઉત્તર કોરિયાના સૈનિકો રશિયન નેવીના જહાજો પર રશિયાના વ્લાદિવોસ્તોક બંદરે પહોંચ્યા. આ તમામ સૈનિકો ઉત્તર કોરિયાના સ્પેશિયલ મિશન ફોર્સનો ભાગ છે. એજન્સીએ દાવો કર્યો છે કે ઉત્તર કોરિયા ટૂંક સમયમાં વધુ કેટલાક સૈનિકો રશિયા મોકલશે. NISએ કહ્યું કે, ઉત્તર કોરિયાના આ સૈનિકોને રશિયન સેનાનો યુનિફોર્મ, હથિયાર અને નકલી ઓળખ કાર્ડ આપવામાં આવ્યા છે. તૈનાત કરતા પહેલા, તેમને રશિયન વાતાવરણને અનુરૂપ બનવાની તાલીમ આપવામાં આવી રહી છે. આ તમામ સૈનિકો રશિયાના વ્લાદિવોસ્તોક ઉસુરીસ્ક, ખાબોરોવસ્ક અને બ્લાગોવેશેન્સ્ક સૈન્ય મથકો પર રહે છે.

## ભારતના કારણે તુર્કી બ્રિક્સમાં પ્રવેશ કરી શક્યું નથી

# ભારતે બ્રિક્સમાં તુર્કીની એન્ટ્રી રોકી:પાક.ની નજીક હોવાના કારણે સભ્ય બનવાનો ઈનકાર કર્યો

(એજન્સી) બર્લિન । તા 26

જર્મન અખબાર બિલ્ડે તેના અહેવાલમાં દાવો કર્યો છે કે, ભારતના કારણે તુર્કી બ્રિક્સમાં પ્રવેશ કરી શક્યું નથી. આ મુજબ તુર્કીએ બ્રિક્સના સભ્ય બનવા માટે અરજી કરી હતી, પરંતુ ભારતને કારણે તેને ફગાવી દેવામાં આવી હતી.

હકીકતમાં તુર્કીના પાકિસ્તાન સાથે ગાઢ સંબંધો છે. કાશ્મીર મુદ્દે તે ઘણી વખત ભારત વિરુદ્ધ નિવેદન આપી ચૂક્યો છે. તાજેતરમાં, બ્રિક્સ સમિટ દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના નિવેદનમાં કહ્યું હતું કે, સંસ્થાની યોજનાઓ સ્થાપક દેશોની સહમતિથી જ બનાવવી જોઈએ. પીએમ મોદીના આ નિવેદન બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે ભારતના વિરોધને કારણે તુર્કીને બ્રિક્સનું સભ્યપદ ન મળી શક્યું. 'નવા દેશો




ઉમેરવાથી કાર્યક્ષમતાને અસર થવી જોઈએ નહીં' બ્રિક્સ સમિટ દરમિયાન પોતાના ભાષણમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ કહ્યું હતું કે, નવા દેશોને સામેલ કરતા પહેલા ધ્યાન રાખવામાં આવશે કે તેનાથી સંસ્થાની કાર્યક્ષમતા પર અસર ન પડે. જેના કારણે નવી અરજીઓ મુલતવી રાખવામાં આવી છે. જો કે, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને 24 ઓક્ટોબરે બ્રિક્સ પ્લસ સમિટમાં ભાગ લીધો હતો. આ વર્ષે બ્રિક્સમાં ચાર નવા દેશો ઈરાન, ઈજિપ્ત, ઈથોપિયા અને યુએઈનો ઉમેરો થયો છે. આ ચાર દેશોએ આ વર્ષે સમિટમાં સભ્ય તરીકે ભાગ લીધો હતો. તુર્કી અને પાકિસ્તાન સહિત 30થી વધુ દેશોએ સત્તાવાર રીતે સભ્યપદ માટે અરજી કરી હતી. આ દેશો ઔપચારિક સભ્ય બની શક્યા નથી, પરંતુ આમાંથી 13 દેશોને ભાગીદાર દેશ બનાવવામાં આવ્યા છે. અલ્જેરિયા, મલેશિયા, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, નાઈજીરિયા, તુર્કી અને ઉઝબેકિસ્તાન સહિત 7 મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો છે. ભાગીદાર દેશો બ્રિક્સના ઔપચારિક સભ્ય નહીં હોય, પરંતુ સંગઠનના આયોજનનો ભાગ હશે. પાકિસ્તાને પણ સભ્યપદ માટે અરજી કરી હતી, પરંતુ તેને ભાગીદાર દેશોની યાદીમાં સ્થાન મળ્યું ન હતું. તુર્કી ઘણા દાયકાઓથી સાયપ્રસના મોટા ભાગ પર કબજો કરી રહ્યું છે. યુએનમાં ભાષણ આપતા તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને કહ્યું હતું કે, કાશ્મીરની સમસ્યા 74 વર્ષથી ચાલી રહી છે. અમે માનીએ છીએ કે બંને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને આનો ઉકેલ લાવવો જોઈએ. આ પછી જ્યારે ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરનો બોલવાનો વારો આવ્યો ત્યારે તેમણે સાયપ્રસનો મુદ્દો ઉઠાવ્યો. યુએનએ આ મુદ્દે એક ઠરાવ પસાર કર્યો છે, જેને તુર્કી સ્વીકારતું નથી. જયશંકર અહીં જ ન અટક્યા, તેમણે સાયપ્રસના વિદેશ મંત્રી નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી.

## સંક્ષિપ્ત સમાચાર

### બગસરા નપાના સફાઈ કામદારોના પગાર અને બોનસ ન ચૂકવતા કામદારોએ રોષ વ્યક્ત કરી હડતાલ કરી



અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા નગરપાલિકાના સફાઈ કામદારો હડતાલ પર ઉતરી જતા શહેરમાં સફાઈ કામગીરી ઠપ થઈ છે ત્યારે સફાઈ કામદારોના બાકી રહેલા પગારની ચુકવણી કરવા રજૂઆત કરી હતી કે જો પગાર નહીં ચુકવણી કરવામાં આવે તો અમો 26 ઓક્ટોબરથી સફાઈ કામગીરી બંધ કરી હડતાલ પર ઉતરી ગયા છે ત્યારે સફાઈ કામદારના પ્રમુખ હસમુખભાઈ કુંભારે જણાવ્યું હતું કે તારીખ 19 /6/ 2024 ના રોજ ચીફ ઓફિસર ભાવનાબેન ગોસ્વામી નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રીબડીયા અને હેડકલાર્ક બી.સી.ખીમસુરીયાની ઉપસ્થિતિમાં સફાઈ કામદારોના 15 મુદ્દાઓને લઈ સમાધાન કરવામાં આવ્યું પરંતુ બાકી રહેલ બોનસ અને પગારની ચૂકવણી નહીં થતાં અંતે સફાઈ કામદારોએ દ્વારા 26 ઓક્ટોબરના રોજ શહેરમાં સફાઈ કામગીરી બંધ કરી આંદોલન પર ઉતરીને નગરપાલિકા સામે રોસ વ્યક્ત કરેલ.

### રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં સીટ વહેંચણીથી નારાજ થયા! બેઠક અધવચ્ચે છોડી ગયાનો સૂત્રોનો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 26

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણી મુદ્દે નારાજ હોવાની ચર્ચા છંછેડાઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક શુક્રવારે દિલ્હી પાર્ટી હેડક્વાર્ટરમાં મળી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર,રાહુલ ગાંધી બેઠકમાંથી અધવચ્ચે જ નીકળી ગયા હતા. મહાવિકાસ અઘાડી (MVA) સહયોગી શિવસેના (ઉદ્ધવ જૂથ)ને કોંગ્રેસ પાર્ટીની પકડ હેઠળની સીટો ફાળવી દેવાથી તે નારાજ હોવાની ચર્ચા છે. આ ઉપરાંત, તે એવા ઉમેદવારોના નામથી પણ નારાજ હતા જે સ્ક્રીનીંગ કમિટીએ સીઈસીને આપ્યા હતા. તેમણે કહ્યું કે, 'આ નામ રાજ્યના ઘણાં નેતાઓ પ્રત્યે પક્ષપાતની લાગણી પેદા કરે છે.' રાહુલ ગાંધીનું માનવું છે કે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓએ સીટ વહેંચણી પર વાતચીત દરમિયાન તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવી ન હતી. તેમણે નારાજગી વ્યક્ત કરી અને કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક અધવચ્ચે છોડી દીધી. હાઈકમાન્ડે મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાલાસાહેબ થોરાટને MVA સાથી શરદ પવારની NCP અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે વિદર્ભ અને મુંબઈ બેઠકો અંગે વાતચીત કરવાની જવાબદારી સોંપી હતી.

### તહેવારોમાં કંઇ પણ ખાતા પહેલા વિચારજો, અલવરમાં 500KG અખાદ્ય રસગુલ્લા મળ્યા

અલવર : અલવર જિલ્લાના બેહરોરમાં ભેળસેળનો મોટો મામલો સામે આવ્યો છે. મોટી કાર્યવાહી કરતા, ફૂડ વિભાગની ટીમે બોહરા મીઠાઈની દુકાન પર દરોડો પાડ્યો, જ્યાંથી 500 કિલો દૂષિત રસગુલ્લા મળી આવ્યા. ટીમે ભેળસેળયુક્ત રસગુલ્લાનો સ્થળ પર જ નાશ કર્યો હતો અને ઘરેલું ગેસ સિલિન્ડરો જપ્ત કર્યા હતા. આ મીઠાઈ ઘણા સમયથી દિલ્હી અને એનસીઆરના વિવિધ શહેરોમાં સપ્લાય કરવામાં આવી રહી હતી.ખાદ્ય વિભાગના અધિકારી હેમંત યાદવે જણાવ્યું હતું કે દિવાળીના અવસર પર ભેળસેળને રોકવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ જ ક્રમમાં એક બાતમીદારની બાતમી પરથી બહેરોરમાં બોહરા સ્વીટ્સ સ્ટોર પર દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન, વેરહાઉસમાંથી લગભગ 500 કિલો દૂષિત રસગુલ્લા મળી આવ્યા હતા, જેમાંથી દુર્ગંધ આવતી હતી. તપાસ બાદ જેસીબીની મદદથી રસગુલ્લાને જમીન નીચે દાટી દેવામાં આવ્યા હતા અને સ્થળ પરથી લગભગ એક ડઝન ઘરેલું ગેસ સિલિન્ડર પણ જપ્ત કરવામાં આવ્યા હતા.તપાસમાં એ પણ જાણવા મળ્યું કે રસગુલ્લા અને અન્ય મીઠાઈઓ બહેરોરથી દિલ્હી, ગુરુગ્રામ અને આસપાસના વિસ્તારોમાં લાંબા સમયથી સપ્લાય કરવામાં આવી રહી હતી. હાલમાં ફૂડ ડિપાર્ટમેન્ટે રસગુલ્લાના સેમ્પલ ટેસ્ટિંગ માટે લેબમાં મોકલ્યા છે અને લોજિસ્ટિક્સ ડિપાર્ટમેન્ટને ઘરેલુ ગેસ સિલિન્ડરની માહિતી આપવામાં આવી છે.

### ભરતભાઈ સુતરીયાને ભારત સરકારમાં આવાસ અને શહેરી વિકાસ મંત્રાલયની કમિટીમાં સભ્ય તરીકે નિમણુંક થતા ધારાસભ્ય જે.વી. કાકડીયાએ અભિનંદન પાઠવ્યા



અશોક મણવર અમરેલી

અમરેલી લોકસભાના કાર્યશીલ સાંસદ ભરતભાઈ સુતરીયાને ભારત સરકારની આવાસ અને શહેરી વિકાસ મંત્રાલયની કમિટીમાં સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવેલ છે ત્યારે ધારી બગસરા ખાંભા વિધાનસભાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા.

---

**મૃતકે પરિવારજનો અનેસ બંગાળી સમાજે તેના મૃતદેહને સ્વીકરવાનો ઈનકાર કરી દીધો**

# છત્તીસગઢમાં મહિલા ASP ને ઘેરી વળ્યું લોકોનું ઉગ્ર ટોળું, લાઠી છીનવી લઈને ચંપલ વડે માર્યા

(એજન્સી) બલરામપુર | તા 26

છત્તીસગઢના બલરામપુરમાં ઉગ્ર ભીડે એડિશનલ એસપી નિમિષા પાંડે સાથે મારપીટ કરી હતી. મહિલાઓએ તેને ચંપલથી મારી અને તેની લાઠી પણ છીનવી લીધી. અંતમાં મહિલા એએસપીએ ભાગીને પોતાનો જીવ બચાવવો પડ્યો. રાજ્યમાં ખરાબ કાયદો અને વ્યવસ્થા તેમજ પોલીસની બેદરકારીથી નારાજ ભીડને સમજાવવા માટે મહિલા એસપી પહોંચી હતી, પરંતુ તેની વાત સાંભળવાની બદલે મહિલાઓએ તેના પર હુમલો કરી દીધો. એવામાં તેને જીવ બચાવવા માટે ત્યાંથી ભાગવું પડ્યું હતું.

બલરામપુરમાં પોલીસ કસ્ટડીમાં યુવકનું મોત થઈ ગયું હતું. ત્યારબાદ ત્યાં જોરદાર બબાલ થઈ ગઈ. યુવકનો મૃતદેહ લઈને પોલીસ તેમના ગામડે પહોંચી હતી. આ દરમિયાન ગામડાના લોકો રોષે ભરાયા હતાં. ભીડે પોલીસકર્મી પર પથ્થરમારો કરી દીધો. જોકે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, ભીડમાં જોવા મળતાં લોકો બીજા રાજ્યથી આવીને છત્તીસગઢમાં વસ્યા છે અને હવે આ જ લોકો અહીંનો માહોલ



ખરાબ કરી રહ્યાં છે.ઉગ્ર ભીડને કાબૂ કરવા પહોંચેલી એએસપી નિમિષા પાંડે પર પણ મહિલાઓએ હુમલો કરી દીધો હતો. આ દરમિયાન એક મહિલા તેને ચંપલથી મારતી જોવા મળી રહી છે, બીજી મહિલાએ તેના હાથમાંથી લાઠી છીનવી લીધી. મૃતકે પરિવારજનો અનેસ બંગાળી સમાજે તેના મૃતદેહને સ્વીકરવાનો ઈનકાર કરી દીધો. ત્યારબાદ પોલીસ ખુદ મૃતદેહને લઈને ગૃહગામ સંતોષી નગર પહોંચી હતી.

આ પહેલાં ગુરૂવારે (24 સપ્ટેમ્બર) પણ બલરામપુર પોલીસ સ્ટેશનમાં લોકોએ ભીડ પર હુમલો કરી દીધો હતો. મોડી રાત્રે હંગામા બાદ એસપી કાર્યલયની સામે હાઈવે પર દેખાવ કરી રહેલાં લોકોની ભીડે પોલીસને હટાવ્યા. એસપી બુલરામપુર પોલીસ સ્ટેશનના પ્રભારી અને આરક્ષકને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. મૃતક ગુરૂચરણ મંડલના પિતા શાંતિ રામે પોલીસ સ્ટેશનથી બહાર નીકળીને કહ્યું કે, પોલીસે તેમના દીકરાને મારીને લટાકાવ્યો હતો, ટીઆઈ અને એસપી ત્રણ દિવસથી ગુરૂચરણને માર મારી રહ્યા હતાં.

---

# કંઈ બચતું જ થતી નથી..' રાહુલ ગાંધીને પોતાની દુકાને જોઈ વાળંદનું છલકાયું દર્દ

■ રાહુલ ગાંધી કુલી, મોચી અને વાળંદ સહિતના સ્થાનિક મજૂરો સાથેની થયેલી પોતાની વાતચીત શેર કરતા રહે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 26

લોકસભામાં વિપક્ષના નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ દિલ્હીમાં એક સ્થાનિક વાળંદની દુકાનની મુલાકાત લીધી અને તેમની દુર્દશા સાંભળી. કોંગ્રેસ નેતાએ વાળંદ સાથેની તેમની વાતચીતનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. વીડિયોમાં રાહુલ ખુરશી પર બેઠેલો જોવા મળી રહ્યો છે, જ્યારે અજીત નામનો વાળંદ તેની દાઢી બનાવી રહ્યો છે. અજીતે રાહુલ ગાંધીને જણાવ્યું કે, આખો દિવસ કામ કરવા છતાં દિવસના અંતે કંઈ પૈસા બચતા નથી.



**રાહુલ ગાંધી વારંવાર સ્થાનિક મજૂરો સાથેની વાતચીત શેર કરે છે**

રાહુલ ગાંધીએ વારંવાર સોશિયલ મીડિયા પર કુલી, મોચી અને વાળંદ સહિતના સ્થાનિક મજૂરો સાથેની થયેલી પોતાની વાતચીત શેર કરતા રહે છે. આ વર્ષની શરૂઆતમાં, લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન, તેઓ ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં એક વાળંદની દુકાનમાં ગયા હતા અને તેના વાળ કપાવીને અને દાઢી ટ્રીમ કરાવી હતી. તેનો પણ એક વીડિયો શેર કર્યો હતો. તેમજ બાદમાં તે વાળંદને તેની દુકાન માટે ઘણો સામાન પણ મોકલ્યો હતો.

**રાહુલ ગાંધીએ શેર કર્યો વીડિયો**

» સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો શેર કરતી વખતે રાહુલ ગાંધીએ લખ્યું કે, 'કંઈ બચતું નથી!'
» અજીતભાઈના આ ચાર શબ્દો અને તેમના આંસુ આજે ભારતના દરેક કામદાર અને ગરીબ લોકોની વાત કહી રહ્યા છે.
» વાળંદથી લઈને મોચી, કુંભારથી લઈને સુથાર... બધાની આવક અને વધતી જતી મોંઘવારીએ કામદારો પાસેથી તેમની દુકાન, તેમના ઘર અને તેમના સ્વાભિમાન સુધીની બધી જ અપેક્ષાઓ છીનવી લીધી છે.
» આવક અને બચતમાં વધારો કરે અને એક એવો સમાજ જ્યાં પ્રતિભાને હક મળે અને સખત મહેનતનું દરેક પગલું તમને પ્રગતિની સીડીઓ ચઢાવે એવા આધુનિક પગલાં અને નવી યોજનાઓની વર્તમાન સમયમાં જરૂર છે.

---

## સંખેડા ડી બી પારેખ સાર્વજનિક હાઇસ્કુલમાં ફરજ બજાવ સુપરવાઇઝર શ્રી એન.વી ડામોર સાહેબ નો વિદાય સમારંભ યોજાયો



કમલેશ પટેલ : સંખેડા

સંખેડા તાલુકાની ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલમાઁ ડી જે ના તાલ સાથે ભવ્યાતિભવ્ય વિદાય સમારાંભ યોજાયો આજ રોજ વય મર્યાદાને કારણે નિવૃત થતા સુપરવાઈઝરશ્રી એન વી ડામોર સાહેબ જેમને 32 વર્ષ સુધી તથા ઉ માધ્યમિક વિભાગના શ્રી કે કે પટેલ સાહેબ જેમને 22 વર્ષ સુધી સંસ્થામાં નિષ્ઠા પ્રામાણિકતા સાથે શાળામાં શિક્ષણની ઈંટ સમાન બની શિક્ષણ મંદિરમા ઉજાસ ફેલાવી માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના સહભાગી બન્યા તેમનો વિદાય સમારંભ. વિધાર્થી ઓએ ડી જે ના તાલે ઉમંગ અને ઉત્સાહ સાથે આતીશબાજી કરી આન બાન અને શાન સાથે ઉજવણી કરી યાદગાર બનાવ્યો વસમી વિદાય સમારંભમા સંસ્થાના પ્રમુખશ્રી પરિમલભાઈ શાહ ઉપ પ્રમુખશ્રી કનુભાઈ દરુ તેમજ સંખેડા ગ્રામ પંચાયતના ઉત્સાહી સરપંચશ્રી નીતિનભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહી કંકુ ચોખા તિલક કરી શાલ ઓઢાડી શ્રીફળ અને સન્માનપત્ર આપી સન્માન કર્યું હતું.

---

## વઢવાણાનો આક્રમક અને ઈજાગ્રસ્ત આખલો અંતે બહાદરપુર અનીમલ રેસ્ક્યુ ટીમ દ્વારા રેસ્ક્યુ કરાયો



કમલેશ પટેલ : સંખેડા

વઢવાણા ગામ માં એક આખલો છેલ્લા એક મહિનાથી ગ્રામજનોને ખૂબ જ ઈજા પહોંચાડતો હતો વારંવાર, બીજા પ્રાણીઓને પણ નુકસાન કરતો હતો. આ બાબતની જાણ ગામના આગેવાન શ્રી રણવીરભાઈ એ બહાદરપુર ની એનિમલ રેસ્ક્યુ ટીમ ના પ્રમુખ શ્રી સચિનભાઈ પંડીત ને ટેલીફોનિક જાણ કરતા એમના વોલિએન્ટર ક્રિષ્નકાંતભાઈ, જયરાજ ભાઈ, રાજુભાઈ, મયુરભાઈ તથા વિશાલભાઈ અને પૂરી ટીમ સ્થળ પર આવીને ગામની સીમમાં આખલાને ઘેરીને વ્યવસ્થીત બાંધીને અને આખલો જાતે પોતે પણ ઈજાગ્રસ્ત હોવાથી સારવાર કરવામાં આવી અને રેસ્ક્યું કરવામાં આવ્યો. આ કાર્ય બદલ ગ્રામજનોએ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો અને સમગ્ર ટીમ ને અભિનંદન પાઠવ્યા. સચિન પંડિત ના જણાવ્યા અનુસાર આ આખલાને કોઈ વ્યક્તિ દ્વારા ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી તે બદલ એનો સ્વભાવ આક્રમક બન્યો હતો. થોડા દિવસ એક જગ્યા પર બાંધીને ઘાસચારાની વ્યવસ્થા અને એને સારવાર સારી મળશે, તો એ શાંત સ્વભાવ નો થઈ જશે અને નુકસાન નહીં થાય એવી માહિતી ગ્રામજનોને આપી હતી.

## મોદી સરકારના મંત્રી અને વિપક્ષના સાંસદ વચ્ચે 'બોલાચાલી', ફરી એકવાર ધૂણ્યો ભાષા વિવાદ

(એજન્સી) નવી દિલ્હી | તા 26

તમિળ અને હિન્દીને ભાષાને લઈને મતભેદ અવાર-નવાર સામે આવતો રહે છે. ત્યારે તમિલનાડુમાંથી ફરી ભાષાને લઈને નવો વિવાદ ઉભો થયો છે. ડીએમકે નેતા અને રાજ્યસભા સાંસદ એમએમ અબ્દુલ્લાએ શુક્રવારે (25 ઓક્ટોબર) કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટૂના હિન્દીમાં લખેલાં પત્રનો તમિળમાં જવાબ આપતા કહ્યું કે, મને પત્રનો એકપણ શબ્દ સમજ નથી પડી. જણાવી દઈએ કે કેન્દ્રીય મંત્રીનો પત્ર ટ્રેનમાં ભોજનની ગુણવત્તા અને સફાઈ સંબંધિત ઉઠાવવામાં આવેલાં પ્રશ્ન સંબંધિત લખવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર બંને પત્રોનો એક ફોટો શેર કરતાં અબ્દુલ્લાએ કહ્યું કે, કેન્દ્રીય રાજ્ય મંત્રીના કાર્યાલયમાં તૈનાત અધિકારીઓને ઘણીવાર યાદ અપાવ્યું છે કે, હું હિન્દી નથી સમજી શકતો. તેમ છતાં તેઓ હજું પણ એ જ ભાષામાં પત્ર લખીને મોકલે છે.

ડીએમકે સાંસદ દ્વારા એક્સ પર પોસ્ટમાં લખ્યું કે, 'રેલ રાજ્ય મંત્રીના કાર્યાલયથી આવનાર તમામ પત્ર હંમેશા હિન્દીમાં હોય છે

## ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડની દહેજ ફેસિલિટીમાં વિસ્ફોટ, તાત્કાલિક જવાબદારીની માંગ

(એજન્સી) અમદાવાદ | તા 26

બેરિક એસિડ અને વિસ્ફોટક-ગ્રેડ વેરિઅન્ટ્સ સહિતના રસાયણોના પ્રસિદ્ધ મેન્યુફેક્ચરર ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડની દહેજ ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ થયો. આ ઘટનાથી વાતાવરણમાં ઘેરો, ઝેરી ધુમાડો નીકળ્યો, જે ઝડપથી જીઆઈડીસી વિસ્તારમાં ફેલાઈ ગયો અને પરિણામે અરાજકતા સર્જાઈ કારણ કે આગને કાબૂમાં લેવા માટે ઈમરજન્સી સેવાઓને એકત્ર કરવામાં આવી હતી. આ ચિંતાજનક ઘટનાએ સ્થાનિક રહેવાસીઓને ગંભીર જોખમમાં મૂક્યા છે અને આરોગ્ય અને સલામતી નિયમો પ્રત્યે કંપનીની સ્પષ્ટ અવગણના તેમજ નબળા ઉત્પાદન ગુણવત્તાના ધોરણો અંગે ચિંતાઓ ઊભી કરી છે. આ વિસ્ફોટની ગંભીરતાને વધારે પડતી દર્શાવી શકાતી નથી, ખાસ કરીને તેની GIDC દહેજ સુવિધામાં ઉત્પાદિત રસાયણોની શ્રેણીને ધ્યાનમાં રાખીને. નિષ્ણાતો પુષ્ટિ કરે છે કે આ કંપની દ્વારા ઉત્પાદિત બોરિક એસિડ-ખાસ કરીને તેનો વિસ્ફોટક ગ્રેડ-વિસ્ફોટકોના મુખ્ય નિયંત્રકના કડક નિયમો હેઠળ આવે છે. 2019 માં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) 'બોરિક એસિડ માટેના ધોરણો' ઓર્ડરના અમલને પગલે, 16 મે, 2019 થી ઉત્પાદિત તમામ બોરિક એસિડ, ભારતીય ધોરણ 10116: 2015 માં નિર્ધારિત સ્પષ્ટીકરણોનું પાલન કરવું આવશ્યક છે. વધુમાં, ઉત્પાદકો BIS તરફથી માન્ય લાઇસન્સ ધરાવવા માટે બંધાયેલા છે. 'ભારતમાં રાસાયણિક કારખાનાઓમાં ઉદ્યોગ અકસ્માતો નિયમિત રીતે થઈ રહ્યા છે. માત્ર દંડ લાદવું જ એકમાત્ર રોકથામનું સાધન ન હોવું જોઈએ,' એવું નિવિત કુમાર યાદવ, સીએસઈના સિનિયર પ્રોગ્રામ મેનેજર, ડાઉન ટુ અર્થ સાથેની વાતચીતમાં જણાવ્યું. 'સંબંધિત તમામ જવાબદાર વ્યક્તિઓના નામે એફઆઈઆર નોંધવી જરૂરી છે. દહેજના રાસાયણિક કારખાનાઓમાં વારંવાર થતા વિસ્ફોટો સ્પષ્ટ રીતે બેદરકારીનો કેસ છે. જીવનહાનિ માટે લોકોને જવાબદાર બનાવવાનો સમય આવી ગયો છે. યોગ્ય સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીઝર (SoP) ઘડીને, અમલમાં મૂકી અને યોગ્ય સત્તાધિકારીઓ દ્વારા ચકાસી ન લેવાય ત્યાં સુધી પ્લાંટ્સ બંધ રાખવા જોઈએ,' યાદવે જણાવ્યું. ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ અન્ય રસાયણોનું પણ ઉત્પાદન કરે છે, જેમ કે પોટેશિયમ પરમેંગેનેટ-કોકેઈન સંશ્લેષણમાં જાણીતું પુરોગામી, જે 1985 ના નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ નિયંત્રિત પદાર્થ છે અને નાર્કોટિક્સ કમિશનર, ગ્વાલિયર દ્વારા નિયંત્રિત છે - અને કેલ્શિયમ હાઈપોક્લોરાઈટ, બંને તેમના પર્યાવરણીય જોખમો માટે માન્ય છે. આંતરિક અહેવાલો ફેસિલિટીમાં આરોગ્ય અને સલામતી પ્રોટોકોલ્સ પ્રત્યે ઉપેક્ષાના એક મુશ્કેલીજનક વલણને દર્શાવે છે. એક અનામી કર્મચારીએ સૂચવ્યું છે કે ઝેરી ક્લોરિન ગેસનું ઉત્સર્જન કેલ્શિયમ હાઈપોક્લોરાઈટ ઉત્પાદન વિસ્તારમાં કામદારો માટે ગંભીર આરોગ્ય જોખમોનું પ્રતિનિધિત્વ કરે છે. તદુપરાંત, દહેજ ફેક્ટરી સ્થાપિત પર્યાવરણીય કાયદાઓની સ્પષ્ટ અવગણના કરીને, રંગીન ધુમાડો ઉત્સર્જિત કરીને અને તેના પરિસરમાં જોખમી પાણીનો નિકાલ કરીને પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે છે. અંદરના લોકો વિશ્વાસપૂર્વક દાવો કરે છે કે ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ સતત નિયમનકારી આવશ્યકતાઓનો ભંગ કરી રહી છે, સબસ્ટાન્ડર્ડ બોરિક એસિડ સહિત નીચી ગુણવત્તાવાળા ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. 23 જાન્યુઆરી, 2023 ના રોજનો એક ખુલાસો પત્ર, પુષ્ટિ કરે છે કે પેઢી દાવો કરેલ ન્યૂનતમ 99% ના બદલે માત્ર 94-96% ની શુદ્ધતા સાથે હલકી ગુણવત્તાવાળા પોટેશિયમ પરમેંગેનેટનું માર્કેટિંગ કરી રહી છે.

---

**કોરોના મહામારી દરમિયાન 'યમરાજ'નો વેશ ધારણ કરીને લોકોને લૉકડાઉનના નિયમોનું પાલન કરવા માટે જાગૃત કર્યા હતા**

# લૉકડાઉનમાં 'યમરાજ' બની લોકોને જાગૃત કરનારા હેડ કોન્સ્ટેબલનું નિધન, કરંટ લાગતા ગુમાવ્યો જીવ

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ઈન્દોર ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં તહેનાત અને લૉકડાઉનમાં 'યમરાજ' બની લોકોને જાગૃત કરનારા હેડ કોન્સ્ટેબલ જવાહર સિંહ જાદૌનનું કરંટ લાગવાથી નિધન થઈ ગયુ છે. જવાહર જૂની ઈન્દોર સ્થિત પોલીસ ક્વાર્ટરમાં રહેતા હતા, શુક્રવારે ઘરની સાફ-સફાઈ કરતી વખતે તેમને વીજળીનો કરંટ લાગ્યો હતો. જ્યારે આ ઘટના બની ત્યારે તેઓ ઘરે એકલા જ હતા. તેમનો પરિવાર ઘરની બહાર હતો. પાડોસીઓએ તેમની ચીસો સાંભળી અને તેમના પરિવારજનોને જાણ કરી, ત્યારબાદ તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા છે. મૃતક જવાહર સિંહ જાદૌન ક્રાઈમ બ્રાન્ચમાં હેડ કોન્સ્ટેબલ તરીકે તહેનાત હતા અને આ પહેલા તેઓ એમજી રોડ પોલીસ સ્ટેશનમાં પણ સેવા આપી ચૂક્યા છે. પરિવારમાં પોલીસ વિભાગમાં તેમનો ભત્રીજો વિક્રાંત સિંહ જાદૌન લસુડિયા પોલીસ સ્ટેશનમાં તહેનાત છે. તેમના



કાકા સત્યેન્દ્ર સિંહ જાદૌન એમજી રોડ પોલીસ સ્ટેશનમાં ASIના પદ પર કાર્યરત છે.

જવાહર સિંહ જાદૌનને ઈન્દોરમાં ત્યારે એક અલગ ઓળખ મળી હતી, જ્યારે તેમણે કોરોના મહામારી દરમિયાન 'યમરાજ'નો વેશ ધારણ કરીને લોકોને લૉકડાઉનના નિયમોનું પાલન કરવા માટે જાગૃત કર્યા હતા. તે સમયે તેમની આ અનોખી પહેલ લોકોમાં ચર્ચાનો વિષય બની હતી અને ત્યારે તેઓ એક જવાબદાર અને સંવેદનશીલ પોલીસ કર્મચારી તરીકે જોવા મળ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે શુક્રવારે પોતાના ઘરની સફાઈ કરતી વખતે જવાહર વીજળીના તારની લપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટના સમયે તેઓ ઘરે એકલા જ હતા, જેના કારણે તેને મદદ ન મળી શકી. પાડોશીઓએ તાત્કાલિક તેમના પરિવારજનોને આ ઘટનાની જાણ કરી હતી. જ્યાં સુધી પરિવારજનો હોસ્પિટલ પહોંચે ત્યાં સુધીમાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કરી દીધા હતા. આ ઘટનાથી પોલીસ વિભાગ તેમજ તેના પરિવારજનો અને પરિચિતો ઘેરા શોકમાં છે.આ ઘટના અંગે એડિશનલ ડીસીપી રાજેશ દંડોતિયાએ જણાવ્યું કે, 'જવાહરસિંહ જાદૌન એક ઈમાનદાર અને કર્તવ્યનિષ્ઠ પોલીસકર્મી હતા, તેમણે દરેક પરિસ્થિતિમાં પોતાના કર્તવ્યોનું સંપૂર્ણ નિષ્ઠા સાથે પાલન કર્યું છે. તેમના નિધનથી પોલીસ વિભાગે એક સારા પોલીસકર્મી અને સમાજે એક સંવેદનશીલ વ્યક્તિ ગુમાવી દીધા છે.'

## ઓડિશા, બંગાળનાં કાંઠે ટકરાઈને વાવાઝોડું નબળું પડયું

નવી દિલ્હી :બંગાળનાં અખાતમાં સર્જાયેલું ચક્રવાતી વાવાઝોડું દાના ગુરુવારે રાત્રે 12 કલાકે ઓડિશા તેમજ પશ્ચિમ બંગાળનાં દરિયાકાંઠે ટકરાયું હતું. શુક્રવારે સવારે 9 કલાકની આસપાસ વાવાઝોડું ત્રાટકવાની પ્રોસેસ પૂરી થઈ હતી.વાવાઝોડું ટકરાયું ત્યારે પવનની ગતિ કલાકનાં 120 કિ.મી હતી જે 8.30 કલાક પછી ઘટીને કલાકનાં 10 કિ.મી થઈ ગઈ હતી. વાવાઝોડું દાના નબળું પડયા પછી તોફાની પવનને કારણે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં વરસાદનું જોર રહ્યું હતું. દાનાની 7 રાજ્યોને અસર થઈ હતી. શુક્રવારે ફ્લાઇટ્સ અને ટ્રેનસેવાઓ તબક્કાવાર આંશિક રીતે શરૂ થઈ હતી. પવન અને આંધીને કારણે અનેક સ્થળે વૃક્ષો પડી ગયા હતા અને વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઠેકઠેકાણે કાચા મકાનો તૂટી ગયા હતા. માલમિલકતને ભારે નુકસાન થયું હતું. પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાને કારણે એક વ્યક્તિનું મોત થયું હતું. ઓડિશાનાં ભદ્રક અને કેન્દ્રપાડામાં 2 ઈંચ જેટલો વરસાદ પડયો હતો. ચક્રવાતને કારણે ઓડિશા અને બંગાળમાંથી 12 લાખ લોકોનું સ્થળાંતર કરાયું હતું તેમને રિલીફ કેમ્પમાં ખસેડવામાં આવ્યા હતા. વાવાઝોડાની અસરને કારણે ઓડિશા અને બંગાળનાં અનેક વિસ્તારોમાં હજી ભારેથી હળવો વરસાદ પડી રહ્યો છે.

# રાજકોટની 10 જાણીતી હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## ક્રિકેટરો જ્યાં રોકાય છે એ ઇમ્પીરિયલ પેલેસ, સયાજી હોટલ સહિતને ઇ-મેલ મળ્યો, ચેકિંગ હાથ ધરાયું

(એજન્સી) રાજકોટ । તા.26

દેશમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જર ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીઓ મળવાનો સિલસિલો યથાવત છે, ત્યાં જ હવે હોટલોને ઉડાવવાની ધમકી મળવાનું શરૂ થયું છે. રાજકોટની 5 સ્ટાર હોટલો સહિત 10 હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ મળ્યો છે. શહેરની ઈમ્પીરિયલ પેલેસ, સયાજી હોટલ, સિઝન્સ હોટલ, હોટલ ગ્રાન્ડ રેજન્સી સહિતની હોટલને એકસાથે ધમકી ભર્યો મેલ આવ્યો છે. ક્રિકેટરો જ્યાં રોકાય છે એ હોટલનો પણ આ ધમકીમાં સમાવેશ છે. દિવાળી તહેવાર વચ્ચે આ પ્રકારની ધમકીનો ઈ-મેલ આવતાં પોલીસ પણ દોડતી થઈ છે. જે 10 હોટલને ધમકી મળી એ સિવાયની હોટલમાં પણ પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તકેદારીના ભાગરૂપે પોલીસનું રાજકોટની તમામ મોટી હોટલમાં હાલમાં ચેકિંગ ચાલી રહ્યું છે.

### ધમકીભર્યા ઇ-મેલમાં લખાયેલું લખાણ...

**મેં તમારી હોટલના દરેક સ્થળે બોમ્બ મુક્યા છે, બોમ્બ થોડા કલાકોમાં ફૂટશે. આજે અનેક નિર્દોષના જીવ જશે, જલ્દી કરો અને હોટલ ખાલી કરો**

**તમામ હોટેલોને બપોરે 12.45 કલાકે મેઈલ કરાયો**



### હોટલ કાર્યરત કરવા કહી દેવાયું છેઃ સંચાલક

ભાભા હોટલના સંચાલક દુષ્યંત મહેતાએ જણાવ્યું કે, અમારા ભાભાના ઈ-મેલ આઈડી પર 12.45એ બોમ્બ ઈન ધ હોટલ અવો મેલ મળ્યો હતો. મેલ મળતાની સાથે જ અમે તુરંત પોલીસ ડિપાર્ટમેન્ટને જાણ કરી હતી. જેથી પોલીસની ટીમો તુરંત સ્થળો પહોંચી હતી અને ચેકિંગ ચાલું કર્યું હતું. આખી હોટલમાં તપાસ કર્યા પછી સાહેબે એવું કીધું કે, તમે પાછા કાર્યરત થઈ જાવ. અમે કાર્યવાહી પૂર્ણ કરેલી છે.

### ઇ-મેલ કેન દિન નામના સેન્ડરે મોકલ્યો

હોટલોને 12:45 કલાકે મળેલો ઈ-મેલ કેન દિન નામના સેન્ડરે મોકલ્યો છે. જેમાં લખ્યું છે કે, આઈ પ્લેસ્ડ બોમ્બ્સ ઈન એવરી લોકેશન ઓફ યોર હોટલ. ધ બોમ્બ્સ વિલ ગો ઓફ ઈન અ ફયુ અવર્સ, મેની ઈનોન્ટ લાઈવ્સ વિલ બી લોસ્ટ ટુડે, હરીઅપ એન્ડ ઈવેક્યુએટ ધ હોટલ...... મેં તમારી હોટેલના દરેક સ્થળે બોમ્બ મુક્યા છે, બોમ્બ થોડા કલાકોમાં ફૂટશે. આજે અનેક નિર્દોષના જીવ જશે, જલ્દી કરો અને હોટલ ખાલી કરો. એસઓજી, ક્રાઈમ બ્રાંચ, એલસીબી, પીસીબી, બોમ્બ સ્ક્વોડ, જે તે પોલીસ સ્ટેશનની ટીમો દ્વારા ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. જોકે, હજુ સુધી એકપણ હોટલમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

### અમને ક્રાઈમ બ્રાન્ચની સૂચના મળી હતીઃ PI

આ મામલે એ ડિવિઝનના PI આર. જી. બારોટે જણાવ્યું હતું કે અમને ક્રાઈમ બ્રાન્ચમાંથી સૂચના મળી હતી કે આ પ્રકારનો ઈ-મેલ મળ્યો છે, જેથી અમારા એ ડિવિઝન વિસ્તારની ભાભા હોટલ, જ્યોતિ હોટલ અને ઈમ્પીરિયલ હોટલ, આ ત્રણેય હોટલમાં બોમ્બ મૂકવાની અફવા બાબતનો મેસેજ આવ્યો હતો.



# ગુજરાત ATSનું મોટું ઓપરેશન

## દેશની ગુપ્ત માહિતી લીક કરનારને પોરબંદરથી દબોચ્યો

(એજન્સી) અમદાવાદ । તા.26

ગુજરાત ATS ની ટીમે એક મોટું ઓપરેશન પાર પાડી દેશની ગુપ્ત માહિતી પાકિસ્તાન સાથે પહોંચાડનાર એક શખસને પોરબંદરમાંથી ઝડપી લીધો છે. તે છેલ્લા કેટલાક મહિનાઓથી એક મહિલાના સંપર્કમાં હતો અને વોટ્સએપ તેમજ અન્ય સોશિયલ મીડિયાના માધ્યમથી તેના સુધી માહિતી પહોંચાડતો હતો.

મળતી માહિતી મુજબ, ATS PSI આર.આર.ગરચરનાઓને ગુપ્ત બાતમી મળેલ કે, પંકજ દિનેશભાઈ કોટીયા રહે. કે.કે.નગર, લાલાભાઈ ઘંટીવાળાની બાજુની શેરીમાં બોખીરા, પોરબંદર છેલ્લા કેટલાક સમયથી કોઈ પાકિસ્તાની આર્મી કે જાસુસી સંસ્થા ISIના કોઈ અધિકારી કે એજન્ટ સાથે સાથે સંપર્કમાં છે અને પોરબંદર કોસ્ટગાર્ડ જેટી તથા જેટી ઉપરની ભારતીય કોસ્ટગાર્ડની બોટો અંગેની





સંવેદનશીલ માહિતી પોતાના મોબાઈલ ફોનમાં સોશિયલ મીડીયાના પ્લેટફોર્મથી મોકલી આપેલ છે અને તે માટે આર્થિક લાભ પણ મેળવે છે. આ બાતમી હકીકત બાબતે ATS ગુજરાતના વરીષ્ઠ અધિકારીઓને જાણ કરાતા તેઓની સૂચના મુજબ પંકજ કોટીયાને પૂછપરછ અર્થે અમદાવાદ ખાતે બોલાવવામાં આવેલ હતો. જેની પૂછપરછ દરમ્યાન જાણવા મળેલ કે, તે તમાકુ પેકીંગનું કામકાજ કરે છે તેમજ છેલ્લા એકાદ વર્ષથી કેટલીક વખત પોરબંદર જેટી ઉપર કોસ્ટગાર્ડની શીપ ઉપર વેલ્ડીંગ તથા અન્ય પરચુરણ મજુરી કામ માટે હેલ્પર તરીકે કામ કરવા જાય છે. આજથી આશરે આઠેક માસ પહેલા તે Riya નામ ધરાવતી એક ફેસબુક પ્રોફાઈલ સાથે સંપર્કમાં આવેલ હતો.

Riya પોતે મુંબઈની એક મહિલા હોવાનું અને પાકિસ્તાન નેવી માટે કામ કરતી હોવાનું જણાવી આ Riya ફેસબુક પ્રોફાઈલ ધારકે પંકજ કોટીયા સાથે વોટ્સએપના માધ્યમથી પણ સંપર્ક કરેલ અને પૈસાની લાલચ આપી ઉપરોક્ત ઈસમ પાસેથી પોરબંદર જેટી ઉપર હાજર હોય તેવી શીપના નામ, કોસ્ટગાર્ડના શીપના લોકેશન સહિતની માહિતી માંગેલ હતી. જે મુજબ આ પંકજ કોટીયાનાઓએ છેલ્લા આઠેક માસ દરમ્યાન પોરબંદર જેટી ઉપર હાજર હોય તેવી કોસ્ટગાર્ડની શીપના નામ વગેરે લખી વોટસએપના માધ્યમથી Riyaને મોકલી આપેલ છે.

## અમદાવાદના કાલુપુરમાં ત્રણ માળનું મકાન અચાનક ધરાશાયી



(એજન્સી) અમદાવાદ । તા.26

અમદાવાદના કાલુપુરમાં ત્રણ માળનું મકાન અચાનક ધરાશાયી થયું હોવાની ઘટના સર્જાઈ છે. આ ઘટનામાં કાટમાળમાં 20 લોકો ફસાયા હોવાનું સામે આવ્યું છે. જો કે, ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તમામ લોકોનો જીવ બચાવી લેવામાં આવ્યો છે. મકાન ધરાશાયી થવાથી 20 લોકો ફયાસા મળતી માહિતી પ્રમાણે, કાલુપુરની માતાવાળી પોળમાં આવેલું મકાન ધરાશાયી થવાથી 20 જેટલા લોકો તેમાં ફયાસા હતા. ઘટનાની જાણ ફાયર વિભાગને થતાં ઘટના સ્થળે પહોંચીને કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. કાલુપુરની આ પોળમાં આવેલું મકાન જર્જરિત હાલતમાં હોવાથી અચાનક ધરાશાયી થયું હતું. જો કે, આ ઘટનામાં કોઈજ પ્રકારની જાનહાની થઈ ન હતી.

## 'અધિકારીને મીઠાઈ આપવાની છે': સફાઈ કામદારો પાસેથી મુખ્ય કામદારે ₹1600ની લાંચ લીધી, ACBએ રંગેહાથ ઝડપ્યો

(એજન્સી) અમદાવાદ । તા.26

દિવાળી સમયે કર્મચારીઓને મળ્યા બોનસમાંથી પણ લાંચ લેવાનું લાંચિયા કર્મચારીઓ છોડતા નથી, ત્યારે સફાઈ કામદારો પાસેથી ઉપરી અધિકારીઓને મીઠાઈ આપવાની છે કહીને મુખ્ય સફાઈ કામદાર ઉઘરાણી કરતો હતો.આ અંગે સફાઈ કામદારે ACBમાં ફરિયાદ કરતા ACBએ છટકું ગોઠવી મુખ્ય સફાઈ કામદારને 1600 રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો.



કામદારોને AMC બોનસ આપે છે

દર વરસે દિવાળી તહેવાર દરમિયાન સફાઈ કામદારોને AMC દ્વારા બોનસ મળતું હોય છે. AMCમાં મુખ્ય સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતો ભરત કટકીયાએ ખાડીયા વોર્ડ હેલ્થ વિભાગની ઓફિસ ખાતે એક સફાઈ કામદારને કહ્યું હતું કે, મારે બધા સફાઈ કામદારો પાસેથી પૈસા ઉઘરાવી ઉપરી અધિકારીઓને દિવાળીની મીઠાઈ આપવાની હોય છે. જેથી આ વખતે બોનસ જમાં થાય ત્યારે 1600 રૂપિયા આપવા પડશે.

ACBએ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી

સફાઈ કામદારો આ અંગે ACBને ફરિયાદ કરી હતી. ACBએ લાંચ માટેની છટકું ગોઠવ્યું હતું.આ છટકા દરમિયાન જ ભરત કટકિયા 1600 રૂપિયાની લાંચ લેતા કોર્પોરેશન ઓફિસના કમ્પાઉન્ડમાં જ ઝડપાઈ ગયો હતો. ACBએ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. આરોપી ક્યાં ઉપરી અધિકારીઓને મીઠાઈ આપતો હતો, તે મામલે પણ ACBએ તપાસ શરૂ કરી છે.

## રાજ્યમાં આગામી સપ્તાહમાં વાતાવરણ સૂકુ રહેશે

**અમદાવાદ અને ગાંધીનગરમાં દિવસે 37 ડિગ્રીની આસપાસ રહેશે તાપમાન**

(એજન્સી) અમદાવાદ । તા.26

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી એક સપ્તાહ માટે આગાહી કરવામાં આવી છે. જે મુજબ રાજ્યમાં આગામી એક સપ્તાહમાં સૂકું વાતાવરણ રહેશે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી. તેમજ આગામી સમય માટે પણ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી નથી. તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે અમદાવાદમાં છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાન 36.2 ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી નોંધાયું છે. આગામી 4થી 5 દિવસમાં રાજ્યના તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી. કેટલીક જગ્યાએ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે. ગાંધીનગર અને અમદાવાદમાં પણ 37 ડિગ્રીની આસપાસ રહી શકે છે. હવામાન વિભાગે આગામી સમયને લઈને કોઈ વોર્નિંગ જાહેર કરી નથી.

## 'દૃશ્યમ'થી આગળ, 14 વર્ષે ઉકેલાઈ અમદાવાદની મર્ડર મિસ્ટ્રી

### કિચન નીચે ચણી દીધું હોટલ મેનેજરનું માથું, અંડરવેરમાં લાશ મળી ને પોલીસ ગોથે ચડી

(એજન્સી) અમદાવાદ । તા.26

વર્ષ 2015માં અજય દેવગણની 'દશ્યમ' ફિલ્મ રિલીઝ થઈ હતી. જોકે 'દશ્યમ' ફિલ્મને તો 9 વર્ષ જ થયાં છે, પરંતુ આજે અમદાવાદ ઉકેલાયેલી મર્ડર મિસ્ટ્રી 14 વર્ષ પહેલાં બની હતી. શહેરના વેજલપુરની હોટલના મેનેજરની હત્યા કર્યા બાદ તેની લાશને કિચનમાં દાટી સફેદ સિમેન્ટ અને ઈંટોથી ચણી દેવામાં આવી હતી. આમ, આ મર્ડર મિસ્ટ્રી પરથી 'દશ્યમ' બની હોય એવું લાગી રહ્યું છે. હોટલ-મેનેજરની હત્યા કર્યા બાદ હત્યારાએ તેનાં નામ અને ઓળખ પણ બદલી નાખ્યાં હતાં. રાજસ્થાનમાં રહેવા માટે જતો રહ્યો હતો, જ્યા તેણે લગ્ન પણ કરી લીધા હતા.

### આરોપી અને મૃતક એક રૂમમાં રહેતા હતા



અત્યંત ક્રૂરતાપૂર્વ કરાયેલી આ હત્યાની હકીકત એવી છે કે 14 વર્ષ પહેલાં મૂળ મધ્યપ્રદેશના ઉજ્જૈનના વતની એવા 34 વર્ષના શિવનાયારણ ઉર્ફે મનીષ ગુપ્તા ત્રણેક મહિનાથી સેટેલાઈટની પંજરી હોટલમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. હોટલ મેનેજમેન્ટ તરફથી તેમને વેજલપુર શ્રીરામનગરના બી બ્લોકમાં આવેલો 206 નંબરનો ફ્લેટ રહેવા માટે આપ્યો હતો. તેમની સાથે રૂમમાં વેઈટર જિતેન્દ્ર રબારી અને કેશિયર હરિસિંહ પણ રહેતા હતા. 30મી જૂન, 2010ની મોડીરાત્રે 3.30 વાગ્યે હરિસિંહ ફ્લેટ પર પહોંચ્યો, ત્યારે દરવાજો બંધ હતો. તેની પાસે પણ એક ચાવી રહેતી હોવાથી તેણે દરવાજો ખોલ્યો, પરંતુ ફ્લેટમાંથી તીવ્ર દુર્ગંધ આવતી હોવાથી તે ગભરાયો હતો.

## હાથીજણમાં કન્ટ્રકશન સાઈટ ઉપરથી લોખંડના ફર્મા ચોરનારી ટોળકી ઝડપાઇ

(એજન્સી) અમદાવાદ । તા.26

અમદાવાદ જિલ્લાના હાથીજણમાં કન્ટ્રકશન સાઈટ ઉપર સાત દિવસ પહેલા મધરાતે તસ્કરો ત્રાટક્યા હતા અને સ્થળ ઉપરથી સેન્ટીગના કામમાં આવતા લોખંડના રૂા. ૭૩ હજારની કિંમતના કુલ ૧૦૧ ફાર્માની ચોરી કરી હતી. આ બનાવ અંગે વિવેકાનંદનનગર પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે ખેડાના ત્રણ શખ્સોને મુદ્દામાલ સાથે ઝડપી પાડીને વધુ તપાસ હાથ ધરી છે. વિવેકાનંદનગર પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે બોલેરો કાર સહિત ખેડાના ત્રણ શખ્સોને પકડી પાડયા વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, આર.એ.જાદવના જણાવ્યા મુજબ હાથીજણ વિસ્તારમાં સપ્તાહ પહેલા એક કન્ટ્રકશન સાઈટ ઉપર મોડી રાતે તસ્કરો ત્રાટક્યા હતા અને ધાબુ ભરવા માટે વપરાતા લોખંડના સેટીંગના કુલ ૧૦૧ ફર્માની ચોરી કરી હતી. બનાવ અંગે વિવેકાનંદનગર પોલીસે ચોરીનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી અલગ અલગ ટીમો બનાવીને વિસ્તારના સંખ્યા બંધ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા. જેમાં એક બોલેરો કારમાં ફાર્મા લઈને જતા હોવાની માહિતી મળી હતી જેથી પોલીસે કારના નંબર આધારે સર્ચ મારીને કાર ખેડા વિસ્તારમાં ફરતી હોવાની વિગતો પ્રાપ્ત થઇ હતી.

# રાજકોટ અગ્નિકાંડ મુદ્દે અરોરા-પટેલે HCમાં કહ્યું- 'માફ કરી દો'

## મનપાના બન્ને પૂર્વ મ્યુ. કમિશનરે સોગંદનામાં રજૂ કર્યાં; કોર્ટે કહ્યું- યોગ્ય ફોર્મેટમાં અનુક્રમણિકા સાથે રજૂ કરો

(એજન્સી) અમદાવાદ । તા.26

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન આગ્નિકાંડ મામલે થયેલી સુઓમોટો જાહેરહિતની અરજીમાં બે મ્યુનિસિપલ કમિશનરે હાઈકોર્ટની માફી માગી છે. મ્યુનિ. કમિશનરોએ કરેલાં સોગંદનામાંમાં મૃતકોનાં સ્વજનો પ્રત્યે તેમણે દુ:ખ વ્યક્ત કર્યું હતું. તો બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશને ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડનો તમામ રેકોર્ડ કોર્ટમાં રજૂ કર્યો હતો. એ જોતાંની સાથે જ કોર્ટે એને રેકોર્ડ પર લેવા ઈનકાર કરી દીધો હતો. કોર્ટે એવી ટકોર કરી હતી કે રેકોર્ડને યોગ્ય ફોર્મેટમાં અનુક્રમણિકા સાથે રજૂ કરો. હાઈકોર્ટે ડિસેમ્બર મહિનામાં વધુ સુનાવણી મુકરર કરી છે. કોર્ટના કડક વલણ બાદ બન્ને





કમિશનરે કોર્ટની માફી માગી રાજકોટના મ્યુનિ કમિશનર અમિત અરોરા અને આનંદ પટેલે કોર્ટમાં કરેલાં સોંગદનામાંમાં તેમણે મૃતકોનાં સ્વજનો માટે દુ:ખ વ્યક્ત કર્યું હતું. અગાઉની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કમિશનરો સામે નારાજગી વ્યક્ત કરતાં એવી ટકોર કરી હતી કે બન્ને કમિશનરને કોઈ અપરાધભાવ થતો નથી અને તાબાના અધિકારી પર અંકુશ જાળવી શકતા નથી.

### રાજ્યના ફાયર વિભાગોમાં રહેલી ખાલી જગ્યાનો મુદ્દો કોર્ટમાં ઉઠાવાયો

ફાયર વિભાગમાં ખાલી જગ્યાઓ અંગે સરકારી વકીલે જણાવ્યું હતું કે ફાયર વિભાગમાં ભરતીઓ કરાઈ રહી છે. નવાં ફાયર સ્ટેશન બનાવવાની ટાઈમલાઈન અપાઈ છે. જોકે ટાઈમલાઈન મુજબ રાજકોટ ફાયર સ્ટેશન વર્ષ 2026, ભાવનગર ફાયર સ્ટેશન વર્ષ 2028 અને વડોદરા ફાયર સ્ટેશન વર્ષ 2028માં બનશે, જેથી અરજદારે એને જલદી બનાવવા માગ કરી હતી. ઉપરાંત અમદાવાદના મનપા ફાયર વિભાગમાં 208 તો ગાંધીનગર મનપા ફાયર વિભાગમાં 81 જગ્યા ખાલી છે. વધુમાં રાજ્યમાં ખાલી જગ્યાઓ પૈકી ચીફ અને એડિશનલ ફાયર ચીફ ઓફિસરની જગાઓ ખાલી છે.

### ઊંચાં બિલ્ડિંગોને અપાતી મંજૂરીને લઈ કોર્ટે સવાલ કર્યા

કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે અમદાવાદ, સુરત, બરોડા અને રાજકોટ જેવાં મોટાં શહેરોમાંમાં 130 મીટર ઊંચા બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે. અમદાવાદમાં તો 150 મીટર ઊંચા બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે, તો કોઈ દુર્ઘટના બને તો ત્યાં ફાયર વિભાગ કેવી રીતે પહોંચશે? જેથી કોર્ટને જણાવાયું હતું કે ગાંધીનગર ગિફ્ટ સિટીમાં પણ 42 માળનાં બિલ્ડિંગ છે, એ મુજબનાં ફાયર સેફ્ટી ઉપકરણો વસાવવામાં આવશે.

## 20 વર્ષે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યું હાઉસિંગ બોર્ડ

### એક નોટિસથી 450થી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અદ્ધરતાલ

(એજન્સી) અમદાવાદ । તા.26

ગુજરાતમાં તંત્રની બેદરકારીના કારણે અનેકો બાળકોનું ભવિષ્ય જોખમાયું છે. અમદાવાદ શહેરમાં 20 વર્ષ પહેલા જ્યાં શાળા બની ચૂકી છે, ત્યાં હવે એકદમ ઉંઘમાંથી જાગેલા તંત્રને યાદ આવ્યું છે કે, આ જગ્યા તો હાઉસિંગ બોર્ડની છે. 20 વર્ષથી જ્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, તે શાળાને 30 દિવસમાં ખાલી કરવા હાઉસિંગ બોર્ડે નોટિસ ફટકારી છે. નવાઈની વાત તો એ છે કે, હાઉસિંગ બોર્ડને એકાએક આવી એક નહીં પરંતુ ત્રણ શાળાઓ ધ્યાને આવી, જેણે હાઉસિંગ બોર્ડની જમીન પર ગેરકાયદેસર રીતે શાળા બનાવી





છે. હાઉસિંગ બોર્ડે બાપુનગરની આવી ત્રણ શાળાઓને 30 દિવસમાં શાળા ખાલી કરવાની નોટિસ આપી ખાલી કરવાનો આદેશ આપ્યો છે. બિલ્ડીંગ તોડી પાડવાનો અપાયો આદેશ હાઉસિંગ બોર્ડ દ્વારા બાપુનગરમાં પોતાની જગ્યા પર થયેલા ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જેમાં બાપુનગરની ત્રણ શાળાઓ એ. બી. વિદ્યાલય, ખ્યાતિ પ્રિ સ્કૂલ અને ટાઈની ટોયસને હાઉસિંગ બોર્ડે 30 દિવસમાં ખાલી કરવાનો આદેશ આપ્યો છે. તેમજ આ જગ્યાએ બનાવવામાં આવેલી શાળાની બિલ્ડીંગને પણ તોડી પાડવાનો આદેશ અપાયો છે.